




## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના

# આત્મ-સાધનાપ્રેરક પત્રો

૧૯૮૯
વાંકાનેર, આનંદનો દિવસ
ફાગણ વદ દશમીને ગુરુ
વારે બપોરે સામાયિકમાં નિજ
સ્વરૂપ અનુભવ્યું. અનંતકાળ
થયા નહિ સમજાયેલું
સ્વરૂપ સમજાયું. આનંદ સાગર
ઉછળતા રહ્યા હતા. તે સ્વરૂપ
આશ્ચર્યકારી અને અદ્ભુત
છે.
પરમ ઉપકારી પરમ
પ્રતાપી સદ્ગુરુદેવને
નમસ્કાર.



પ્રકાશક
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**

ભગવાનશ્રીકુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા, પુષ્પ – ૨૩૩

ૐ

નમઃ સદ્ગુરુવે ।

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના

# આત્મ-સાધનાપ્રેરક પત્રો

સહજ ચિદાનંદ.

卐

—: પ્રકાશક :—

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

**સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)**

website :www.kanjiswami.org

Email : contact@kanjiswami.org

પ્રથમ આવૃત્તિ પ્રત : ૨૦૦૦ વિ.સં. ૨૦૬૮ ઈ.સ. ૨૦૧૨

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના

આત્મ–સાધનાપ્રેરક પત્રો (ગુજરાતી)ના

**સ્થાયી-પ્રકાશન પુરસ્કર્તા**

બ્ર. કંચનબેન મગનલાલ તથા ચન્દ્રમણિબેન મણિલાલ શાહ, સોનગઢ
હસ્તે વિકાસભાઈ, ડૉ. જયશ્રીબેન, જિણંદ, રીમા, દર્શના
બ્ર. ભારતીબેન તથા જ્યોતિબેન

આ પુસ્તકની પડતર કિંમત રૂા. ૬૨=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૪૦=૦૦ થાય છે તેમાંથી મંજુલાબેન પ્રેમચંદભાઈ શાહ તથા જિતેન્દ્ર વ્રજલાલ શાહ હસ્તે જ્યોત્સનાબેન, નિજેશ, અમિષા, વિભૂતિ તથા મુદિત, ઘાટકોપર તરફથી ૫૦% આર્થિક સહયોગ પ્રાપ્ત થતાં આ પુસ્તકની કિંમત રૂા. ૨૦=૦૦ રાખવામાં આવેલ છે.

**કિંમત રૂા. ૨૦=૦૦**

મુદ્રક :
કહાન મુદ્રણાલય,
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)



વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાન

# પ્રકાશકીય નિવેદન

ભગવાન મહાવીરસ્વામી દ્વારા પ્રવાહિત વીતરાગ શાસનરૂપી નૌકા ધીરે ધીરે યોગ્ય કર્ણધાર વિના વિક્રમની ૨૦મી સદીમાં નિજાત્માનુભવવિહીન શુષ્કજ્ઞાન તથા બાહ્યક્રિયાકાંડના વમળમાં ફસાઈ ગઈ હતી. ભગવાન મહાવીરના પવિત્ર શાસનને વિક્રમની પ્રથમ શતાબ્દીના ભગવાન કુંદકુંદાચાર્ય જેવા યોગ્ય કર્ણધારે સાચી દિશા પ્રદાન કરી હતી. તે શાસનને આ કાળમાં નિજાત્માનુભવી સત્પુરુષ શ્રી કહાનગુરુદેવ જેવા યથાર્થ કર્ણધાર પ્રાપ્ત થતાં ફરીથી યથાર્થ દિશામાં લાવવામાં આવ્યું.

એવા ચૈતન્યવિહારી પરમતારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં અત્યંત દાસત્વભાવે રહેવાવાળાં, પૂર્વભવના અપૂર્વ સંસ્કારોથી સુસંસ્કૃત બહેનશ્રી ચંપાબેને માત્ર ૧૯મા વર્ષમાં તેમના ઉપદેશના પ્રતાપથી નિજાત્માનુભવદશા પ્રાપ્ત કરી લીધી હતી. એવા ધર્માત્મા પૂજ્ય બહેનશ્રીના પત્રાંશો, મુદ્રા તથા સત્ સમાગમ આત્માર્થીની સુષુપ્ત ચેતનાને જાગૃત કરનાર તથા પડતી વૃત્તિને સ્થિર કરનાર હોવાથી આ **'આત્મ-સાધનાપ્રેરક પત્રો'** નામના લઘુકાય પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવે છે.

આ પુસ્તકમાં બહેનશ્રીને અલ્પવયમાં સમ્યક્દર્શન પ્રાપ્તિ પહેલાંના તથા પછીના લખેલા પત્રાંશોનું સંકલન છે. જેમાંથી આપણને આત્મહિતેચ્છુ જીવોનું જીવન અને દષ્ટિકોણ સમજાય અને જાણવા મળે કે તેમણે સમ્યગ્દર્શન થયા પૂર્વે કેવી જિજ્ઞાસા, તડપ, ખટક અને તીખી તમન્ના કેવી હોય તથા તેમનો સમ્યગ્દર્શનના કાળમાં કેવો ઉગ્ર પુરુષાર્થ વર્તે છે તથા સમ્યગ્દર્શનમાં આત્માનુભવદશા કેવી હોય છે વગેરે બાબતો ઉપર જેનાથી પ્રકાશ પડે છે એવો તેમનો પત્ર વ્યવહાર અહીં આપવામાં આવ્યો છે.

આ પુસ્તકમાં આપેલો પૂજ્ય બહેનશ્રીનો જીવન પરિચય સાધના અને વાણી, બહેનશ્રીનાં વચનામૃત પુસ્તકો તથા પ્રાપ્ત હકીકતોના આધારે સંકલિત કરવામાં આવ્યો છે. આ પત્રો પૂર્વે 'બહેનશ્રીની સાધના અને વાણી' પુસ્તકમાં પ્રકાશિત થઈ ગયેલ છે.

આ પુસ્તકમાં બહેનશ્રીની સાધના અને વાણી પુસ્તકમાંથી પત્રો, પ્રશ્નોત્તર, હસ્તાક્ષર તથા કેટલીક નોંધો યથાવતપણે લેવામાં આવેલ છે.

છતાં પણ તેમના પત્રોનું એક અલગ સચિત્ર રંગીન અને લઘુકાય પુસ્તક મળે તો મુમુક્ષુઓને આત્માર્થપ્રેરક થાય તે ધ્યાનમાં રાખી આ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવેલ છે.

આશા છે કે આ પત્ર વ્યવહાર મુમુક્ષુજીવોને પોતાના આત્માર્થ માટે પ્રેરણારૂપ બની રહેશે. આ પુસ્તકના સુંદર પ્રકાશનમાં કહાન મુદ્રણાલયનો પરિશ્રમ પ્રશંસનીય છે.

પૂજ્ય બહેનશ્રીની
૯૯ મી જન્મજયંતી
તા. ૦૩-૮-૨૦૧૨

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ-(સૌરાષ્ટ્ર)**

આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક ‘અચંબો’ છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો જોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલી વાર સાંભળીએ તોપણ કંટાળો ન આવે. પોતે જ એટલા રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઈ રહે છે; રસબસતી વાણી છે.

**પૂજ્ય બહેનશ્રી ચંપાબેન**



પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી



## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

સીમંધરગણધર સંતના તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યા કરુણાંગી.
તુજ જ્ઞાન ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા હાથ ગ્રહો.

# પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જીવન પરિચય

આ ભારતવર્ષની પુણ્યભૂમિમાં અવતાર લઈને જે મહાપુરુષે શાસનનાયક તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા પ્રરૂપિત તથા તદામ્નાયાનુવર્તી ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા સમયસારાદિ પરમાગમોમાં સુસંચિત શુદ્ધાત્મદ્રવ્યપ્રધાન અધ્યાત્મતત્ત્વામૃતનું પોતે પાન કરીને વિક્રમની આ વીસમી—એકવીસમી શતાબ્દીમાં આત્મસાધનાના પાવન પંથનો પુનઃ સમુદ્યોત કર્યો છે, એવા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં અનન્ય ભક્ત તથા તેમનાં પ્રમુખ શિષ્ય પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જન્મ વિ.સં. ૧૯૭૦(ઈ.સ. ૧૯૧૪)ના શ્રાવણ વદી-દ્વિતિયા ને શુક્રવારના શુભ દિને સૌરાષ્ટ્રના વઢવાણ શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ જેઠાલાલભાઈ તથા માતાનું નામ તેજબા હતું. તેમને નાનપણથી જ માતા-પિતાના ધાર્મિક સંસ્કારો પ્રાપ્ત થયા હતા. તેઓ પ્રથમથી જ પ્રકૃતિએ સૌમ્ય, નરમ, સૌજન્યપૂર્ણ, શરમાળ, વૈરાગી, મિતભાષી હતાં; તદુપરાંત તેઓ અત્યંત બુદ્ધિશાળી હોવાથી શાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર રાખતાં.

ૐ સિદ્ધાનંદ

પૂજ્ય બહેનશ્રીની ઉંમર સાડા ત્રણ વર્ષની હતી ત્યારે તેમના માતુશ્રી તેજબાનો સ્વર્ગવાસ થયો, તેથી તેઓ કરાંચીમાં મોટાં બહેન સમરતબહેનને ત્યાં લગભગ દસ-અગિયાર વર્ષ રહ્યાં. શાળાનો અભ્યાસ પણ તેમણે કરાંચીમાં જ કર્યો. તે સમય દરમિયાન તેમના પિતાશ્રી જેઠાલાલભાઈ, મોટાભાઈ વ્રજલાલભાઈ તથા હિંમતભાઈ વઢવાણ રહ્યા.

બહેનશ્રીને બાળપણથી જ સદ્‌ગુણી વ્યક્તિઓ પ્રત્યે પ્રેમ હતો. તેમાંય સતીઓનું તો ખૂબ આકર્ષણ રહેતું. તેઓ સતીઓનાં ચરિત્રો વાંચતાં તથા કેટલીક સતીઓના ચરિત્રો સંબંધી રાસ-ગરબા, શાળાના ચોગાનમાં ગવડાવતાં અને અન્ય બાળાઓ તે ઝીલતી હતી. તેમાં એકવાર 'સતી મંડળ'ની ચોપડી ઈનામમાં મળી હતી. બીજાં પણ નૈતિક, સદાચરણનાં પુસ્તકો તેઓ વાંચતાં, સારા-સારા પુસ્તકો વાંચવાનો તેમને

પહેલેથી જ પ્રેમ હતો. તેમણે ધાર્મિક અભ્યાસ ઘરે બેઠાં-બેઠાં વાંચીને અથવા કોઈ બહેન સાથે સામાયિક—પ્રતિક્રમણ વગેરે કરતાં તે દરમ્યાન કર્યો હતો. કોઈકવાર બહારથી આવેલા કોઈ વિદ્વાનો વ્યાખ્યાન વાંચતા તે ઉપદેશ પણ સાંભળવા જતાં, તથા ઘેર બપોરે સામાયિક અને રાત્રે પ્રતિક્રમણ કરતાં હતાં. તેઓએ સામાયિક અને પ્રતિક્રમણના પાઠ કંઠસ્થ કર્યા હતા. તદુપરાંત નવ તત્ત્વ, છ-કાયના બોલ, દંડક, ગતિ-આગતિ, ગુણસ્થાન એ બધું યથાશક્તિ વિચારપૂર્વક મુખપાઠ કરેલું. ત્યાં કરાંચીમાં તેમને પંડિત 'લાલન'નું એક પુસ્તક મળ્યું હતું. તેમાં એવું આવતું હતું કે 'આંખ બંધ કરો, કાન બંધ કરો, અંદર જે વિચારક તત્ત્વ છે તે આત્મા છે' આ વાત તેમને ગમતી હતી. આ રીતે આત્મા સમજવાની ધાર્મિક જિજ્ઞાસા તેમને પહેલેથી જ હતી.

નાની વયથી જ તેમને અંતરમાં એમ થતું કે 'આવો મનુષ્યભવ તો કોઈક વાર જ મળે છે, આ મોંઘા મનુષ્યભવનો ઉપયોગ તો મોક્ષ પ્રાપ્ત કરવા માટે જ કરી લેવો જોઈએ.'

ત્યારપછી લગભગ ચૌદમા વર્ષે તેમને વઢવાણ આવવાનું થયું. ત્યારબાદ ઘણો સમય તેઓ ત્યાં જ રહ્યાં, ક્યારેક મોટાભાઈ વજુભાઈના ઘરે વાંકાનેર પણ જતાં હતાં. તેમનું ચિત્ત વૈરાગ્યથી ભિંજાયેલું તો હતું જ તેમાં તેમની ધર્મભાવનાને પોષણ તેમ જ દિશા મળે તેવો અગત્યનો લાભ પ્રાપ્ત થયો. વિ.સં. ૧૯૮૫(ઈ.સ. ૧૯૨૯)માં પ્રથમવાર તેમને સૌરાષ્ટ્રના લોકપ્રસિદ્ધ આત્માનુભવી સંત પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના દર્શનનો તથા વ્યાખ્યાન સાંભળવાનો ઉત્તમ લાભ પ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવ પાસેથી આત્મહિતપોષક તત્ત્વની ઘણી વાતો સાંભળવા મળી. તેઓશ્રી દ્વારા મોક્ષમાર્ગનું જે યથાર્થ નિરૂપણ, તત્ત્વજ્ઞાનની ઝીણી વાતો, સમ્યગ્દર્શનનું મહાત્મ્ય, આત્માનો સ્વભાવ, કર્મ અને આત્માનું સ્વતંત્ર પરિણમન વગેરે જિનાભિહિત તત્ત્વોનું નિરૂપણ થતું, તે વિષે તેઓ પોતાના વડીલબંધુ શ્રી હિંમતભાઈ જોડે રસપૂર્વક ચર્ચા કરતાં હતાં. શ્રી હિંમતભાઈ તત્ત્વની, વૈરાગ્યની કે સત્પુરુષ પ્રત્યે ભક્તિની જે જે વાતો કરતા, તે તેમને ખૂબ ગમતી હતી. પહેલાં તો તે વાતો તેમને (બહેનશ્રીને) અઘરી લાગતી અને

મનમાં થતું કે આ બધું કઈ રીતે સમજાય? પણ પછી તો તેમણે ઝડપથી પકડી લીધું અને ગુરુદેવશ્રી પ્રરૂપિત તત્ત્વજ્ઞાન અંદરમાં પોતાના ભાવથી પોતે સમજી લીધું.

શ્રીમદ્ રાજચંદ્ર પુસ્તક બહેનશ્રી એકલાં વાંચતાં, તથા વડીલ બંધુ હિંમતભાઈ સાથે બેસીને પણ વાંચતાં તથા તેમાં પ્રરૂપેલા ધર્મબોધ વિષે ચર્ચા પણ કરતાં. તેમાં જે વિચારો કહ્યા હોય તે વિચારતાં. 'કર્મ અને આત્માનો સંયોગ' નામનું પુસ્તક જે 'મોક્ષમાર્ગપ્રકાશક' નામના દિગંબર જૈન ગ્રંથના બીજા અધિકારનું લગભગ ભાષાંતર જ હતું તે તેમને વાંચવા મળ્યું. તેમાં બહુ તર્કસંગત ને સુંદર રીતે જે સિદ્ધાંતો સમજાવ્યા છે તે સ્વાભાવિક જ તે બંને ભાઈ-બહેનને ગમતા હતા. કર્મનું કાર્ય શું? આઠ કર્મનું પ્રયોજન શું? આત્મા અને કર્મ બંને સ્વતંત્ર છે. માત્ર તેમને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આવી ઘણી વાતો તેમાં પ્રતીતિકર ઢંગથી સમજાવી છે. વળી તેમાં એ પણ સ્પષ્ટ રીતે સમજાવ્યું છે કે બંધના પ્રકારમાં જે પ્રકૃતિબંધ ને પ્રદેશબંધ છે તે ગૌણબંધ છે અને તેનું કારણ યોગ છે તથા જે સ્થિતિબંધ અને અનુભાગબંધ છે તે મુખ્યબંધ છે અને તેનું કારણ કષાય છે. આનો અર્થ એ થયો કે બંધ થવામાં કાયાદિની ચપળતા મહત્ત્વની નથી, પણ કષાય પરિણામ મહત્ત્વના છે. આ વાત ખૂબ ન્યાયસંગત હોવાથી તેમને બહુપ્રિય હતી. આ રીતે તે પુસ્તક વિષેની ઘણી ઘણી વાતો બંને ભાઈ-બહેન સાથે બેસીને વાંચતા અને ચર્ચા કરતાં હતાં.

એકવાર તેમની સાથે કોઈ ચર્ચા થતી હતી ત્યારે શ્રી હિંમતભાઈએ કહ્યું કે ''ક્રોધ આત્માનો સ્વભાવ નથી'' એ કઈ રીતે નક્કી થાય? બહેનશ્રીએ તરત જ કહ્યું કે જો ક્રોધ આત્માનો સ્વભાવ હોય તો તેનાથી જ્ઞાનને પુષ્ટિ મળવી જોઈએ; સ્વભાવ અને સ્વભાવવાન એકબીજાને હણે નહિ પણ પોષે, પરંતુ ક્રોધ કરીએ ત્યારે જ્ઞાન કુંઠિત થાય છે; માટે તે આત્માનો સ્વભાવ નથી. ક્ષમા જ્ઞાનને રોકતી નથી, માટે ક્ષમા જીવનો સ્વભાવ છે.

ત્યારપછી બહેનશ્રીએ પરમાગમના એક અતિ-મહત્ત્વપૂર્ણ

સિદ્ધાંતમાં પોતાનો દૃઢ પ્રતીતિભાવ ભારપૂર્વક જાહેર કર્યો હતો. હિંમતભાઈએ બહેનશ્રીને પૂછ્યું ''જીવ જ્યારે અશુદ્ધિ કરે ત્યારે પણ તેને સામર્થ્ય અપેક્ષાએ શુદ્ધિ રહે છે એ શાસ્ત્રસંમત હકીકત છે. જીવ રાગ-દ્વેષ કરે અને તે જ વખતે સ્વભાવ અપેક્ષાએ શુદ્ધ ! એ કઈ રીતે હશે?'' બહેનશ્રીએ દૃષ્ટાંત આપીને કહ્યું કે સાકરનો ગાંગડો કાળીજીરીના ભૂકામાં મૂક્યો હોય તો શું સાકરનું ગળપણ જતું રહે છે ? પંડિતજીએ કહ્યું દૃષ્ટાંત બંધ બેસતું નથી. ત્યારે બહેનશ્રીએ કહ્યું દૃષ્ટાંત બેસતું હોય કે ન બેસતું હોય પણ તત્ત્વ તો એમ જ છે અને મને એમ બેસે છે. આમ બહેનશ્રીને ઘણા આધ્યાત્મિક તથ્યો સહજપણે અંદર બેસી જતાં હતાં.

જો કે બહેનશ્રી આજન્મ-વૈરાગી હતાં, તોપણ તેમને મોક્ષમાર્ગના પુરુષાર્થની સાચી વિધિ હાથ આવી તે તો પરમોપકારી ગુરુદેવશ્રીના પરમ પ્રતાપથી જ. બહેનશ્રીના અંતરમાં તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે પારાવાર ભક્તિ હતી. ગુરુદેવશ્રીના ઉપકારોનું વર્ણન કરતાં તેઓ ગદ્‌ગદ્ થઈ જતાં; 'હું તો પામર છું, બધુંય ગુરુદેવશ્રીએ જ આપેલું છે, બધુંય ગુરુદેવશ્રીનું જ છે.' એમ તેમના આત્માનો પ્રદેશે પ્રદેશ પોકારતો હતો.

બહેનશ્રીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનશ્રવણના પ્રતાપે અગાઉથી—સમકિત થયા પહેલાં વર્ષ-બેવર્ષ આગળથી—અંદરથી જોર આવવા માંડ્યું કે મારે સમકિત તો લેવું જ છે, આ ભવમાં સમકિત ન લઈએ તો આ મનુષ્યપણું શા કામનું? સમકિત થશે જ....સમકિત લેવું જ છે. હવે તો સમકિત માટે ખૂબ પુરુષાર્થ કરવો છે.

એ પ્રમાણે તેમણે ઉગ્ર પુરુષાર્થ કરીને ૧૯ વર્ષની લઘુવયે વિ.સં. ૧૯૮૯(ઈ.સ.૧૯૩૩)ના ફાગણ વદ દશમના મંગળ દિને વાંકાનેરમાં નિર્વિકલ્પ સમકિત પ્રાપ્ત કર્યું. ભવભ્રમણનો અંત આવ્યો. અંતરમાં અનંતકાળ સ્થાયી શાશ્વતી નિરાંત થઈ ગઈ.

ભાળ્યા નિજ ભગવાનને, ચેતનઘન અવિકાર,
આનંદસાગર ઉછળ્યા, અહો ભવભ્રમણ નિસ્તાર રે,
મંગળ દ્વાર ખૂલ્યાં રે....

પૂજ્ય બહેનશ્રીએ પોતાની સમ્યક્ત્વ પ્રાપ્તિની વાત પોતાના વડીલબંધુ હિંમતભાઈને સુરત બાપુજીએ લખેલ પોસ્ટકાર્ડમાં પાછળ માત્ર એક જ લીટી લખીને જણાવી કે ''જૈન દર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે.'' આ ઉપરથી અત્યંત વિચિક્ષણ વડીલ બંધુ સમજી ગયા કે શું બહેનને સમકિત થયું હશે? આ બાબતે પત્ર દ્વારા પુછાવતાં બહેનશ્રીએ અત્યંત નમ્ર ભાષામાં લખી જણાવ્યું કે ''આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે.''

સમ્યક્દર્શન પ્રાપ્તિની આનંદકારક વાત પરમોપકારી પૂજ્ય ગુરુદેવને જણાવવા તેઓ રાજકોટ મુકામે સદરના ઉપાશ્રયે શ્રી પુરુષોત્તમદાસ કામદાર(દાસભાઈ) સાથે ગયાં. ત્યાં ભાવથી દર્શન કરીને વિનયપૂર્વક નમ્રતાથી બોલ્યાં કે ''સાહેબ ! આપના પ્રતાપે મને આત્મસાક્ષાત્કાર થયો છે.'' ત્યારબાદ ગુરુદેવશ્રીએ બહેનશ્રીને પૂછ્યું, ''બહેન તમને આત્મસાક્ષાત્કાર થતાં શું થયું ?'' બહેનશ્રીએ કહ્યું : ''આત્મા અકર્તા થઈ ગયો; કર્તૃત્વ છૂટી ગયું ને જ્ઞાતા થઈ ગયો''— માત્ર સ્વલ્પ પ્રશ્નોના ઉત્તરોથી જ પૂરો સંતોષ થઈ જવાથી ગુરુદેવશ્રી ઠરી ગયા અને થોડી ક્ષણો પછી ગંભીર થઈને સ્વગત ગણગણ્યા : ''ઓહો! આત્મા ક્યાં સ્ત્રી કે પુરુષ છે? આત્મા ક્યાં બાળક કે વૃદ્ધ છે?''

વિ.સં. ૧૯૮૯(ઈ.સ. ૧૯૩૩) થી દર વર્ષે પૂજ્ય ગુરુદેવશ્રી જે ગામમાં ચાતુર્માસ માટે રહ્યા હોય, તે ગામમાં તેઓશ્રીનાં કલ્યાણકારી વ્યાખ્યાનોનો લાભ લેવા માટે પૂજ્ય બહેનશ્રીએ તે ગામમાં ચાર માસ રહેવાનું શરૂ કર્યું.

પૂજ્ય ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૧(ઈ.સ. ૧૯૩૫)માં સોનગઢ મધ્યે 'સ્ટાર ઓફ ઇન્ડિયા' નામના મકાનમાં સંપ્રદાય પરિવર્તન કર્યું. તેથી પૂજ્ય બહેનશ્રીએ પણ થોડા જ સમયમાં સોનગઢને જ પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવ્યું.

વિ.સં. ૧૯૯૩(ઈ.સ. ૧૯૩૭)ના ચૈત્ર વદ આઠમના દિવસે પૂજ્ય બહેનશ્રીના જીવનમાં એક અભૂતપૂર્વ ઘટના બની. તે દિવસે સવારે

લગભગ દસ વાગે આત્માનુભવમાંથી બહાર આવતાં તેમને પૂર્વભવનું જાતિસ્મરણજ્ઞાન થયું. તે જ્ઞાનમાં તેમને મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર ભગવાન સીમંધરનાથ સ્મરણમાં આવ્યા તથા એમ પણ સ્મરણમાં આવ્યું કે જ્યારે ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહમાં સીમંધર ભગવાનના સમવસરણમાં પધાર્યા હતા, ત્યારે બહેનશ્રીનો આત્મા શ્રેષ્ઠી પુત્રપણે અને પૂજ્ય ગુરુદેવશ્રીનો આત્મા રાજકુમારપણે ત્યાં ઉપસ્થિત હતા તથા એમ પણ સ્મરણમાં આવ્યું કે ભગવાનની વાણીમાં ત્યાં આવ્યું હતું કે આ રાજકુમાર ભવિષ્યમાં ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં સૂર્યકીર્તિ તીર્થંકર થશે. તથા હવે પછીના ભવમાં ભરતક્ષેત્રમાં જન્મ લઈ આ કુંદકુંદાચાર્યદેવનું ધર્મતીર્થ પ્રવર્તાવશે.

આ વાતની જાણ ગુરુદેવશ્રીને થતાં તેઓશ્રીને સંપ્રદાયમાં જે વાતો અંદરથી આવતી કે ''હું રાજકુમાર છું અને મખમલ જરીનાં વસ્ત્રો પહેર્યાં છે, તથા 'હું તીર્થંકર છું' તે વાતને સમર્થન મળી ગયું. પૂજ્ય બહેનશ્રીને પહેલાં આ વાતની ખબર નહોતી.

આ પ્રમાણે પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનમાં વધારો થતાં તેમને પૂર્વના ચાર ભવો અને ભગવાનની વાણીમાં સાંભળેલા પૂજ્ય ગુરુદેવશ્રીના તથા પોતાના ભવિષ્યના ચાર ભવોનું સ્મરણ આવ્યું, આમ પૂજ્ય ગુરુદેવશ્રીના શબ્દોમાં કહીએ તો ''બહેનશ્રીને અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણ જ્ઞાન હતું.' આમાં તેઓએ એમ પણ જાણ્યું હતું કે જ્યારે પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં સૂર્યકીર્તિ તીર્થંકર થશે ત્યારે તેઓ પણ તે તીર્થંકરના દેવેન્દ્રકીર્તિ નામના મુખ્ય ગણધર થશે.

પોતાને અસંખ્ય અબજો વર્ષોનું જાતિસ્મરણજ્ઞાન થયું હોવા છતાં પણ કુટુંબમાં પોતાના ભાઈઓને પણ તે વાત ન કરી. પૂજ્ય ગુરુદેવશ્રી સંબંધિત હોવાથી ગુરુદેવશ્રીને પણ છ માસ ૧૨ દિવસ બાદ જ આ વાત કરી. અહા! શી તેમની ગંભીરતા અને નિર્માનતા !

તેમનું સમગ્ર જીવન જ્ઞાન-ધ્યાનમય અને આત્મલક્ષી જ હતું. જિનાગમના ચારેય અનુયોગોનો તેમણે ગહન-તલસ્પર્શી અભ્યાસ હતો.

સ્મરણશક્તિ એવી કે એક વખત વાંચે તે ક્યારેય ભૂલે નહીં. સાથે સાથે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું શ્રવણ, ગ્રહણ અને ધારણ પણ ઘણી જ એકાગ્રતા અને મનન-ચિંતનપૂર્વક કરતાં. ગુરુભક્તિથી પ્રેરાઈને પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવો બરાબર જળવાઈ રહે તે હેતુથી ગુરુદેવશ્રીનાં પ્રવચનોનું આલેખન કરવાની ભાવના તેમના અંતરમાં જાગી અને તેને કાર્યાન્વિત પણ કરી.

નિરંતર વૃદ્ધિગત પરિણતિને પ્રાપ્ત પૂજ્ય બહેનશ્રી તો પોતાની સાધનામાં આગળ વધી જ રહ્યા હતાં. તેઓ ફરમાવતાં કે મારે તો ત્રણ કામ છે. (૧) સાધનાની ઉગ્રતામાં નિર્વિકલ્પદશા. (૨) શ્રુતનું ચિંતવન, પૂજ્ય ગુરુદેવશ્રીના ભવો સંબંધી વિચાર, સીમંધર પ્રભુનાં દર્શન, (૩) તેમાંથી બહાર આવું તો દેવ-શાસ્ત્ર-ગુરુનો વિચાર. આત્મા તો હથેળીમાં હોય એમ દેખાય છે.

સોનગઢમાં ભક્તો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન, સ્વાધ્યાય, જ્ઞાન ધ્યાન અને આવાસ માટે ''જૈન સ્વાધ્યાયમંદિર'' નામક નવીન આયતનનું નિર્માણ થયું. વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ-૮ના પવિત્ર દિને તેનું મંગળ ઉદ્દ્ઘાટન થયું. તેમાં પૂજ્ય ગુરુદેવશ્રીના આદેશથી પૂજ્ય બહેનશ્રીના હાથે સમયસાર પરમાગમની સ્થાપના કરવામાં આવી. આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રથમ પ્રવચનમાં બેન (ચંપાબેન) તો ભગવતી સ્વરૂપ છે' એવા અંતરના અહોભાવભર્યા બિરૂદથી તેમને વિભૂષિત કર્યાં.

ત્યારબાદ સોનગઢમાં સર્વપ્રથમ દિગંબર જિનાલયનું નિર્માણ કરાવી તેમાં વિદેહીનાથ સીમંધર ભગવાન, પદ્મપ્રભ ભગવાન તથા શાંતિનાથ ભગવાનની મંગલ પ્રતિષ્ઠા કરાવવામાં આવી. આ મંદિરના નિર્માણમાં તથા જિનબિમ્બો પસંદ કરીને લાવવામાં પૂજ્ય બહેનશ્રીએ ખૂબ જ ભક્તિપૂર્વક અગત્યનો ભાગ ભજવ્યો. તેઓ પ્રતિમાઓ લેવા સ્વયં જયપુર ગયા હતા.

તેમના જાતિસ્મરણજ્ઞાન અનુસાર 'સમવસરણ મંદિર' તથા 'માનસ્તંભ'નું સોનગઢમાં નિર્માણ થયું તથા તેમણે પોતે નજરે જોયેલા

કુંદકુંદાચાર્યદેવનું ભાવવાહી આબેહૂબ ચિત્રપટ તૈયાર કરાવડાવ્યું. વિવિધ પ્રસંગોએ પોતે ભક્તિગીતોની રચના કરી તથા અન્ય ભક્તિગીતોના સંકલનમાં માર્ગદર્શન આપી દરરોજ જિનમંદિરમાં ભાવવાહી ભક્તિ કરાવવાની પ્રથા શરૂ કરી. પોતે સ્વયં તીર્થક્ષેત્રોની યાત્રા કરી તથા પૂજ્ય ગુરુદેવશ્રી સાથે પણ ભાવવાહી યાત્રાઓ કરીને યાત્રાને ભક્તિગીતો આદિથી રસબસતી કરી. પોતાના વડીલબંધુ ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતભાઈને ભગવત્કુંદકુંદાચાર્યદેવરચિત સમયસારાદિ પંચપરમાગમોની મૂળ ગાથાઓના હરિગીત તથા તેની આચાર્યદેવો રચિત સંસ્કૃત ટીકાઓનો ગુર્જર ભાષામાં અનુવાદ કરવાની પ્રેરણા આપી. આમ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા થયેલી મહત્તી ધર્મપ્રભાવનામાં તેઓએ મહત્ત્વનું યોગદાન આપ્યું.

પૂજ્ય બહેનશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રીની નિશ્રામાં સોનગઢ જ રહેવાનું પસંદ કર્યું હતું. પરંતુ લાડનૂનિવાસી શેઠ શ્રી વચ્છરાજજી ગંગવાલની ભક્તિમય ભાવનાથી વિ.સં. ૨૦૦૮ (ઈ.સ.૧૯૪૨), વસંતપંચમીના રોજ પૂજ્ય બહેનશ્રી, બેન શાંતાબેન, તથા બ્રહ્મચારી બહેનોના નિવાસ માટે સોનગઢમાં બ્રહ્મચર્યાશ્રમનું નિર્માણ કરી તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. તે સમયે પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી ‘‘બોધિ સમાધિને પ્રાપ્ત થાઓ’’ એવાં મંગળ આશિર્વચન નીકળ્યા. જિનમંદિરના પરિસરની તદ્દન નજીક બ્રહ્મચર્યાશ્રમ હોવાથી, પૂજ્ય બહેનશ્રી ફરમાવતા કે ‘‘જાણે ભગવાનના ફળિયામાં રહેવા આવ્યા.’’

વિ.સં. ૨૦૩૦(૧૯૭૪)માં સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવનાયોગે પરમાગમમંદિરનું નિર્માણ થયું. તેના બારસાખનું મુહૂર્ત પૂજ્ય બહેનશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મંદિરમાં શાસનનાયક મહાવીર ભગવાનની સુંદર પ્રતિમા સ્થાપવામાં આવી તથા ભગવત્કુંદકુંદાચાર્ય પ્રણીત સમયસારાદિ પંચ પરમાગમો વિશ્વમાં પ્રથમવાર ટીકા સહિત આરસના શિલાપટો પર કોતરવામાં આવ્યા. તેમાં પૂજ્ય બહેનશ્રીએ ભવિષ્યની ચિંતા કર્યા વિના પોતાની તમામ અંગત સંપત્તિ સમર્પિત કરી દીધી. આવી હતી તેમની અકલ્પ્ય ઉદારતા !

પૂજ્ય બહેનશ્રી તો અત્યંત ભક્તિભાવથી પૂજ્ય ગુરુદેવશ્રીના જન્મજયંતી મહોત્સવોમાં ભાગ લેતાં હતાં. પરંતુ ભક્તોની અત્યંત ભાવના અને પૂજ્ય ગુરુદેવશ્રીના આદેશથી પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતી અને સમ્યક્ત્વજયંતીના ઉત્સવો ઊજવવાના શરૂ થયા. જે આજપર્યંત પણ અત્યંત ભવ્ય રીતે સોનગઢમાં ઊજવાઈ રહ્યા છે.

પૂજ્ય બહેનશ્રીનો બ્રહ્મચર્યાશ્રમમાં કાયમી નિવાસ થતાં બ્રહ્મચારી બહેનોને પણ તેમના વાત્સલ્યનો અને કાયમી સત્સંગનો કલ્યાણકારી લાભ પ્રાપ્ત થયો. રાત્રિ-સભામાં પૂજ્ય બહેનશ્રી આશ્રમમાં બહેનો માટે શાસ્ત્ર-સ્વાધ્યાય કરતાં હતાં. 'અહા શી એમની વૈરાગ્યઝરતી સ્વાનુભવભીની અમૃતવાણી! શું ઊંડાણ! શી તેમની તાત્ત્વિક ગંભીરતા!' મીઠી મધુરી ભાષામાં સીમંધર પ્રભુના સંદેશા સંભળાવતાં હતાં. ઘણા જ ઓછા શબ્દોમાં અને સરળ ભાષામાં ગંભીર સિદ્ધાંતો કહેવાની તેમની અજબ શક્તિ હતી. તેમના શ્રીમુખેથી અનુભવધારામાંથી વહેલા આત્માર્થપોષક વચનો, જે કેટલાંક બ્રહ્મચારી બહેનોએ પોતાના હિત માટે ઝીલેલાં તે લીપિબદ્ધ થઈ ''બહેનશ્રીનાં વચનામૃત'' પુસ્તકરૂપે તેમના ૬૪મા જન્મદિવસે પ્રકાશિત કરવામાં આવ્યા. પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પુસ્તક અનેકવાર વાંચ્યું અને તે વાંચી પૂજ્ય ગુરુદેવશ્રી ઘણા જ આશ્ચર્યચકિત થયા અને તેની ઘણી જ પ્રશંસા કરી કે ''આ તો બાર અંગનું માખણ છે'' તથા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના તે સમયના પ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈને આ પુસ્તક એક લાખ છપાવવાનો આદેશ આપ્યો અને શ્રી રામજીભાઈએ પણ તે વાતનું ભક્તિપૂર્વક પાલન કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રી ઘણાને તે પુસ્તક ભેટ આપતા હતા તથા સર્વે મુમુક્ષુઓને તેનો અભ્યાસ કરવાની પ્રેરણા આપતા હતા. વળી ભક્તોની માંગણીથી તેઓશ્રીએ તેના પર સળંગ અને પ્રસંગોપાત ભાવવાહી પ્રવચનો કર્યાં. આ સળંગ પ્રવચનોને તેમના અંતેવાસી બાળબ્રહ્મચારી શ્રી ચંદુભાઈ જોબાળિયાએ ટ્રસ્ટની વિનંતીને માન આપી કુશળતાપૂર્વક સંકલિત કર્યા. જે ચાર ભાગમાં ગુજરાતી અને હિન્દી ભાષામાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી વહેલી પ્રવચનધારામાંથી ઝીલાયેલાં અમૃતબિંદુઓના આ લઘુસંગ્રહની તાત્ત્વિક વસ્તુ અતિ ઉચ્ચ કોટિની છે. તેમાં આત્માર્થપ્રેરક અનેક વિષયો આવી ગયા છે. ક્યાંય ન ગમે તો આત્મામાં ગમાડ; આત્માની લગની લાગે તો જરૂર માર્ગ હાથ આવે; જ્ઞાનીની સહજ પરિણતિ; અશરણ સંસારમાં વીતરાગ દેવ-ગુરુ-ધર્મનું જ શરણ; સ્વભાવપ્રાપ્તિ માટે યથાર્થ ભૂમિકાનું સ્વરૂપ; મોક્ષમાર્ગમાં પ્રારંભથી માંડી પૂર્ણતા સુધી પુરુષાર્થની જ મહત્તા; દ્રવ્યદૃષ્ટિ અને સ્વાનુભૂતિનું સ્વરૂપ તથા તેનો ચમત્કારિક મહિમા; ગુરુભક્તિનો તથા ગુરુદેવની ભવાન્તકારિણી વાણીનો અદ્‌ભુત મહિમા; મુનિદશાનું અંતરંગ સ્વરૂપ તથા તેનો મહિમા; નિર્વિકલ્પદશા—ધ્યાનનું સ્વરૂપ; કેવળજ્ઞાનનો મહિમા; શુદ્ધાશુદ્ધ સમસ્ત પર્યાયો વિરહિત સામાન્ય દ્રવ્યસ્વભાવ તે દૃષ્ટિનો વિષય; જ્ઞાનીને ભક્તિ-શાસ્ત્રસ્વાધ્યાય આદિ પ્રસંગોમાં જ્ઞાતૃત્વધારા તો અખંડિતપણે અંદર જુદી જ કાર્ય કર્યા કરે છે; અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય તો સાધકપણું જ ન રહે; શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ સ્વવશપણાથી શાશ્વત સુખ પ્રગટ થાય છે;— વગેરે વિવિધ અનેક વિષયોનું સાદી તથા અસરકારક સચોટ ભાષામાં સુંદર નિરૂપણ થયું છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના શબ્દોમાં કહીએ તો 'બહેન તો ભગવતી સ્વરૂપ છે', 'આરાધનાની દેવી છે', 'તેમને તો ઘણી નિવૃત્તિ છે', આ કાળમાં બહેન જેવાં પાક્યા તે તો બહેનોનું પરમ સૌભાગ્ય છે. 'તેમનું આ પુસ્તક સર્વોત્કૃષ્ટ છે' આખા સમયસારનો સાર આવી ગયો છે, આ પુસ્તક વાંચતાં તો વિરોધી પણ મધ્યસ્થ થઈ જશે....જગતના લાભનું કારણ છે.

આ વચનામૃત પુસ્તકથી પૂજ્ય બહેનશ્રીની સમગ્ર ભારતમાં ઘણી જ પ્રસિદ્ધિ થઈ. ભક્તો દ્વારા ઠેર-ઠેર તેમને અભિનંદનપત્રો સમર્પિત કરવામાં આવ્યાં. તેમની જન્મજયંતી વખતે પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવથી કહ્યું કે ''ધર્મની શોભા ચાલી આવે છે.''

ભક્તોની ભાવનાથી પૂજ્ય ગુરુદેવશ્રીએ ''બહેનશ્રીના વચનામૃત'' પુસ્તક માટે એક સ્વતંત્ર મકાન બનાવી તેમાં આરસના

શિલાપટો પર વચનામૃતો કોતરાવવાની સંમતિ આપી અને પૂજ્ય ગુરુદેવશ્રીના વરદ્ હસ્તે તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો. જે પાછળથી પંચમેરુ-નંદીશ્વર જિનાલયરૂપે વિસ્તૃત કરવામાં આવ્યું અને પૂજ્ય બહેનશ્રીની આજ્ઞાથી—જેને પોતે બરાબર ચકાસી લીધાં હતાં—તેવાં પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત પણ કોતરવામાં આવ્યાં.

પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તો તારણહાર હતા જ, પણ તેમની અનુપસ્થિતિમાં તે તારણહારના પંથે ચાલવાની યોગ્યતા આપણામાં કાંઈ પ્રગટી હોય તો તે પૂજ્ય બહેનશ્રીનો જ અસીમ ઉપકાર છે. પૂજ્ય ગુરુદેવશ્રીની અચાનક આવી પડેલી અનુપસ્થિતિથી સમગ્ર મુમુક્ષુ સમાજ જ્યારે હતપ્રભ થઈ ગયો ત્યારે પૂજ્ય બહેનશ્રીએ તેમની અનુપસ્થિતિમાં પણ જાણે કે પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્ ઉપસ્થિત હોય તે પ્રકારે આરાધના કરવાનું સુંદર માર્ગદર્શન આપ્યું. તદુપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીના વચનોમાં રહેલા ગંભીર અને ગહનભાવોને તત્ત્વચર્ચાઓ દ્વારા મુમુક્ષુઓને અત્યંત સરળતાથી સમજાવ્યા તથા નૂતન નિર્માપિત પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવી તીર્થંકરપણાના જિનબિંબની સ્થાપનામાં ભક્તિપૂર્વક અનુમોદન આપી ભક્તોને જાણે કે ગુરુદેવશ્રીના ફરીવાર સાક્ષાત્ દર્શન કરાવ્યાં. આમ અનેક પ્રકારે પૂજ્ય બહેનશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રવર્તાવેલા ધર્મશાસનનું સંવર્ધન અને સંરક્ષણ કર્યું. આવા ઉભય ઉપકારી આત્મજ્ઞાની સંતની જીવનકળાથી સૌરાષ્ટ્રનો જૈન ઇતિહાસ ઉજ્જ્વળ બન્યો છે.

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણકમળમાં કોટિ કોટિ વંદન.

તથા પ્રત્યક્ષ ઉપકારી પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને કોટિ કોટિ વંદના.

*

# કુંવરીને ખમ્મા ખમ્મા કરતી

કુંવરીને ખમા ખમા કરતી, માતા જ્ઞાનામૃત પાતી.
'ધમ્મો મંગલમુક્કિટ્ઠંના' મંગલ પાઠો ભણતી,
માતા નિજ કુંવરીને પ્રેમે, ધર્મામૃત નિત પાતી.....કુંવરીને૦

શાન્ત વદન નિર્મળ નયનોમાં આત્મા ઉજ્જ્વળ જોતી,
ધર્મરતન થાશે મુજ કુંવરી, ભણકારા અનુભવતી.....કુંવરીને૦

'અખંડ આનંદ ધ્રુવપદ તારું' હાલરડાં શુભ ગાતી,
'સિદ્ધપણાને સાધો કુંવરી', આશિષ મંગલ દેતી.....કુંવરીને૦

જ્યોતિષીએ જ્યોતિષ જોયાં, આ કુંવરી કોઈ ન્યારી,
વિદેહની વિભૂતિ આવી, અદ્‌ભુત મંગળકારી.....કુંવરીને૦

આ કુંવરી છે સીમંધરનાં સ્મરણો ઉર ધરનારી,
'કહાનગુરુ તીર્થંકર થાશે'—જિન ધુનિમાં સુણનારી....કુંવરીને૦

નિર્મળહૃદયી અલ્પભાષિની, મિષ્ટ વચન વદનારી,
અલિપ્ત રહેશે પરભાવોથી, નિજાનંદ રમનારી.....કુંવરીને૦

સીમંધરના નંદ પધાર્યા, શી પુણ્યાવલિ જાગી,
ઝૂલો ઝૂલો લાડલી મારી, આજે હું બડભાગી.....કુંવરીને૦

શાન્ત શીતળ પરમાણુ જગના, આવી વસ્યા તુજ તનમાં,
ઉપશમરસ-અવતાર જ્ઞાનસાગર ઊછળે અંતરમાં.....કુંવરીને૦

ચિરં જીવો ચિરં જીવો જગદમ્બા ભવતારી,
સ્વાનુભૂતિ મતિશ્રુત લબ્ધિથી વિશ્વ ઉજાળનહારી.....કુંવરીને૦

# પ્રાક્–કથન

આપણા પરમોપકારી, અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સદુપદેશથી તથા પૂર્વ સંસ્કાર તેમજ પોતાના તીવ્ર પુરુષાર્થથી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને નાની વયથી જ ભવભ્રમણનો અભાવ કરવાની અને આત્માનું હિત કરી લેવાની અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની ઘણી જ તાલાવેલી હતી. જેથી તેમણે નાની ઉંમરમાં જ સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિનો ઉગ્ર પુરુષાર્થ કરી તે મંગળદશા પ્રાપ્ત કરી લીધી. ઈત્યાદિ બાબતોનો આ પત્રાંશો દ્વારા સુંદર ખ્યાલ આવે છે. તેમણે પોતાના વડીલ બંધુ શ્રી હિંમતભાઈ તથા અન્ય સગા-સ્નેહી તથા સાધર્મીઓ ઉપર લખેલા અધ્યાત્મરસભીના પત્રાંશોનો આમાં સમાવેશ કરેલ છે. આત્માર્થી જીવોને આ પત્રાંશો દ્વારા જરૂર પુરુષાર્થની પ્રેરણા મળશે.



## પૂજ્ય બહેનશ્રી સમ્યક્ત્વપ્રાપ્તિ પહેલાં બહુ ભાવપૂર્વક ગાતા હતા તે ગીત

# અમૂલ્ય તત્ત્વવિચાર

(હરિગીત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ? ૧.

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહિ અહોહો ! એક પળ તમને હવો !!! ૨.

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મુંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાવત્ દુઃખ નહીં. ૩

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫

—શ્રીમદ્ રાજચંદ્ર

સહજ ચિદાનંદ.



## પત્રાંક — ૧

વિ.સં. ૧૯૮૭-૮૮
(ઈ.સ. ૧૯૩૧-૩૨)

.....!

આત્મા આનંદમય છે, જ્ઞાનપિંડ છે, સહજાનંદી છે; પરંતુ તેને મેળવવા અનાદિ કાળથી સાચો પ્રયત્ન કર્યો નથી. આ ભવે નહિ કરે તો ક્યા ભવે કરવા ધાર્યું છે?

જડ ને ચૈતન્ય-બંનેના સ્વભાવ પ્રતિપક્ષ છે. રૂપી એવા જડ એટલે કે મૂર્ત પુદ્‌ગલ, વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ સહિત છે; ને આત્મા તેથી રહિત છે, અરૂપી છે.

પરંતુ જીવને આ બધું ભાષામાં બોલવા માત્ર છે, તેને પોતાના સ્વરૂપનો પ્રેમ ક્યાં આવે છે? પ્રેમ લાવ્યા વિના મોક્ષ મળવાનો નથી. પુરુષાર્થ કર્યા સિવાય, મહેનત કર્યા સિવાય, અનંત સુખ ત્રણ કાળમાં મળે તેમ નથી.

બસ એ જ.

( ૨૫ )

વિશેષ લખવાથી શું વળે? અંતઃકરણમાં પરિણમાવ્યા સિવાય, સંસાર પ્રત્યે ઉદાસીનતા લાવ્યા સિવાય, વૈરાગ્યબળ વધાર્યા સિવાય, ઉપશમબળ વધાર્યા સિવાય, પોતાના અનંત સુખનો માર્ગ આપણને મળવાનો નથી. જીવ કાંઈ કરતો નથી ને થોડામાં ઝાઝું માનીને બેસી જાય છે. આપણને જો સ્વસ્વરૂપ જોઈતું હોય, પરિભ્રમણથી થાક્યા હોઈએ, તો ધીમે ધીમે માર્ગે ચાલ્યા સિવાય, પુરુષાર્થ કર્યા સિવાય, વાતો કરવાથી કે કાગળો લખવાથી (સ્વસ્વરૂપ) મળનાર નથી. પરંતુ જીવ હજુ પરિભ્રમણથી થાક્યો જ ક્યાં છે? પોતાના પર પ્રેમ જ ક્યાં છે?—નહિતર પુરુષાર્થ કર્યા સિવાય તે બેસી ન રહે.

તમે તો પુરુષાર્થ કરતા હશો. હું મને પ્રમાદી લાગું છું; કાંઈ નવીન તથા વિશેષ કરાતું નથી એમ લાગે છે.

બસ એ જ. વૈરાગ્યબળ વધારશો. મને તમને એ જ કર્તવ્ય છે.

લિ.
બહેન ચંપાનાં વંદન



## પત્રાંક – ૨

કરાંચી, તા. ૧૦-૬-૧૯૩૦
વિ.સં. ૧૯૮૬,
જેઠ સુદ ૧૪, મંગળવાર

પૂજ્ય વડીલ બંધુની પવિત્ર સેવામાં,

કરાંચીથી લિ. બહેન ચંપાના પાયવંદન ઘણા જ પ્રેમથી સ્વીકારશો.

વિ.વિ. સાથ લખવાનું કે તમારો પત્ર મળ્યો, વાંચી હકીકત જાણી....

બંધુ! અહીં આત્માનું સાર્થક થઈ શકતું નથી તેથી ઉદાસીનતા વર્તે છે. કોઈ વખત આત્મા એવો વિચારમાં પડી જાય છે કે કોઈ બોલાવે તો મારું ધ્યાન પણ હોતું નથી. કામ કરતાં પણ ભૂલી જવાય છે. મારા દિવસો આત્માના વિચારમાં ને વિચારમાં જાય છે. આત્માના વિચારમાં કોઈ સાથે બોલવું ગમતું નથી. હજી સુધી આત્માના વિચાર ચાલે છે. ત્યાંનો સત્સંગ મને બહુ જ સાંભરે છે. હવે તો ત્યાં આવ્યા પછી મોક્ષ, મોક્ષને મોક્ષ જ તરફ લક્ષ રાખવું છે. એક દિવસ જ્યારે આ આત્મા ઊંચી દશાએ પહોંચશે ત્યારે સંયમી થશે. પત્ર લખતાં રહેશો; આળસ ન કરશો; જરૂર લખશો. તમારા પત્રથી આનંદ થશે. તમારો પત્ર આજે આવવાથી મને ઘણો જ આનંદ થયો છે. બસ, એ જ.

લિ.
આત્માર્થી બહેન ચંપા



## પત્રાંક — ૩

કરાંચી

આત્માર્થી બંધુ

જીવે અનાદિ કાળથી અમૃતસ્વરૂપ એવા આત્માને ઓળખ્યો નથી તેથી જન્મ-મરણ થયા કરે છે. અમૃતસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ એવા આત્માને ઓળખાવનાર પૂજ્ય કાનજીમહારાજ જેવા ગુરુ હવે મળ્યા, તેથી એવી ભાવના થાય છે કે—આ જન્મ-મરણ કેમ ટળે, પુરુષાર્થ કેમ ઊપડે, આત્મસ્વરૂપની પ્રાપ્તિ કેમ થાય. આવી ભાવના રહ્યા કરે છે. પરંતુ અહીં ગુરુનાં દર્શન નથી, તેમની વાણી નથી, સત્સંગ નથી, તેથી અહીં રહેવું મુશ્કેલી ભરેલું થઈ પડ્યું છે. જોકે નાનપણથી જ હું કરાંચીમાં રહેલ છું. તો પણ જન્મ-મરણનો અંત ક્યા ઉપાયથી આવે એવી ભાવનાને કારણે અહીં રહેવું જરાય પાલવતું નથી.

હે વીરા ! મને લાગે છે કે જો હું અહીં ઝાઝા દિવસ રહીશ તો પુરુષાર્થ મંદ થઈ જશે, પ્રમાદી થઈ જઈશ; કેમ કે અહીં ધાર્મિક સાધનોની દુર્લભતા છે. ત્યાં સ્થિર શી રીતે રહેવું ?....તમે લખો છો કે ધર્મ એટલે સત્ય બોલવું, સરળતા, નમ્રતા, સહનશીલતા રાખવી વગેરે; પણ બંધુ ! એ બધા ગુણો અહીંના વાતાવરણ પ્રમાણે ટકી

રહે એમ લાગતું નથી. એ ટકાવવા માટે પુરુષાર્થ જબ્બર રાખવા માટે, આંતરિક ધર્મ પ્રગટ કરવા માટે, વિશેષ આગળ વધવા માટે, તેવું વાંચન અને વાતાવરણ તો જોઈએ જ...

બંધુ! આવા રૂડા મનુષ્યદેહની એક પળ પણ નકામી ન જવા દેવી એવી મારી ઈચ્છા છે.

ઘણી વાર એવાં સ્વપ્નાં આવે છે કે જાણે હું અને તમે વ્યાખ્યાન સાંભળવા ગયાં છીએ. હું તમને પ્રશ્ન પૂછું છું, તમે જવાબ આપો છો; એટલી વારમાં આંખ ઊઘડી જાય છે. ત્યારે થાય છે કે ક્યાં એ સત્સંગ ને ક્યાં એ બંધુ? ક્યાં એ દેશ ને ક્યાં હું? આ વખતે તમે ગાઓ છો તે ગાયન મને બહુ જ યાદ આવે છે :

"જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા રંગ ભાસે."

સહજ ચિદાનંદ

બસ એ જ. હવે લાંબો કાગળ લખવાની મને નવરાશ નથી, હજુ મારા સુશીલાભાભીને પત્ર લખવો છે. મારા પત્રનો જવાબ વળતી ટપાલે લખશો.

લિ.
તમારા પત્રની આતુરતાથી રાહ જોનાર
તમારી નાનકડી બહેનીનાં પાયવંદન



## પત્રાંક — ૪

પૂજ્ય વડીલ બંધુની પવિત્ર સેવામાં,

વઢવાણ શહેરથી લિ. તમારી નાની બહેન ચંપાનાં પાયવંદન ઘણા જ પ્રેમથી સ્વીકારશોજી.

વિ.વિ. સાથ લખવાનું કે તમારું પત્તું તથા કવર—એ બંને પત્રો મળ્યા. તમે લખો છો તે બધું સત્ય છે. તમારો પત્ર વાંચીને મેં ખૂબ વિચાર કરી જોયો.

....મારો આત્મા કેટલો દૃઢ છે તેનો ખૂબ વિચાર કરી જોયો છે. તમને લાગશે કે તારા આત્મભાવ અત્યારે ચડિયાતા હોય તેથી તને બધું સહેલું લાગે; પણ બંધુ ! મને ધર્મના સંસ્કાર તો હું જ્યારે બહેનને ત્યાં કરાંચી હતી ત્યારથી જ છે. બહેનને ત્યાં હતી ત્યારે જો કે આટલું ઊંડું જ્ઞાન નહોતું, પણ હતું ખરું.

મનુષ્યજન્મ પામવો દુર્લભ, સત્ય બોલવું, ક્રોધ ન કરવો, બ્રહ્મચર્ય પાળવાથી આટલો લાભ-વગેરે, થોકડા ભણવાથી તથા ધર્મની ચોપડીઓ વાંચવાથી હું જાણતી હતી. મારો આત્મા ઘણો વૈરાગ્યવાન હતો. ધીમે ધીમે ચોપડીઓ વાંચવાથી વૈરાગ્ય વધતો ગયો અને મારો આત્મા એ બાહ્યજ્ઞાનથી એટલો દૃઢ થઈ ગયો કે મને ખરી મહત્તા બ્રહ્મચર્યમાં લાગતી હતી. ત્યારના મારા વિચારો

ધર્મ, વૈરાગ્ય, બ્રહ્મચર્ય વગેરે વિષેના ખૂબ દૃઢ હતા અને કરાંચીમાં નાનપણથી જ મને ત્યાગ, બ્રહ્મચર્ય વગેરેની બહુ જ મહત્તા હતી. અત્યારે તો જેમ જેમ જ્ઞાનમાં ઊંડી ઊતરી તેમ તેમ ધર્મ વિષે, વૈરાગ્ય-ત્યાગ-બ્રહ્મચર્ય વિષે ઘણી જ દૃઢતા થઈ છે; અને આત્માનું સ્વરૂપ કાંઈક જુદું છે એમ સમજાણું ત્યારે હવેની દૃઢતા તો નિઃશંકપણે એમ જ રહેવાની છે. તે વખતે કદાચ ઉપલી દૃઢતા હોય એમ તમે માનો, પણ તે વાતને અત્યારે દોઢ વર્ષ થવા આવ્યું. પહેલાંની દૃઢતા સચોટ દૃઢ થતી થતી અત્યારે ખૂબ દૃઢ થઈ છે ને તે એમ જ રહેવાની છે—એ હું ચોક્કસ કહું છું, ખાતરીપૂર્વક કહું છું. જીવનના અંત સુધી આ દૃઢતા એક જ પ્રકારની રહેવાની છે.

હું કરાંચીમાં, બેનના ઘરે હતી ત્યારથી નાનપણથી જ મને દીક્ષા લેવાના ભાવ હતા. બંધુ! જેમ તમારું ચિત્ત નાનપણથી જ વૈરાગી હતું, તમને સંસારમાં પડવું ગમતું ન હતું. તેમ મને પણ નાનપણથી જ દીક્ષા લેવાના ભાવ હતા. તે ભાવની વાત મેં એક બેનપણીને કરી હતી. ધીમે ધીમે મારી દીક્ષા લેવાની વાત અમે રહેતા હતા તે માળામાં અને કરાંચીમાં કેટલેક ઠેકાણે ફેલાણી અને કેટલાક જણ ઠપકો દેવા આવેલા. પરંતુ મારા ભાવ દૃઢ હતા. વઢવાણ આવ્યા પછી ત્યાંનાં ગોરાણીમાં મેં કાંઈ જોયું નહિ. અંતરના ભાવ અંતરમાં રહ્યા. હવે તો પૂજ્ય કાનજીમહારાજ જેવા ગુરુ મળ્યા; હવે તો ભવનો અભાવ કેમ થાય એ જ ભાવના હોવાથી કરાંચીમાં રહેવું મુશ્કેલ થઈ પડ્યું છે.

લિ.

બહેન ચંપાના વંદન



**પત્રાંક — ૫**

વઢવાણ (વિ.સં. ૧૯૮૭, શ્રાવણ)
ઈ.સ. ૧૯૩૧

પૂજ્ય ભાભી સુશીલા,

આ લોક તથા પરલોકમાં પરમ આત્મિક સુખને પામો એવી મારી શુભાશિષ.

મારા ભાઈના બન્ને પત્રો મળ્યા. વાંચી ઘણો જ આનંદ થયો. પરંતુ હાલમાં તમારો પત્ર નથી. તેથી આજે પત્ર લખવા બેઠી છું. તમને પત્ર લખવાની નિવૃત્તિ નહિ મળતી હોય, કાં તો આળસ થતી હશે. પરંતુ કોઈ વાર નિવૃત્તિ લઈ પત્ર લખતાં રહો તો સારું. તમે અહીં હતા ત્યારે તો કહેતાં હતાં કે હું જરૂર પત્ર લખીશ. પરંતુ ત્યાં ગયા પછી પત્ર કેમ ન લખ્યો તે જણાવશો.

અહા, ભાભી! કર્મની વિચિત્રતા તો જુઓ ! ક્યાં તમે, ક્યાં હું, ક્યાં મોટા ભાભી, ક્યાં મોટા બહેન-સર્વે જુદે-જુદે સ્થળે થઈ ગયાં. મારા ભાઈને સુરત જવું નહોતું છતાં કર્મ ધકેલી લઈ ગયાં. આખું જગત કર્મનું નચાવ્યું નાચી રહ્યું છે.

ભાભી ! શું લખવું ને શું ન લખવું તેની કાંઈ સમજણ પડતી નથી. એક-સામટા ઘણા વિચારો સ્ફુરી આવે છે તેમાં શું લખું, શું ન લખું ?

અહા, ભાભી ! આપણે થોડા દિવસ તો ખૂબ મજા કરી. આપણે સામસામા પ્રશ્નો પૂછતાં, તેનો બુદ્ધિ પ્રમાણે નિર્ણય કરતાં. એવો આનંદનો દિવસ પાછો ક્યારે આવે ? ઓ પ્રભુ ! એવો આનંદનો દિવસ જલદી આપ.

ભાભી ! બપોરે સામાયિક કરતાં હશો, 'આત્મસિદ્ધિ' શાસ્ત્ર શીખતાં હશો, પંદર દ્રવ્ય ચાલુ હશે, સત્સંગની શોધમાં હશો. નિમિત્તાધીન વૃત્તિને, થોડો થોડો પુરુષાર્થ કરી, નિમિત્તમાં ભળવા ન દેશો.

હું તમને થોડાક પ્રશ્નો પૂછું છું તેનો જવાબ લખશો. તે પ્રશ્નોનો ખુલાસો ઘણી વાર થઈ ગયો છે, પણ તે તમને યાદ છે કે કેમ, તે જાણવા માટે પૂછું છું : (૧) તીર્થંકર ને કેવળીમાં ફેર શો ? (૨) અરિહંત ને સિદ્ધમાં ફેર શો ? (૩) તીર્થંકર ને અરિહંતમાં ફેર શો ? (૪) પંચપરમેષ્ઠીમાંથી જન્મમરણ કેટલા કરે ને કેટલા ન કરે ? આટલા પ્રશ્નોનો નિવૃત્તિએ જવાબ લખશો.

ભાભી ! તમારો અથાગ પ્રેમ વિસરાતો નથી. ધર્મધ્યાનમાં વૃદ્ધિ કરશો. મારા ભાઈની તબિયત સારી હશે.




## પત્રાંક — ૬

(વઢવાણ,
વિ.સં. ૧૯૮૭)
ઈ.સ. ૧૯૩૧

પરમ પૂજ્ય વડીલ બંધુ !

તમારો પત્ર મળ્યો. વાંચી હકીકત જાણી. તમે અમારા કાગળોની રાહ જોતા હશો. પરંતુ અમને તો કાગળ લખવાનો ઝાઝો અવકાશ મળતો નથી. સુંદર વોરાના ઉપાશ્રયે, પૂજ્ય કાનજી મહારાજે અમરેલી વાંચેલું જે વ્યાખ્યાન તે વંચાય છે. અંદર સુંદર ન્યાયો નીકળે છે. પુરુષોત્તમદાસ ઘણા સુંદર ન્યાયો કાઢે છે. અપાસરે ઘણો રસ તથા આનંદ આવે છે, પણ તે રસ તથા આનંદ ક્ષણિક છે. અંદરથી કાંઈક વર્તનમાં મુકાય તો સારું.

અનાદિથી અજ્ઞાનપણે રખડ્યા, દેહબુદ્ધિ ઘટી નહિ. જો દેહબુદ્ધિ ઘટે તો કાંઈક કામ આવે એવું છે. દેહની અંદર જે અરૂપી જ્ઞાનશક્તિ રહેલી છે તે જ આત્મા છે. તે દેહથી જુદી વસ્તુ છે.

સંસારથી પેલે પાર આત્માનું સ્વરૂપ રહેલું છે. તે પામવા માટેનો રસ્તો કાંઈક જુદો હોવો જોઈએ. આ ધર્મ આમ કેમ કહે છે ને આ ધર્મ આમ કેમ કહે છે, તેની સમજણ શુદ્ધ બુદ્ધિ વિના પડે એમ નથી. અંદરમાં ઊતરી, પ્રતિપક્ષ રહેલી વસ્તુ 'આ જડ છે ને આ ચૈતન્ય છે' એમ ફટ દઈને કાંઈક વહેંચણી કર્યા પછી, બીજા ધર્મો શું કહેવા માગે છે તેની સમજણ પડે છે. ભલે હજુ સમ્યક્દશાએ ન પહોંચ્યો હોય, છતાં કરી શકે છે.

બસ, હૃદયમાં ઘણું લખવાનું છે છતાં લખતી નથી, કેમ કે ગમે તેટલું લખી-બોલી, છતાં કાંઈક પામી ત્યારે કામ આવે તેવું છે. છ મહિનામાં ન મેળવેલું મેળવી લેવું એ જ ભલામણ.

પત્ર લખતી વખતે આત્મા ઉપાશ્રયે છે, તેથી બરાબર લખાણો નથી.

આત્મા અનંત, તેના ભાવો અનંત, તે પત્રમાં ચીતર્યા કેમ જાય ? તમે મને પૂછેલા પ્રશ્નો,તેના નિર્ણયો મેં કર્યા છે; પણ પત્રમાં લખવાનો અવકાશ નથી. આત્મા છે જ, એનો મને નિર્ણય છે, તે નક્કી માનવું. હજુ મારામાં કાંઈ નથી, જે છે તે છે, બાકી કાંઈ નથી. બસ એ જ પત્ર લખશો.

લિ.
બહેન ચંપાના વંદન



**પત્રાંક — ૭**

(વઢવાણ વિ.સં. ૧૯૮૭)
ઈ.સ. ૧૯૩૧

પરમ પૂજ્ય વડીલ બંધુ !

તમારો પત્ર મળ્યો, વાંચી અતિ આનંદ થયો. મારી પહેલા કાગળની વિચારશ્રેણી ગોટાળાભરી હતી. તેનું કારણ :—એ વિષય બહુ અઘરો છે, તેમ જ હમણાં હું બહુ વિચાર નથી કરતી, પ્રમાદ આવી જાય છે. એક વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી તો ઉપાશ્રયે બેસું છું, સાંજે પ્રતિક્રમણ કરવા જાઉં તે આઠ-નવ વાગ્યે આવું છું. આવ્યા પછી વાતોમાં તથા વાંચવામાં થોડી રાત જાય છે, બાકીનો દિવસ કામકાજમાં જાય છે. શિથિલપણું ઘણું આવી ગયું છે, પ્રમાદપણું ઘણું આવી ગયું છે. વાંકાનેરમાં મેં ઘણું મેળવ્યું હતું. શ્રીમદ્ રાજચંદ્ર સાચું જ લખે છે કે—એકાંતમાં જેટલો સંસાર ક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ કુટુંબરૂપી કાજળની કોટડીમાં થવાનો નથી.

શું આ જગત ? હું કોણ છું ? તમે કોણ છો ? મારાં ભાભી કોણ છે ? દેહને વિષે જ આપણને 'હું'પણું રહ્યાં કરે છે. આ દેહની એકવાર સ્મશાનમાં રાખ થવાની છે, ને આત્મા તો ક્યાંય જતો

રહેવાનો છે. છતાં પણ દેહ ઉપર મમત્વભાવ ક્યાં ઓછો છે? આમ ને આમ આટલા વર્ષો વીતી ગયાં ને બાકીનાં રહેલાં વર્ષો વીતતાં શી વાર લાગશે? આમ ને આમ અનંતકાળ ચાલ્યો ગયો તો આ મનુષ્યદેહ જતાં શી વાર લાગશે? છતાં પણ આંખ ક્યાં ઊઘડે છે? સત્ય વસ્તુ શું છે તેનું ક્યાં ભાન છે? આ દેહ જે અનિત્ય છે તેને વહાલો કરવો છે! ધર્મ...ધર્મ પોકારવું છે, સમકિત સમકિત પોકારવું છે, પુરુષાર્થ કાંઈ કરવો નથી, બેઠાં બેઠાં કોઈ સમકિત આપે તો લેવું છે!

આત્મિક સુખ તો કાંઈક જુદી વસ્તુ છે, તેની ઓળખાણ થઈ નથી, અરે! ગંધ સરખી પણ આવી નથી, અને ઝેરને અમૃત માન્યું છે. આત્માના સુખને પુદ્‌ગલના સુખ જેવું કલ્પ્યું છે. તે સુખ પુદ્‌ગલથી અતીત છે, વચનથી અતીત છે, કલ્પનાથી અતીત છે તે સુખ, પૌદ્‌ગલિક સુખમાં આનંદ માનનારા પાસે ઢોળવામાં આવે પણ તે સુખનો સ્વાદ—તે આનંદ તેને આવતો નથી. પૌદ્‌ગલિક સુખમાં આનંદ માનનારાને તે સુખની કિંમત થતી નથી. જે આત્મા પૌદ્‌ગલિક સુખથી કંટાળેલો હોય, તે સુખ જેને ખોટાં જ ભાસતાં હોય, તેને તે અમૃતપિંડ મળે છે; તેની કિંમત પણ તેને થાય છે.

તમે લખો છો કે 'તમે તો નાનપણમાં જ સમકિતનું નામ સાંભળ્યું'. પણ નામ સાંભળ્યું તેમાં શું વળ્યું? નામ તો ઘણીયે વાર સાંભળ્યાં. આપણે પૂર્વનાં પુણ્ય એવાં સંચેલાં છે કે આપણા માટે વસ્તુ તૈયાર જ છે. પૂજ્ય કાનજીમહારાજ જેવા મહાત્માનો સમાગમ, શ્રીમદ્ રાજચંદ્ર જેવા મહાન આત્માનું પુસ્તક વગેરે નિમિત્તો તૈયાર છે; છતાં આપણા પુરુષાર્થની જ કચાશ છે. 'હું

આત્મા ને આ જડ' એમ મોઢે બોલ્યા કરવું છે પણ શ્રદ્ધામાં તો મીંડું ! 'હું આત્મા ને આ જડ' એટલી પણ અંતઃકરણપૂર્વક સાચી શ્રદ્ધા થાય, ને જડમાં ભળતાં આત્મા સંકોચ પામે, તો ઉદાસીન થાય; તોપણ વ્યવહારે શ્રદ્ધા કહેવાય અને આગળ વધતાં નિશ્ચય સમકિત પમાય.

આને તો (હજુ) પુદ્‌ગલમાં રચ્યું-પચ્યું રહેવું છે. પૌદ્‌ગલિક સુખ પણ જોઈએ છે ને આત્મિક સુખ પણ જોઈએ છે, તે ક્યાંથી મળે ? જેને એમ લાગે કે પૌદ્‌ગલિક સુખ ખોટું છે, (સાચું સુખ) આથી બીજું હોવું જોઈએ. તે મેળવવામાં તેની તાલાવેલી હોય; તેથી તેને તે મળે છે. તે સુખ માટે તે રડે છે. આપણે તો દેહનું સુખ રાખીને આત્મિક લેવા જઈએ છીએ તે ક્યાંથી મળે ?

અહા જીવ ! શી તારી મૂઢતા ! શી તારી વિભાવદશા !

પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને રસબંધ—એની સમજણ કર્મગ્રંથમાં પણ છે.

જીવ અનંતકાળથી કદાગ્રહ ને માનને લીધે રખડ્યો છે, નહિતર આ દશા ન હોય.

બસ, એ જ.

લિ.
બહેન ચંપાનાં સવિનય પ્રણામ



## પત્રાંક – ૮

વાંકાનેર
(સં. ૧૯૮૭) ઈ.સ. ૧૯૩૧

(પૂજ્ય ભાભી!)

પૂજ્ય કાનજીમહારાજનું વ્યાખ્યાન સાંભળ્યા પછી હૃદયમાં એવા સરસ ભાવો આવતા કે તેનું વર્ણન શું કરું ? ઓ પ્રભુ ! મને સદા પૂજ્ય કાનજીમહારાજનો તથા ધર્મીનો સત્સંગ હોજો એવું હું ઈચ્છું છું. જ્યાં સુધી 'સારા નિમિત્તે ચડાશે ને નરસા નિમિત્તે પડાશે' એવી દશા છે ત્યાં સુધી આત્માનું કલ્યાણ થવું દુર્લભ છે. (ગમે તેવું નરસું નિમિત્ત હોય પણ હૃદયમાંથી ઊંડે ઊંડે ધર્મની ધગશ જવાની નથી.)

તમે જાણતા હશો કે હું અહીં એકલી, ધર્મનું વાતાવરણ પણ નહિ. પરંતુ મૂંઝાશો નહિ, હું પણ અહીં એકલી જ છું, અહીં પણ ધર્મનું વાતાવરણ નથી. જીવ એકલો આવ્યો ને એકલો જ જવાનો છે, તો પછી જ્યારે તેને પરવસ્તુનો વિયોગ થાય ત્યારે મૂંઝાતો શા માટે હશે ? પણ મને તો અત્યારે ધર્મીથી દૂરપણું છે; નિમિત્તાધીન વૃત્તિ છે ત્યાં સુધી નિમિત્તની જરૂર છે. પોરબંદરની અંદર મારા દિવસો પૂજ્ય કાનજીમહારાજના રટણમાં જ જતા. વિચાર પણ એ જ, સ્વપ્ન પણ એ જ. પોરબંદરથી આવ્યા તે દિવસની રાત્રે પણ પૂજ્ય કાનજીમહારાજનાં સ્વપ્નાં આવતાં હતાં. બીજા દિવસથી સાંસારિક પ્રવૃત્તિએ ઘેરો ઘાલ્યો તેથી વિચાર અર્ધા પ્રવૃત્તિના ને અર્ધા ધર્મના રટણના આવે. પરંતુ સ્વપ્નામાં ફેર પડ્યો. મુનિ મહારાજનાં સ્વપ્નાંને બદલે સાંસારિક પ્રવૃત્તિના સ્વપ્નાં આવવા લાગ્યાં.

જેટલી આજીવિકા માટે પ્રવૃત્તિ થાય છે તેટલી જ આત્મા માટે થશે ત્યારે ધન્ય થશે. જો વસ્તુ સમજાય કે 'આ વસ્તુનું સ્વરૂપ આમ છે ને આ વસ્તુનું સ્વરૂપ આમ છે', તો તો આત્મા માટે પ્રવૃત્તિ થાય. પરંતુ જાણવાની ખરી જિજ્ઞાસા-પિપાસા જ જાગી નહિ હોય તેથી સમજાતું નથી.

પૂજ્ય કાનજીમહારાજનું વ્યાખ્યાન મેં ઉતાર્યું છે. બીજું, તમે લખો છો કે મને એક પ્રશ્ન પૂછશો. મારા ભાઈએ 'આત્મસિદ્ધિ' શાસ્ત્રના અર્થ વઢવાણ સમજાવ્યા હતા. તો હું પૂછું છું કે—

પ્રશ્ન : (૧) દેહને આત્મા જુદા છે તેની સાબિતી શું ? કેમ કે તે (આત્મા) આપણા દેખવામાં તો આવતો નથી. તો 'આત્મસિદ્ધિ' શાસ્ત્રની અંદર જેટલી દલીલ છે તેના અર્થ કરી લખી જણાવશો.

પ્રશ્ન : (૨) જો દેહ ને આત્મા જુદા હોય તો તે (આત્મા) નિત્ય છે તેની મુખ્ય દલીલો શું ? ઘણા કહે છે કે 'આત્મા અનિત્ય છે, ક્ષણિક વસ્તુ છે'; માટે તેની નિત્યતાની દલીલ 'આત્મસિદ્ધિ' શાસ્ત્રની અંદર છે તેના અર્થ કરી, (શ્રીમદ્ રાજચંદ્ર) પુસ્તકમાં જોયા વિના લખી જણાવશો. 'આત્મસિદ્ધિ' શાસ્ત્ર પૂરું કર્યું હશે. સામાયિક કરતાં હશો. પ્રતિક્રમણ શીખતાં હશો. બસ એ જ. પત્રનો જવાબ તુરત લખશો.

મારા ભાઈની તબિયત સારી હશે. આપણે બધા ભેગાં હોઈએ તો કેવું સારું ?

પૂજ્ય કાનજીમહારાજના સત્સંગમાં વૈરાગ્યને પોષણ મળતું હતું. વૈરાગ્યનું સિંચન થતું હતું.

લિ. તમને હરઘડી યાદ કરનાર
બહેન ચંપાના પાયવંદન



**પત્રાંક — ૯**

વાંકાનેર, સં. ૧૯૮૭
ઈ.સ. ૧૯૩૧

પૂજ્ય ભાભીશ્રી !

તમારો પત્ર મળ્યો. વાંચી હકીકત જાણી. તમે પ્રશ્નોના જે જવાબ લખ્યા છે તે સાચા છે. જ્ઞાનાવરણીયનું આવરણ તમને જરા ઓછું હોવાથી પુરુષાર્થ કરી જ્ઞાનને ખીલવશો.

અમે સંવત્સરી પ્રતિક્રમણ કર્યું છે, તમે પણ કર્યું હશે. આજ સુધીમાં મારાથી કાંઈ અવિનય અપરાધ અશાતના થઈ હોય તો અંતઃકરણપૂર્વક પુનઃ પુનઃ ખમાવું છું.

તમારે આસો મહિને વાંકાનેર આવવું છે કે પોરબંદર જવું છે કે દાલોદ જવું છે ? તમારા પિતાશ્રી વઢવાણ આવ્યા હતા ને આસો મહિનો આખો તમને દાલોદ લઈ જવા કહેતા હતા. તો તમારે જ્ઞાનને આવરવા માટે દાલોદ જવું છે કે જ્ઞાનનો ઉઘાડ કરવા પોરબંદર જવું છે ? જેવી તમારી ઈચ્છા.

બીજું, પુણ્ય બાંધી, મનુષ્ય-આયુષ્ય બાંધી, આપણા સાથે ભત્રીજારૂપે સંબંધ બાંધી, એક આત્મા અહીં જન્મ પામ્યો છે. મોટાં ભાભી તથા તે પુણ્યવંત આત્માની તબિયત સારી છે.

પત્ર જલદી લખશો.

લિ. બહેન ચંપાનાં પાયવંદન



( ૪૧ )

**પત્રાંક — ૧૦**

વિ.સં. ૧૯૮૭
ઈ.સ. ૧૯૩૧

પરમ પૂજ્ય ભાઈ !

આ સાથે, 'આ જગત શું છે ? ને વિચિત્રતાનું કારણ શું ?' તે વિષે લખી મોકલ્યું છે. તેમાં જે ભૂલ હોય તે જરૂર લખી જણાવશો.

આ લેખની અંદર બીજી ઘણી લપ કરી છે, પણ તેવું લખવાની મને ઘણી જ ઈચ્છા થઈ તેથી લખ્યું છે. ભૂલ જરૂર લખી જણાવશો.

આ આત્માને, અત્યારના ભાવ પ્રમાણે, એકાંત પ્રિય છે, સત્યની તથા સમકિતની અભિલાષા છે. આત્માનું અસ્તિત્વ, મોક્ષ, મોક્ષનો ઉપાય વગેરે ઊંડા વિચાર કરતાં, આ લેખમાં લખ્યા પ્રમાણે જણાય છે. હજુ આત્મિક પલટો નથી થયો. તે પ્રમાણે કરવાની અભિલાષા છે. હૃદયથી સાચો નિર્ણય કરીએ તો જ સાચી શ્રદ્ધા કહેવાય. સિદ્ધાંતના કહેવા ઉપર શ્રદ્ધા રાખવી તે સાચી શ્રદ્ધા કહેવાય નહિ. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કરવામાં ચિત્ત બહુ પરોવાઈ ગયું છે, છતાં સાંસારિક પ્રવૃત્તિ કરતી વખતે તે વિચારોને એક બાજુ મૂકવા પડે છે.

તમારા સત્સંગ પછી જાણપણું વધતું ચાલ્યું છે. તે જાણપણું થવાનું મુખ્ય નિમિત્ત-કારણ તમે હોવાથી મારા ઉપર તમારો ઉપકાર છે. તમારી તબિયત સારી હશે. સંવત્સરી સંબંધી ક્ષમાવું છું. બસ એ જ.

લિ. બહેન ચંપાના પાયવંદન



વિશેષ — ૧

વિ.સં. ૧૯૮૭,
ઈ.સ. ૧૯૩૧

## ક્યા માર્ગે છું ?

(પૂજ્ય બહેનશ્રીએ લખેલું)

હું ક્યા માર્ગે છું તે હું સમજી શકતી નથી. આત્માને પોતાના ગુણદોષ જોવાનો અભ્યાસ જ નથી. પારકા દોષ જોવાનો જીવને અનાદિ કાળથી અભ્યાસ છે. જો કોઈ જીવને એમ પૂછવામાં આવે કે ફલાણો મનુષ્ય ક્યા માર્ગે છે તે કહી આપો, તો તો ઝટ કહી આપે છે. પણ કદી અંતરમાં ઊતરીને વિચાર કર્યો નથી કે હું ક્યા માર્ગે છું. અત્રે મારી દશા એવી છે કે-એક વાર મારે નિવૃત્તિ લેવી છે, ખોળી ખોળીને દોષ કાઢવા છે, મોક્ષનું બીજ પ્રાપ્ત કરવું છે; પણ ક્યારે કરીશ ? એક વાર... એક વાર....એક દિવસ કહેતાં કહેતાં આખી જિંદગી તો નહિ વહી જાય ને ? અત્રે પ્રમાદાવસ્થા છે, તેનાં નિમિત્તો મળતાં, શિથિલપણું હોવાથી, સત્યાસત્યનો વિચાર થઈ શકતો નથી. તેથી હૃદયમાં ઊંડે ઊંડે દુઃખ થાય છે, થોડા દિવસો પહેલાં હૃદય વ્યાકુળ થઈ ગયું હતું. એને એમ થતું હતું કે હે જીવ ! તું સત્ય ક્યારે શોધીશ ? એમ વિચાર આવવાથી દુઃખ થતું હતું પણ બુદ્ધિ અલ્પ

હોવાથી, પ્રમાદાવસ્થા હોવાથી, સત્યાસત્યનો વિચાર કાંઈ સ્ફુરાયમાન ન થયો, ને તેથી હૃદય વ્યાકુળતાને પામ્યું. વળી પાછું, નિમિત્ત મળવાથી, આનંદિત થઈ ગયું. આમ ઘડી-ઘડીની સ્થિતિ છે.

મને સત્ય મેળવવાની ખટક તો ઊંડે ઊંડે રહે છે, પણ તે સાચું વેદન હશે કે ભ્રાન્તિરૂપે—તે હું સમજી શકતી નથી. હે પ્રભુ ! મારું આ વેદન ભ્રાન્તિરૂપે હોય તો સાચું વેદન ઉત્પન્ન કરાવ, સત્યને સમજાવ.

અત્રે જીવને એકાન્ત ગમે છે. કોકને એકાન્ત દુઃખદાયક લાગે છે, મને તો એકાન્ત સુખદાયક લાગે છે. સામાન્ય મનુષ્ય સાથે મારી દશા સરખાવી જોઉં તો માત્ર 'ધર્મની રુચિ થઈ છે' એટલી ઊંચી છે. જ્ઞાની પુરુષ સાથે મારી દશા સરખાવવા જતાં 'હું એક પામર પશુ છું' એમ મને લાગે છે. ઘણી વાર આત્મા પ્રમાદ સહિત થઈ જાય છે.

અત્રે પ્રમાદાવસ્થા છે. થોડા મહિના પહેલાં મારી દશા અત્યારના પ્રમાણમાં ઊંચી હતી; આત્માને પુરુષાર્થ કરવો જરા સૂઝતો હતો; કષાયોને જીતતો હતો. અત્યારે પ્રમાદ છે. ઘણી વાર સત્યાસત્યની ગડમથલના વિકલ્પોમાં આ જીવ ગૂંચાય છે. આમ ઘડી-ઘડીની સ્થિતિ છે.

## (અંગત નોંધ)

વિ.સં. ૧૯૮૮

આ પ્રકારની બાધા મેં કારતકી પૂનમ સુધી લીધી છે. મેં કારતકી પૂનમ સુધી ખાંડની તથા સાકરની બાધા લીધી છે. ચૈત્ર સુદી ચૌદશથી કારતકી પૂનમ સુધી બે ટંક ખાવું, વચ્ચે કાંઈ ન ખાવું—એવી બાધા લીધી છે. કેરીટાણામાં પાકી કેરીની મારે બાધા છે.



**વિશેષ – ૨**

(વિ.સં. ૧૯૮૭)
ઈ.સ. ૧૯૩૧

## ક્યા માર્ગે છીએ ?

(પૂજ્ય બહેનશ્રીએ લખેલું)

ચૌદ-પંદર વર્ષની ઉંમરે મારી દશા એવી હતી કે-મનુષ્યભવ પામવો દુર્લભ છે. સત્ય, બ્રહ્મચર્ય, દયા વગેરે પાળવું જોઈએ, તે હું સમજી શકતી હતી; આત્માર્થી પુરુષોનાં ચરિત્રો સાંભળી વૈરાગ્ય ઉત્પન્ન થતો હતો.

ચૌદ-પંદર વર્ષની વયે મને ધર્મનું વાવેતર કરનાર સત્સંગ મળ્યો. ત્યારે મારા ભાવ એવા હતા કે-આત્માર્થીનાં ચરિત્રો સાંભળી વૈરાગ્ય ઉત્પન્ન થવા લાગ્યો. ઘણી વાર સંયમ લેવાના ભાવ થતા; પણ સંયમ એટલે શું, સંયમ લેનારે કેવા ચારિત્રો પાળવાં જોઈએ, તે કાંઈ પણ સમજી શકતી નહોતી. પરંતુ એટલું તો ખરું કે ધર્મ ઉપર ભાવ ચોંટ્યા તે પૂર્વજન્મના સંસ્કાર હતા. એમ કરતાં કરતાં અમારે સ્વદેશમાં આવવાનું થયું. ત્યાં પૂર્વના પુણ્યે સત્સંગ મળ્યો. આત્મા શું ? પુણ્ય શું ? પાપ શું ? એ સર્વ બોલવારૂપે જાણ્યું. અત્યારે મારી દશા એવી છે ત્યાં શું કરું ? શું નિશ્ચયપૂર્વક લખું કે અમે ક્યા માર્ગે છીએ ? એકાન્ત હું કાંઈ પણ લખી શકતી નથી. માટે હું તો પુણ્યના પંથે, પાપના પંથે તથા સત્ય મેળવવાના પંથે છું.

જ્યારે શુભ વિચારો આવે ત્યારે પુણ્યનો બંધ છે, પ્રમાદપ્રેરિત આત્મા હોય ત્યારે પાપનો બંધ છે. હે પ્રમાદ! તું સિધાવ. હે પુરુષાર્થ! તું પ્રગટ થા.




## વિશેષ — ૩

### રત્નકણિકા

(પૂજ્ય બહેનશ્રીના સમ્યક્ત્વ પામ્યા પહેલાના લખાણમાંથી)

આત્મા જ્ઞાનસ્વભાવી છે, તે જાણે છે; દેહ જડ છે, તે જાણતો નથી. માટે આત્મા ને દેહ એક નથી, જુદા છે. આમ આત્માનું દેહથી ભેદજ્ઞાન કરવું.

જેમ કાળીજીરીના ભૂકામાં મૂકેલો સાકરનો ગાંગડો ઉપર-ઉપરમાં કડવો થાય પણ અંદરમાં કડવો થતો નથી, તેમ ક્રોધભાવે પરિણમતો આત્મા ઉપર-ઉપરમાં (દશામાં) ક્રોધી થાય પણ અંદરમાં (મૂળ સ્વભાવે) ક્રોધી થતો નથી, અર્થાત્ મૂળ ક્ષમાસ્વભાવ એવો ને એવો જ રહે છે. માટે આત્મા મૂળ સ્વભાવે ક્રોધથી જુદો છે. આમ આત્માનું ક્રોધથી ભેદજ્ઞાન કરવું.



## પત્રાંક – ૧૧

(વિ.સં. ૧૯૮૭-૮૮)
ઈ.સ. ૧૯૩૧-૩૨

સત્સંગયોગ્ય શ્રી સુશીલાભાભી !

હાલમાં તમારો પત્ર નથી તો લખશો.

ભાભી ! તમે લખો છો કે લાંબા પત્રો લખી ધર્મનું વિવેચન કરશો.

તમે લખ્યું છે તેથી ઉદીરણા કરીને લખું છું.

ભાભી ! આજકાલ કરતાં ઘણા દિવસો વીતી ગયા, અરે ! અનંતો કાળ વીતી ગયો, પણ સત્ય સુખ ન મળ્યું, તે ઓછું ખેદદાયક છે ? આ જગત શું ? આ જગતની રચના શું ? આત્મા શું ? પુનર્જન્મ શું ? આ બધા અનેક જાતના વિકલ્પો શું ? પરવસ્તુ

શું ? એ બધાંનો વિચાર કરતાં મૂંઝવણ આવી જાય છે, જિંદગી નીરસ લાગે છે, હૃદય રડે છે. પણ તે રડવું ખોટું છે. અનંત કાળથી અનંતી વેદના સહી છતાં કંટાળો કાં ન આવે ? ધ્રુજારી કાં ન છૂટે ? સત્યની તાલાવેલી કાં ન જાગે ? સંસારમાં એકાંત દુઃખ કાં ન લાગે ? હજુ સંસારમાં એકાંત દુઃખ આ જીવને લાગ્યું જ નથી, નહિતર સંસાર પાછળ આટલો બધો ન મરી પડે.

અહા જીવ ! અહા પ્રભુ ! કદી પણ તને પ્રભુના વિયોગે દુઃખ થયું છે ? અંદરથી દર્શન માટે હૃદય રડ્યું છે ? પ્રભુનો વિયોગ તને સાલ્યો છે ? અરેરે ! હજી તો આ માંહેલું કાંઈ પણ નથી ત્યાં પ્રભુ ક્યાંથી મળે ? આમ ને આમ જ હજુ શું અનંતો કાળ ચાલ્યો જશે ?

પ્રભુ ! તારાં દર્શન માટેનું પહેલું પગથિયું ઉદાસીનતા છે. સંસાર તરફ ઉદાસીનતા આવવાથી પ્રભુનાં દર્શન થશે. સત્યાસત્યનો નિર્ણય થાય તો મુક્તિનો માર્ગ મળે છે.

હજુ મારામાં તો કાંઈએ નથી. હજુ સંસાર વહાલો લાગે છે, નહિતર આમ ન હોય. ભાષાથી બોલવું, પત્રમાં લખવું, તે નકામી વાતો કર્યા જેવું છે.

તમારી તબિયત સારી હશે. નવ તત્ત્વ શીખતાં હશો. આધ્યાત્મિક વિચારો કેવાક ચાલે છે તે લખશો. પત્ર જરૂર લખશો.

લિ.
બહેન ચંપાનાં વંદન



## પત્રાંક – ૧૨

વાંકાનેર (વિ.સં. ૧૯૮૯)
ઈ.સ. ૧૯૩૩

.....!

તમારી વિશેષ જિજ્ઞાસાથી આ પત્ર લખું છું. મેં જામનગરથી આવ્યા બાદ પૂજ્ય કાનજીમહારાજનું વ્યાખ્યાન ઉતાર્યું છે.

ભવ્ય-અભવ્યની ચિંતા હમણાં ન કરવી. ભવી હશે તે મોક્ષ પામશે જ એમ કાંઈ નથી. ભવ્ય જીવમાં મોક્ષ પામવાની લાયકાત છે, પણ પુરુષાર્થ કરે તો પામે. પુરુષાર્થ વિના ત્રણ કાળમાં મોક્ષ મળે તેમ નથી. અનંતા ચોથા આરા ભેગા થાય પણ પુરુષાર્થ વિના એની મેળે મોક્ષ નહિ થાય. અનંતકાળ સુધી ભવી-અભવી બંને રહેવાના છે, તેનું કારણ એ કે-ભવ્ય જીવો પુરુષાર્થ કરતા નથી તેથી મોક્ષ પામતા નથી. માટે હમણાં તો આપણે પુરુષાર્થ જ કરવો યોગ્ય છે. જેમ બને તેમ સંસારપ્રીતિ ઓછી કરવી. તેમ કર્યા વિના છૂટકો નથી. તેમ કર્યા વિના આ પર્યટનનો કિનારો આવવાનો નથી. જો આપણે ખરેખરાં આ પર્યટનથી થાક્યાં હોઈએ, 'હવે ઘણી થઈ' એમ લાગતું હોય ને વિશ્રાન્તિ લેવા ઈચ્છતાં હોઈએ, તો પુરુષાર્થ કર્યા વિના, તાલાવેલી જગાડ્યા વિના, ઉદાસીનતા વિના ને વૈરાગ્યની ધારા વિના ત્રણ કાળમાં આત્મસ્વરૂપને પામવાનાં નથી.

અનાદિકાળ થયાં જીવ સુખ સુખ ઝંખ્યા કરે છે, સુખની

પાછળ ઝૂર્યા કરે છે. તે સુખનું સાચું સ્વરૂપ સત્પુરુષો જ જાણે છે. જીવ 'જડમાંથી સુખ આવે છે' એમ ઊંધું માનીને બેઠો છે, ભ્રાન્તિમાં પડ્યો છે. પરંતુ તે સુખગુણ કે આનંદગુણ પોતાનો છે, પોતામાંથી પ્રાપ્ત થવાનો છે, અનંત આનંદમય કે સુખમય પોતે જ છે.

અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે; કોઈવાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈવાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સ્વરૂપ મેળવતાં અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો—આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંતવાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો ક્યા ભવે કરશે? હે જીવ ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે.

તમારું તો નિરુપાધિમય જીવન છે. હજારો ઉપાધિઓ વચ્ચે પણ પુરુષાર્થ કરી તરી જાય એવા આત્માઓ છે, તો આપણું તો નિરુપાધિમય જીવન છે. શું આ જીવે ક્યારેક પુરુષાર્થ કરવા ધાર્યો છે ? હજુ તેને પરિભ્રમણ વહાલું લાગતું હશે ? ખરેખર, તેમ ન હોય તો પુરુષાર્થ કર્યા વિના તેને નિરાંત વળે નહિ. તેને પોતાના સ્વરૂપ પર શ્રદ્ધા નથી, તેના પર વહાલ નથી, પરવસ્તુ પર વહાલ છે, પરિભ્રમણનો થાક નથી, 'હું બંધાયો છું, મારું સ્વરૂપ જુદું છે'

તેનું ભાન નથી. બંધનને મૂર્ખ પણ ન ઈચ્છે, ત્યારે આ જીવ બંધનને ઈચ્છે છે તે એક આશ્ચર્ય છે.

આખો સંસાર સુખને ઈચ્છે છે. સુખી સુખને ન ઈચ્છે, દુઃખી સુખને ઈચ્છે. સુખીને તો એમ થાય કે 'અમે હવે સુખી થઈ ગયા, હવે અમારે કાંઈ ઈચ્છા નથી'.

અનંતકાળથી ઘણાય સદ્‌ગુરુઓ મળ્યા ને ઘણુંય કહ્યું, પણ જીવ ક્યાં માને છે? શ્રદ્ધા ક્યાં લાવે છે? જીવ-કર્મનો સંયોગ અનાદિ છે. તેમાં પહેલાં-પછીપણું કાંઈ નથી. તે પહેલાં બંધાયેલ નહોતો અને પછી બંધાયો-એમ નથી. પણ તેમનો સંબંધ અનાદિ છે.

આ જીવ અનાદિકાળના પરિભ્રમણથી થાકતો કાં નથી? શું તેને વિશ્રાંતિ લેવી નહિ ગમતી હોય?

પુરુષાર્થ કર્યા વિના કર્મો તૂટવાનાં નથી. હે જીવ! પુરુષાર્થ કર્યા વિના છૂટકો નથી. પુરુષાર્થ કર્યા વિના આ પર્યટનનો કિનારો આવવાનો નથી.

વૈરાગ્ય ને સમભાવનું બળ વધારવું. અત્યારે મને તમને— સૌને એ જ કર્તવ્ય છે.

કોઈ પુરુષ બંધન ન ઈચ્છે, ને આ આત્મા બંધન ઈચ્છે છે એ એક આશ્ચર્ય છે.

પૂજ્ય કાનજીમુનિના દર્શન કરવા યોગ્ય છે. હું બહુ પ્રમાદી છું. કાંઈ કરતી નથી. મારી કિંમત ઊંચી ન ટાંકશો.

લિ.
બહેન ચંપાના વંદન



## પત્રાંક – ૧૩

(વઢવાણ, વિ.સં. ૧૯૮૭-૮૮)
ઈ.સ. ૧૯૩૧-૩૨

(પૂજ્ય બહેનશ્રીના પત્રોમાંથી)

હું વૈરાગી જીવોનો ઉપદેશ વાંચું છું. તેવા જીવોનો વૈરાગ્ય ખરેખર પુરુષાર્થ જગાડે એવો છે. આપણને બધાંને તો ડાહી ડાહી વાતો કરતાં આવડે છે.

પૂજ્ય કાનજીમહારાજનું સંવેગ-નિર્વેદનું વ્યાખ્યાન તો અદ્‌ભુત હતું. તે જ્ઞાનની ચડતી કળાનું ભાન કરાવે છે.

આત્માનુભવ જેવી વસ્તુ તો છે, પણ તેની કિંમત જેને સંસાર ખારો લાગે તેને થાય, સંસારમાં જેને ક્યાંય સુખ ન લાગે તેને થાય. હજી આપણે તો સંસારને વહાલો કરીને બેઠાં છીએ અને આત્મિક સુખ જોઈએ છે તે ક્યાંથી મળે ? સંસાર સાચો છે કે ખોટો-તેનો નિર્ણય કરીએ અને અન્તર્ગતથી એમ લાગે કે સંસારમાં એકાંત દુઃખ જ છે, તો પછી સુખની શોધમાં જવાની તાલાવેલી જાગે. સંસાર,

વિચાર કરતાં હળાહળ ઝેર જેવો લાગી જાય, તો પછી અમૃત ક્યાંક હોવું જોઈએ એવી શ્રદ્ધા થાય. એમ થાય કે-ઓ પ્રભુ! સંસાર દુઃખથી ભરપૂર છે, આથી જુદી જાતનું સુખ હોવું જોઈએ. તેની શોધ કરવા, પછી તો, હૃદય રડવા લાગે. મહાપુરુષોને સંસાર ખોટો લાગ્યો હતો તેથી પ્રભુનાં દર્શન માટે એટલી તાલાવેલી જાગી હતી.

પહેલાં આપણે વિચાર કરવો જોઈએ કે સંસારમાં સુખ છે કે દુઃખ? સંસારમાં જેને સુખ લાગે તેને આત્મિક સુખ ઘણું દૂર છે. જેને સંસાર હળાહળ ઝેર જેવો લાગે તેને આત્માનુભવ નજીક છે. અહા! અનાદિકાળનાં આયુષ્ય આમ ને આમ વ્યતીત થયાં, તો આ આયુષ્ય જતાં શી વાર લાગશે? આપણે તો પ્રમાદી થઈને બેઠાં છીએ. હું ઘણી પ્રમાદી થઈ ગઈ છું. મારું બધું-ધ્યાન ને એ સર્વ-હમણાં ખૂબ ડહોળાઈ ગયું છે.

સહજ ચિદાનંદ.

આપણે તો સમકિત સમકિત કરીએ છીએ પરંતુ લાયકાત કે પાત્રતા વિના સમકિત ક્યાં સમાશે?

હમણાં હું કાંઈ પણ વાંચતી નથી આમને આમ જ મનુષ્યભવ ચાલ્યો જવાનો છે? હજુ હમણાં જ પંદર વર્ષ હતાં ને ઘડીકમાં અઢાર વર્ષ થઈ ગયાં; તો પછી વીશ ને પચીશ વર્ષ થતાં શી વાર લાગશે? આમ ને આમ જ જિંદગી પૂરી થવાની છે?

## પૂજ્ય બહેનશ્રી સ્વાનુભવપ્રાપ્તિ પહેલાં નિજ-પ્રભુવિરહના તીવ્ર વેદનપૂર્વક ગાતાં હતાં તે ગીતના કેટલાંક પદ

દૂર કાં પ્રભુ! દોડ તું, મારે રમત રમવી નથી;
આ નયનબંધન છોડ તું, મારે રમત રમવી નથી. ...દૂર૦ ૧.

પ્યાસુ પરમ રસનો સદા, શોધું પરમ-રસ-રૂપને;
અનુભવ મને અવળો થયો, એવી રમત રમવી નથી. ...દૂર૦ ૨

હું તો સુધાનો સ્વાદિયો, ચાલ્યો સુધાની શોધમાં;
ત્યાં ઝેરનો પ્યાલો મળ્યો, એવી રમત રમવી નથી. ...દૂર૦૩

તું આવીને ઉત્સાહ દે કાં ફેંક કિરણ પ્રકાશનાં;
આ લક્ષ વિણ રખડી મર્યાની, રમતને રમવી નથી. ...દૂર૦ ૪

હે તાત! તાપ અમાપ આ, તપવી રહ્યા છે ત્રિવિધના;
એ તાપમાંહી તપી મર્યાની, આ રમત રમવી નથી. ...દૂર૦૫

નથી સહન કરી શકતો પ્રભુ! તારા વિરહની વેદના;
હે દેવ! તુજ દર્શન વિના, મારે રમત રમવી નથી. ...દૂર૦ ૬

નથી સમજ પડતી હે પ્રભુ! કઈ જાતની આ રમત છે;
ગભરાય છે ગાત્રો બધાં, મારે રમત રમવી નથી. ...દૂર૦ ૭

હોયે રમત ઘડી બે ઘડી, બહુ તો દિવસ બે ચારની;
આ તો અનંતા યુગ ગયા, એવી રમત રમવી નથી. ...દૂર૦ ૮

ત્રિભુવનપતિ! તુજ નામના થાક્યો કરી કરી સાદને;
સુણતા નથી ક્યમ દાસને, આવી રમત રમવી નથી. ...દૂર૦ ૯

## પૂજ્ય બહેનશ્રી સમ્યક્ત્વપ્રાપ્તિ પહેલાં બહુ વેદનપૂર્વક ગાતાં હતાં તે ગીત

કંચનવરણો નાહ રે, મુને કોઈ મિલાવો; કંચન૦
અંજન-રેખ ન આંખન ભાવે, મંજન શિર પડો દાહ રે; મુને૦ કંચન૦

કૌન સેન જાને પર મનકી, વેદન વિરહ અથાહ રે, મુને૦
થરથર ધ્રૂજે દેહડી મારી, જિમ વાનર ભરમાહ રે; મુને૦ કંચન૦

દેહ ન ગેહ ન નેહ ન રેહ ન, ભાવે ન દુહા ગાહા રે, મુને૦
'આનંદઘન' વહાલો બાંહડી ઝાલે, નિશદિન ધરું રે ઉમાહા રે;
મુને૦ કંચન૦

## સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં પૂજ્ય બહેનશ્રી ભાવપૂર્વક ગાતાં હતાં તે ત્રણ કાવ્યપદ

કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવ-અંતનો ઉપાય છે.

સંગત્યાગી, અંગત્યાગી, વચનતરંગત્યાગી,
મનત્યાગી, બુદ્ધિત્યાગી, આપા શુદ્ધ કીનો હૈ.

સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત્ર રહે તદ્ધ્યાન મહીં;
પ્રશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.



## વિશેષ – ૪

વિ.સં. ૧૯૮૫(ઈ.સ. ૧૯૨૯)ની સાલના
પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના વ્યાખ્યાનમાંથી

### પૂજ્ય બહેનશ્રીએ ગ્રહણ કરેલ

આત્મા જ્ઞાન આદિ અનંત ગુણોથી ભરેલો છે, અનુપમ છે; તે આત્મા દેહાતીત, વચનાતીત, વિકલ્પાતીત, નિર્વિકલ્પસ્વરૂપ છે. તે આત્મા દેહથી, વચનથી, વિકલ્પોથી પેલે પાર બિરાજે છે; ત્યાં અંતરમાં ઊંડો જાય તો પ્રગટ થાય છે. તેને અંતરથી ઓળખ, અંતરમાં જઈ અનુભવ કર. તે જ કરવાયોગ્ય છે. (હે જીવ! પુરુષાર્થ કરી, બધાથી ન્યારો થઈ, આત્માને ઓળખ.)



વિશેષ — ૫

## પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનની નિજાનંદવેદન સંબંધી નોંધ

# આનંદનો દિવસ

સહજ ચિદાનંદ.

ઈ.સ. ૧૯૩૩
વાંકાનેર, સં. ૧૯૮૯
સાંજે ૩॥ લગભગ

ફાગણ વદ દશમ ને સોમવારે બપોરે સામાયિકમાં નિજ સ્વરૂપ અનુભવાયું. અનંતકાળથી નહિ સમજાયેલું સ્વરૂપ સમજાયું. આનંદસાગર ઊછળી રહ્યા હતા. તે સ્વરૂપ આશ્ચર્યકારી અને અદ્‌ભુત છે. પરમ ઉપકારી પરમ પ્રતાપી સદ્‌ગુરુદેવને નમસ્કાર.

## વિશેષ — ૬

### ફાગણ વદ દશમના માંગલિક દિવસે થયેલી

### સ્વાનુભૂતિ સંબંધી પૂજ્ય બહેનશ્રીની નોંધ

## ફાગણ વદ દશમનો અપૂર્વ દિવસ

ઈ.સ. ૧૯૩૩

વાંકાનેર, સં. ૧૯૮૯ (ચૈત્રમાસે લખાયેલું)


સ્વસ્વરૂપનું લક્ષ આવતાં, ફાગણ વદ દશમ ને સોમવારે બપોરે જ્ઞાતાધારાની વૃદ્ધિ થતાં, તે સ્વરૂપનું ધ્યાન થતાં, તેમાં એકાગ્ર થતાં, તે સ્વરૂપમાં વેગ તીવ્રતાએ આવી ઉપયોગ પરલક્ષથી છૂટો પડી પોતાના સ્વસ્વરૂપમાં સ્થિર થઈ, ચૈતન્યભગવાન તે સ્વરૂપને અનુભવતા હતા. પોતાના નિર્વિકલ્પ સહજ સ્વરૂપમાં ખેલી રહ્યા હતા, રમી રહ્યા હતા. અનુપમ ને અદ્‌ભુત એવા આત્મદ્રવ્યની મહિમા કોઈ અપાર છે! ચૈતન્યદેવ આનંદતરંગોમાં ડોલતા હતા.

અહા! અનંતકાળથી છુપાયેલા આત્મભગવાન પ્રગટ થયા; તેનો છૂપાયેલો એવો અનુપમ અમૃતસ્વાદ વેદાયો, અનુભવાયો.

હે શ્રી સદ્‌ગુરુદેવ! તે આપનો જ પ્રતાપ છે.

અપૂર્વ આત્મસ્વરૂપ પ્રગટ્યું તે પરમકૃપાળુ સદ્‌ગુરુદેવનો જ પ્રતાપ છે.

ભારતખંડમાં અપૂર્વ મુક્તિમાર્ગ પ્રકાશનાર પરમ ઉપકારી ગુરુદેવને નમસ્કાર.



## પત્રાંક – ૧૪

વઢવાણ
વિ.સં. ૧૯૮૯, ચૈત્ર
ઈ.સ. ૧૯૩૩

સહજ ચિદાનંદ.

(ભાઈ હિંમતભાઈ !)

સંસાર દુઃખમય છે. માટે આત્માને પુરુષાર્થ કરી તેમાંથી તારી લેવાની જરૂર છે. પ્રમાદ કરવો યોગ્ય નથી. જૈનદર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે. તમે પણ પ્રમાદ છોડી, વૈરાગ્ય વધારી વિચારશો તો એમ જ જણાશે. પ્રમાદ કર્તવ્ય નથી.

લિ.

બહેન ચંપાનાં વંદન

ઉપરનો પત્ર વાંચી શ્રી હિંમતભાઈએ પૂછ્યું : 'તને શું સમકિત થયું છે?' તેના ઉત્તરરૂપે લખાયેલા પૂજ્ય બહેનશ્રીના પત્રમાંથી



સહજ ચિદાનંદ.

**પત્રાંક — ૧૫**

વઢવાણ
વિ.સં. ૧૯૮૯, ચૈત્ર
ઈ.સ. ૧૯૩૩

ભાઈ હિંમતભાઈ !

**આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે....**

લિ.
બહેન ચંપાનાં વંદન



## ✻ આજ મંગળ મંદિર દ્વાર ખૂલ્યાં ✻

આજ મંગળ મંદિર દ્વાર ખૂલ્યાં, મંગળ દ્વાર ખૂલ્યાં રે;
સ્વાનુભૂતિના સ્વાદ આજ ચાખ્યા, મંગળ દ્વાર ખૂલ્યાં રે.

હીરા-મોતી-રત્નથી વધાવું ભગવતી માત,
પરમ સુભાગ્યે પધારિયાં, આજ આનંદ અતિ ઊભરાય રે.
....મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૧)

ઓગણીસ વર્ષે ઉલ્લસી, આત્મલગન દિનરાત,
વાત ગમે નહિ વિશ્વની, પ્રભુ પામ્યે જ હોય નિરાંત રે,
....મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૨)

ભાળ્યા નિજ ભગવાનને, ચેતનઘન અવિકાર,
આનંદસાગર ઊછળ્યા, અહો ભવભ્રમણ નિસ્તાર રે
....મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૩)

જ્ઞાયકબાગ મહીં રમો, કરો ચિદામૃતપાન,
અપ્રતિહત સાધકદશા, ઝટ બોલાવે કેવળજ્ઞાન રે
....મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૪)

મતિ-શ્રુત ઉદધિ ઊછળ્યા, તુજ હૃદયે જગમાત,
સીમંધર-કુંદકુંદની તમે લાવ્યાં અલૌકિક વાત રે
....મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૫)

શીઘ્ર શીઘ્ર અવિકલ્પતા, ધ્રુવ ધામે ધરી નેહ,
સવિકલ્પે સંભારતાં—આ ભરત છે કે વિદેહ રે
....મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૬)

અનુભવભીની સ્પષ્ટ છે તલસ્પર્શી તુજ વાણ,
'વચનામૃત'ના પાનમાં ડોલ્યું આખુંય હિન્દુસ્તાન રે
....મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૭)

અમૃતમીઠી છાંયડી, તારી અતિ સુખકાર,
ધર્મરત્ન ગુણમૂર્તિ છો, ઉપશમરસ-અવતાર રે
....મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૮)

ઝાઝું શું કહું મા તને, દ્યો દાનેશ્વરી દાન,
શિવપુર સાથે રાખજો—એ પૂરો અંતર અરમાન રે
....મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૯)

*



**પત્રાંક — ૧૫-અ**

સુરત, તા. ૨૧-૪-૧૯૩૩
(સં. ૧૯૮૯, ચૈત્ર વદ ૧૨, શુક્રવાર)

બહેન ચંપા,

કાગળ વાંચીને હું તો દિંગ જ થઈ ગયો છું. કોઈને કોઈ જાગ્યા જ કરે છે એમ જાણીને હર્ષ થાય છે. પાંચમાં આરાના અંત સુધી શાસન જીવતું છે. કહે છે કે આ કાળમાં સંત મળવા દુર્લભ છે. હું તો સંતને મળવા-શોધવા-ન ગયો, તો સંત મારે ત્યાં પધાર્યા હોય એમ લાગે છે ! આટલી દુર્લભતાઓ મળી છતાં જો કાંઈ ન થાય તો કોનો વાંક ?

મારી શંકાઓ શું શું છે, હું ક્યાં અટકું છું, મારો સ્વભાવ, મારી નિર્બળતાઓ-બધું તારી જાણ બહાર નથી. "નિશાની કહા બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ"-એવા જવાબ કરતાં ઘણી વધારે આશા હું રાખું છું. કાગળમાં વધારે લખવાની ઈચ્છા થતી નથી.

બની શકે તો કાગળ લખજે. લાંબો નહિ તો છેવટે ટૂંકો લખી નાખે તો સારું.

લિ.
હિંમતભાઈ



## પત્રાંક — ૧૬

(વિ.સં. ૧૯૮૯)
ઈ.સ. ૧૯૩૩

પૂજ્ય ભાભીશ્રી,

ચિ. સુરેશનો દેહ છૂટી જવાથી ખેદ થયા વિના રહે નહિ એ સ્વાભાવિક છે; કેમ કે જેને નાનપણથી ઉછેરીને મોટો કર્યો તેનો અકસ્માત દેહ છૂટી જાય તેથી ઘણું જ લાગી આવે. પરંતુ શું કરીએ? આયુષ્યની દોરી આગળ કોઈનો ઉપાય નથી. તે આત્મા બિચારો મનુષ્યદેહ પામી, સઘળી સગવડતા પામ્યો, પરંતુ આયુષ્ય ટૂંકું હોવાથી મનુષ્યદેહનું સાફલ્ય કર્યા વિના ચાલ્યો ગયો. આપણે પણ એક વાર આ છોડીને ચાલ્યા જવું પડશે. સંસારમાં કોઈ કોઈનું નથી. સંસારમાં કોઈ કોઈની માતા કે પુત્ર થઈ શકતું નથી; માત્ર ભ્રાન્તિથી સર્વ કલ્પાયું છે. જગતમાં સર્વ જ્ઞાનપિંડ આત્મા જ રહેલા છે. તેને પુત્ર કે માતા કાંઈ પણ ક્યાંથી હોય? જીવ એવા ખોટા રાગદ્વેષ કરી, મારાપણું માની, સંસારમાં રખડ્યો છે. જે વસ્તુ ગઈ તે પાછી આવવાની નથી, માત્ર જીવ આર્તધ્યાન કરી તથા કર્મ બાંધી અપરાધી થશે. એ વસ્તુને થોડા દિવસ પછી વીસરવી તો છે. માટે

આર્તધ્યાન ઓછું કરી આત્માને વૈરાગ્ય તરફ વાળવો એ જ શ્રેયસ્કર છે. આ સંસાર એકાન્ત દુઃખે કરીને બળે છે; તેમાં જે સત્ય સુખનો માર્ગ તે શોધવો જ આત્માને કલ્યાણકારી છે.

હવે તો આ સંસારનાં ભ્રાન્તિરૂપ સુખમાંથી નીકળી સત્ય સુખ શોધ્યા વિના, પુરુષાર્થ કર્યા વિના, સતત પુરુષાર્થ કર્યા વિના, આ જીવને કોઈ પણ કાળે આ પર્યટનનો કિનારો આવવાનો નથી, આ દુઃખનો કિનારો આવવાનો નથી. આ જીવ જ્યાં જન્મ્યો, જે દેહ ધારણ કર્યો, ત્યાં ત્યાં અભિમાનથી વર્તી મારાપણું માની, અનાદિકાળથી રખડ્યો છે; ને હજુ પણ તે પરિભ્રમણનો કિનારો આવ્યો નથી. અહા ! જીવને અનંત દુઃખ પડ્યાં છતાં, તેણે નરકના અનંત દુઃખ સહ્યાં છતાં, તે કાં જાગતો નથી ? વૈરાગ્ય પ્રત્યે પગ મૂકી કાં ચાલ્યો જાય છે ? શું હજુ આ જીવને દુઃખમય સંસાર વહાલો લાગે છે ? હવે તો જાગ્યા વિના છૂટકો નથી. તેથી હવે તો આર્તધ્યાનને બદલે વૈરાગ્ય વધારવો આત્માને શ્રેયભૂત છે.

તમારા માતા-પિતાને પણ ધીરજ આપી આર્તધ્યાન ઓછું કરાવશો. શું કરીએ ? આયુષ્ય પાસે કોઈનો ઉપાય નથી. બસ, એ જ.

લિ.
ચંપાનાં વંદન



પત્રાંક — ૧૭

(વિ.સં. ૧૯૮૯)
ઈ.સ. ૧૯૩૩

પૂજ્ય ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. જ્ઞાનગુણ અને આનંદગુણ તે આત્માનો સ્વભાવ છે તો આત્મામાંથી મળે એવું છે, તે બહારથી નહીં મળે. ચૈતન્યદેવના આનંદના એક અંશ આગળ આખા ચૌદ રાજલોકનું સુખ ને આનંદ ધૂળ જેવાં છે, વિષ્ટા જેવાં છે. અરે ચૈતન્ય ! તારું સુખ મૂકીને ક્યાં દોડી રહ્યો છે ? બહારથી શું લેવું છે ? પોતામાં છે તે બહારથી નહિ મળે, ત્રિકાળ નહિ મળે. તેને માટે ગમે તેટલો પરિશ્રમ કરશો, ગમે તેટલો કાળ પરિશ્રમ કરશો, તો પણ નહિ મળે. પોતામાં છે તે બહારથી નહિ મળે.

લિ.
હિતેચ્છુ બહેન



## પત્રાંક — ૧૮

(વિ.સં. ૧૯૮૯)
ઈ.સ. ૧૯૩૩

પરમ ઉપકારી ભાઈશ્રી !

તમારો પત્ર મળ્યો. તમારા જેવા પાત્ર આત્માએ હવે ક્યાં સુધી શંકાઓ કર્યા કરવી છે ? આવો અપૂર્વ યોગ ફરીને ક્યારે પામશો ? જેનું હૃદય ને તમારું હૃદય એક છે તેના પ્રત્યે વિશ્વાસ નહિ રાખો તો પછી કોના પ્રત્યે રાખશો ? તમારે ચડવાનું સ્થાન ક્યું રહ્યું ?-તે વિચારો.

નિશ્ચયથી કહું છું કે સંસારમાં એકાંત દુઃખ છે. તમને ન સમજાતું હોય તોપણ શ્રદ્ધા રાખો. વર્તમાનમાં જ દુઃખી છો. શ્રદ્ધા રાખો, જરૂર શ્રદ્ધા રાખો. જેના પ્રત્યે તમને શ્રદ્ધા છે તેના વાક્ય પ્રત્યે શ્રદ્ધા રાખો. પૂજ્ય મહારાજસાહેબ જેવાનો સમાગમ મળ્યો, હવે તો શ્રદ્ધા કરો. મહારાજસાહેબને પૂછવાથી વસ્તુસ્વરૂપ મળી રહ્યું છે.

જેને જાગવું હોય તે એક વાક્યથી જાગે છે. માટે જાગવું હોય તો જાગજો, ચેતવું હોય તો ચેતજો. એ જ.

લિ.
શુભેચ્છક બહેન



**વિશેષ — ૭**

## પૂજ્ય ગુરુદેવે દશા સંબંધી પૂછાવ્યું હતું તેના ઉત્તરરૂપે પૂજ્ય બહેનશ્રીએ લખી મોકલેલ લખાણમાંથી

(વિ.સં. ૧૯૮૯)
ઈ.સ. ૧૯૩૩

હિંમતભાઈ (આઠેક દિવસ) આવ્યા તે અરસામાં ત્રણ વાર નિર્વિકલ્પરૂપ સ્થિરતા થયેલી. પરિણતિ જ્ઞાયક તરફ રહ્યા કરે છે. અત્યારે કાંઈક વંચાય છે, કાંઈક વિચારાય છે, પણ તે ખૂબ રસ સહિત નહિ.

અંતરમાં જ્ઞાતાધારા-ભેદજ્ઞાનધારા-વર્ત્યા કરે છે, વિભાવોથી વિરક્તિ રહ્યા કરે છે.

જે દશા છે તે બધી જણાવી છે.



## પત્રાંક — ૧૯

સુરત

તા. ૨૮-૭-૧૯૩૩

(વિ.સં. ૧૯૮૯, શ્રાવણ સુદ ૬, શુક્રવાર)

બહેન ચંપા તથા સુશીલા,

તમારા પત્રો મળ્યા.

'કહેવામાં કાંઈ મણા રાખી નથી' એ તદ્દન ખરું છે. હવે કરવાનું જ બાકી રહ્યું છે. તમારા વૈરાગ્યપ્રેરક પત્રોથી હમણાં ભાવ ઠીક રહે છે.

કોઈ પણ બહારની વસ્તુનો આધાર છોડીને, પોતાના પર જ આધાર રાખીને જીવવું, પોતામાંથી જ સુખ શોધવામાં નિરંતર મચ્યા રહેવું, એ તરવારની ધારથી વધારે દોહ્યલું છે; પણ એ દોહ્યલું છતાં કર્યા વિના ક્યાં છૂટકો છે ? કારણ કે દોહ્યલું કદી સોહ્યલું થવાનું તો છે જ નહિ. ત્યારે કેમ કરવું ?

હું આવતા શુક્રવારે તમારા તરફ આવીશ. નવ-દશ દિવસ ત્યાં રહીશ. કાગળ લખશો.

લિ.

હિંમતના પ્રણામ



## પત્રાંક – ૨૦

(વિ.સં. ૧૯૯૧)
ઈ.સ. ૧૯૩૫
સોનગઢ


આત્માર્થી ભાઈ હિંમતભાઈ તથા સુશીલા પ્રત્યે,

તમારી ભાવનાને કારણે, પત્ર લખવાનું લક્ષ આવવાથી, પત્ર લખાય છે.

થોડા દિવસ પહેલાંનો તમારો જે પત્ર હતો તેમાં લખતા હતા કે, પરીક્ષા આવી ગઈ હોવાથી નિવૃત્તિને કારણે, હમણાં મોક્ષમાર્ગ પ્રકાશક વંચાય છે. તો શુદ્ધ સ્વરૂપના લક્ષપૂર્વક સેવાતો શુભયોગ તે લાભ આપે છે. જેમ બને તેમ અશુભયોગ ઓછો કરી શુભયોગમાં, શુદ્ધ સ્વરૂપના લક્ષપૂર્વક, વિશેષપણે પ્રવર્તન થાય તે લાભરૂપ છે, હિતરૂપ છે.

શરીરની પ્રકૃતિ કોઈ વાર શાતાના ઉદયમાં ને કોઈ વાર અશાતાના ઉદયમાં વર્ત્યા કરે છે. તમારી શરીરપ્રકૃતિ નરમ રહે છે તેમ તમારા પત્રથી જાણ્યું હતું; તો જેનો જે સ્વભાવ છે તે પ્રમાણે તે પરિણમ્યા વિના રહેતું નથી. શરીરનો સ્વભાવ જ એવો છે. કિંમત તો એની છે કે એવા શરીરમાંથી જે આત્મસાધના સાધી લેવાય.

લિ. નિમિત્તમાત્ર



## પત્રાંક — ૨૧

(વિ.સં. ૧૯૯૨)
ઈ.સ. ૧૯૩૬
સોનગઢ

સત્પુરુષોની કૃપા ઈચ્છક સુશીલા પ્રત્યે,

ગઈ કાલે સુરતથી લખેલો પત્ર મળ્યો છે.

ગમે તેવા આકરા રોગના ઉદયમાં પણ મુમુક્ષુઓ આત્મહિત ભૂલતા નથી. સમપરિણામ, સ્થિર પરિણામ (સ્થિર પરિણામ એટલે આકુળતાની ઓછપ), સહનશીલતા ને ધીરજ વધારવી તે જ શ્રેયસ્કર છે.

આત્મા બાહ્ય પ્રસંગોથી ભિન્ન છે. મન, વાણી, દેહ, સંકલ્પ-વિકલ્પ સર્વથી આત્મા એક જ્ઞાયકસ્વરૂપે ભિન્ન છે, જુદો છે, તે લક્ષ રાખવાયોગ્ય છે.

લિ.
વીતરાગસ્વરૂપનાં ચરણકમળ ઈચ્છનાર

( ૭૧ )



પત્રાંક – ૨૨

(સોનગઢ, ૧૯૯૩)
ઈ.સ. ૧૯૩૭

પૂજ્ય વડીલ બહેનશ્રી (મોટા બહેન) વગેરે,

તમારો પત્ર મળ્યો. બહેન ચંદુના લગ્ન મહા વદ નોમના છે તે જાણ્યું. તે પ્રસંગે મને તેડાવવા તમારી લાગણી ખેંચાય તે સ્વાભાવિક છે. પરંતુ મારું અંતરંગ એવું થઈ ગયું છે કે મને આ સ્થળ છોડીને બીજે સ્થળે જવાની રુચિ થતી નથી. બીજે ક્યાંય જવું જરા પણ ગમતું નથી. અહીં સત્પુરુષનો સમાગમ છોડી ક્યાંય જવું ગમતું નથી.

વળી એવા ધમાલના પ્રસંગે આવવાની જરા પણ રુચિ થતી નથી. અમને તો એકાંત સ્થાનમાં-નિવૃત્તિમાં જીવન ગાળવું તે જ રુચિકર છે. બીજા જીવોનો બહુ ઝાઝો પરિચય રુચિકર નથી. આવું જીવન છે ત્યાં લગ્નપ્રસંગે મારા જેવાને શું કામ હોય? મને લગ્નપ્રસંગે આવવું જરા પણ ગમતું નથી.

બહેનશ્રી (મોટા બહેન)! મારું જેવું હૃદય છે તેવું ખરેખર જણાવ્યું છે. તેથી આપ મારા હૃદય તરફ દૃષ્ટિ આપીને મને તેવા પ્રસંગે તેડાવવા બહુ અતિ આગ્રહ ન કરો તો સારું એવી મારી

નમ્રભાવે વિનંતી છે. જો કે આપને મારે પ્રત્યે લાગણી ખેંચાય તે સ્વાભાવિક છે, કારણ કે આપે આ દેહને ઊછેર્યો છે. પરંતુ હું તો મારા ભાવ જણાવું છું. લગ્ન પછી શાંતિના ટાઈમે આપણે મળવાનો પ્રસંગ બની આવશે તે પ્રસંગે મળાશે.

ત્યાં સર્વની તબિયત સારી હશે. ચંદુ, કંચન, કાન્તિ, શારદા વગેરે આનંદમાં હશે.

લિ.
બહેન ચંપાનાં નમ્રભાવે વંદન



## પત્રાંક — ૨૩

(વિ.સં. ૧૯૯૩, સોનગઢ)
ઈ.સ. ૧૯૩૭

પૂજ્ય પિતાશ્રીનો તથા સુશીલાનો પત્ર મળ્યો. વાંચી સમાચાર જાણ્યા.

નમ્ર વિનંતીથી જણાવાય છે કે, તમે બીજ-ત્રીજમાં તેડવા આવવાનું લખ્યું તો, એટલું બધું વહેલું આવવાના જરાય ભાવ ઊપડતા નથી. કોઈ તેડવા ન આવે તે ખાતર આ જણાવાય છે.

વધારે સારું તો એ છે કે મોટા બહેન અહીં આવે તો તેમને પૂજ્ય મહારાજ સાહેબનો લાભ પણ મળે અને મળાય પણ ખરું. છતાં મોટા બહેનને, ત્યાં આવવા વિષે જ બહુ ખેંચ રહેતી હશે તો એમના ખેંચાણ ખાતર વધારેમાં વધારે અઠવાડિયું ત્યાં આવીને રહેવું ને મળી જવું તેમ ભાવ છે.

મોટા બહેન વગેરેને યથાયોગ્ય વંદન.

પૂજ્ય ગુરુસાહેબ સુખશાન્તિમાં બિરાજે છે.

નિરંતરપણે સદ્‌ગુરુ અને સત્સંગ જ જોઈએ છે. તે જ ભાવના છે.

એક આત્મા જ જોઈએ છે. તે જ ભાવના છે.

લિ.
બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન
—શ્રી સત્પુરુષોને નમસ્કાર



## પત્રાંક — ૨૪

(સોનગઢ, વિ.સં. ૧૯૯૩)
ઈ.સ. ૧૯૩૭

પૂજ્ય ભાઈ હિંમતભાઈ તથા સુશીલા,

એક આત્માનો (કાન્તિનો) દેહ છૂટી જતાં મારે વાંકાનેર જવાનું થયું હતું.

પૂજ્ય બહેન તથા બનેવીને ઘણો આઘાત થવાથી, તથા ભાઈ વગેરેને પણ બહુ જ લાગી આવ્યું હોય તેવો તેમનો પત્ર આવવાથી, અને તેડાવવા જેવો આશય હોવાથી, ત્યાં જવાની જરૂરિયાત જણાવવાથી ત્યાં વાંકાનેર જવાયું હતું. ત્યાં બે દિવસ રહીને, પૂજ્ય બહેન તથા બનેવીને તેડીને સર્વે અહીં આવ્યાં.

પૂજ્ય બહેન તથા બનેવી અહીં આવ્યાં કે તરત પરમ કૃપાળુની કૃપા વડે, તેમના તરફથી ઘણો આત્મહિત-ઉપદેશ તથા આશ્વાસન મળ્યું હતું. સવારે તથા બપોરે 'શ્રીમદ્' વંચાતું હતું. અદ્ભુત ઉપકાર કરી રહ્યા હતા. તેઓશ્રીનાં પગલાં પણ અહીંયાં આપણે ઘરે થયાં હતાં.

કૃપાળુ સદ્‌ગુરુદેવની કૃપા અદ્ભુત હતી. બધો લાભ ઘણો સારો મળ્યો હતો.

સર્વને અહીં સારી રીતે શાન્તિ થઈ હતી. બધાંને અહીં બહુ જ ગમતું હતું.

ચંદુ, બહેન વગેરે સર્વને આ તરફની-સોનગઢ તરફની-મહત્તા તથા ખેંચાણ સારું થયું હતું.

સર્વ દ્રવ્યો સ્વતંત્ર પરિણમે છે. કુદરત આખી સ્વતંત્ર પરિણમે છે. કોઈ કોઈનો સ્વામી નથી. જીવોએ પરનું સ્વામિત્વ માન્યું છે તે જ તેમનું અજ્ઞાનપણું છે ને તે જ તેમને દુઃખનું મૂળ કારણ છે.

જેનું પર પ્રત્યેથી સ્વામિત્વ-પોતાપણું છૂટ્યું તેનો રાગ પણ છૂટી જાય છે, ક્રમે કરીને પૂર્ણ વીતરાગ થઈ જાય છે.

આવા પ્રસંગોમાં આત્મા તરફ-આત્માની વિશેષ વૃદ્ધિ તરફ-જોડાવું તે યોગ્ય છે. આત્માની સંભાળપૂર્વક રાગનું વિસ્મરણ થાય તે વખાણવા યોગ્ય છે. આવા પ્રસંગોમાં વિશેષ વિશેષ વૈરાગ્ય પામી વિશેષ વિશેષ આત્મહિતની વૃદ્ધિમાં જોડાવું યોગ્ય છે.

વાંકાનેરમાં સર્વના કલ્પાંત જોતાં સાધારણનું કાળજું ફાટે, વૈરાગીનો વૈરાગ ફાટે, જ્ઞાતા પરિણામીનો જ્ઞાતા ફાટે, એવો તે પ્રસંગ હતો.

જે બાહ્ય ને અભ્યંતર પરપદાર્થનો પ્રેમ વિસ્મરણ કરી સર્વાંશે સ્વરૂપમાં લીન થયા તેમને નમસ્કાર છે, વારંવાર નમસ્કાર છે.

લિ.
પરમપુરુષ વીતરાગ આદિ
સત્પુરુષોને નમસ્કાર



પત્રાંક – ૨૫

(વિ.સં. ૧૯૯૩, સોનગઢ)
ઈ.સ. ૧૯૩૭

ભાઈશ્રી હિંમતભાઈને જણાવવાનું કે–

અહીં બપોરે વાંચણીમાં પૂજ્ય સાહેબે સમયસાર વાંચવું શરૂ કર્યું છે. તેથી વાંચીને વિચારાયેલું હશે તો વધારે લાભનું કારણ થશે.

બહેન ચંદુને ત્યાંના તમારા ધાર્મિક વાતાવરણમાં ગમતું હશે.

બહેન (ચંદુ)! અનાદિથી ભ્રાંતિને લઈને સ્થિર એવા સંસારમાં, પ્રેમ કરવાયોગ્ય આત્મા અને સત્સંગ આદિ સાધનો જ છે. વિશેષે પ્રેમ કરવા યોગ્ય હોય તો તે છે. બાહ્યથી સંયોગ બને યા ન બને, પણ અંતરંગથી મુખ્ય રુચિ ત્યાં જ હોય તોપણ લાભરૂપ છે.

પરમ પૂજ્ય સાહેબ સુખશાન્તિમાં બિરાજે છે. એ જ.

—શ્રી સત્પુરુષોને નમસ્કાર



## પત્રાંક — ૨૬

......!

તમારા બધાનો લખેલ પત્ર મળ્યો.

શાન્તિ-સમાધિ રાખી આત્મકલ્યાણમાં જોડાવું તે શ્રેયરૂપ છે.

કોઈ આવે છે, કોઈ જાય છે-એવી ઘટમાળ સંસારમાં ચાલ્યા જ કરે છે. શાન્તિ તે લાભરૂપ છે. આત્મા પોતે એકલો જ છે.

લિ.
બહેન ચંપાનાં વંદન
-શ્રી સત્પુરુષોને નમસ્કાર

ધર્મ ઉપર લક્ષ આપવું. સંસાર બધો દુઃખિયો છે, કોઈ સુખી નથી. માટે આર્તધ્યાન ને રુદ્રધ્યાન નહિ કરતાં, ધર્મધ્યાન કરવા લક્ષ આપવું.

દ : જેઠાલાલ

( ૭૮ )



પત્રાંક – ૨૭

સોનગઢ, વિ.સં. ૧૯૯૩,
(ઈ.સ. ૧૯૩૭)
જેઠ સુદ ૧૧, શનિવાર

પૂજ્ય બહેન તથા બનેવી વગેરે,

....ભવિષ્યનું પોષણ ને શાન્તિ પરપદાર્થને વિષે મનાય છે તે સત્ય નથી. જગત પોતાથી નભે છે, પોતાના પુણ્યથી જ નભે છે, પોતાથી જ શાન્તિ પામે છે. પોતાની વૃત્તિથી દુઃખ છે અને પોતાની વૃત્તિથી જ સુખ છે.

સંસારના પ્રેમી (પ્રેમપાત્ર) પદાર્થને માટે ગમે તેટલી ઝૂરણા થાય છતાં જે થયું છે તે થયું છે. સમજીને શાન્તિ તે હિતરૂપ છે.

જગત ભૂલીને આત્માસ્વરૂપારામી શ્રી સદ્‌ગુરુ, શ્રી વીતરાગને વારંવાર નમસ્કાર. એ જ.

-શ્રી સત્પુરુષોને નમસ્કાર
-બહેન ચંપાનાં વિનયપૂર્વક વંદન



## પત્રાંક — ૨૮

સોનગઢ, વિ.સં. ૧૯૯૩,
આસો સુદ ૯
ઈ.સ. ૧૯૩૭

પૂજ્ય વડીલ બહેન તથા બનેવી વગેરે,

...અહીં પજુસણ ઘણાં સારા થયા હતા. ગામોગામથી ઘણા માણસો પજુસણ ઉપર આવ્યા હતા. સવાર તથા બપોર વ્યાખ્યાનવાણીનો ધોધ અપૂર્વ વરસતો હતો. ત્યાં સર્વ 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચતાં હશો.

જ્ઞાનીઓ કહે છે કે આત્મા અને દેહ જાુદા છે. તે જાુદા જ છે તેથી છેલ્લે સમયે કુદરતી જાુદા પડે છે. માટે પહેલેથી જ આત્માને જાુદો તારવી લેવો, સમજી લેવો. રાગ, દ્વેષ ને મોહની અશુદ્ધતાથી આત્માને જાુદો તારવી લેવો જ (જીવનની) સફળતા છે. તેની જ ભાવના ને ચિંતવન લાભરૂપ છે. તે પ્રાપ્ત થાય તેવાં સાધનોને સેવવાની ભાવના તે હિતરૂપ છે.

મૂંઝવણ તે કર્મબંધનું કારણ છે. આ દેહ પણ પોતાનો નથી તો બીજી વસ્તુ તો પોતાની ક્યાંથી હોય ?

બાહ્ય તથા અભ્યંતર સર્વ ઉપાધિઓથી છૂટી મોટા મહાત્માઓ એકલા જંગલમાં વસે છે, ને સ્વરૂપાનંદમાં મસ્ત રહીને આત્માને ઉજાળે છે. તેમને ધન્ય છે !

પરમ પૂજ્ય કૃપાળુ સાહેબ સુખશાન્તિમાં બિરાજે છે.

લિ. બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન
—શ્રી સત્પુરુષોને નમસ્કાર



## પત્રાંક — ૨૯

બહેન ચંદુ

ગમે તેવા પ્રસંગો વચ્ચે શાન્તિ તે શ્રેયભૂત છે. બીજો કોઈ ઉપાય નથી. આકુળતા ઊલટું નુકશાનનું કારણ થશે. પૂર્વના પોતાના જ પરિણામનું ફળ છે એમ જાણી શાન્તિ રાખવી. ભાવના ભાવવી, આત્મરુચિ વધારવી, તે પોતાની સ્વતંત્રતાની વાત છે. તેને બહારના સંયોગો રોકી શકે તેમ નથી. ખરી રુચિ હશે તો ભવિષ્યે ગમે ત્યારે, ભવિષ્યના ભવે, આત્માર્થીને ઈચ્છિત સંયોગો જરૂર મળી રહેશે. આત્મામાં પડેલાં રુચિનાં બીજડાં ક્યાં જવાના છે ? માટે જેમ બને તેમ આત્મરુચિ વધારવી. ગમે તે સંયોગોમાં શાન્તિ ને ધીરજ રાખવી તે લાભનું કારણ છે.

સંસારની જાળ બહાર નથી પણ અંતરમાં જ છે.

પરમ કૃપાળુ ગુરુસાહેબ સુખશાન્તિમાં બિરાજે છે.

—શ્રી વીતરાગ આદિ સત્પુરુષોને નમસ્કાર



## પત્રાંક — ૩૦

પૂજ્ય વડીલ બહેન, બનેવી તથા બહેન ચંદુ

પરમ ઉપકારી કૃપાળુ ગુરુસાહેબ સુખશાન્તિમાં બિરાજે છે.

અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો બનવા તે તો સંસારની સ્થિતિ જ છે. તેને ફેરવવા આત્માનું સમર્થપણું નથી; પણ આ સંસારસમુદ્રમાંથી આત્માને તારવીને ઊંચો લાવવો તે પોતાની સ્વતંત્રતાની વાત છે.

સગાંસ્નેહીઓપણે જીવોનું ભેગુ મળવું ને છૂટું પડવું તે જડ-ચૈતન્યના સંબંધને લઈને થયા જ કરે છે. જોકે રાગને લઈને વારંવાર સ્મરણ થઈ આવે તે સ્વાભાવિક છે, પરંતુ આ અનાદિ પરિભ્રમણરૂપ સંસારમાં હજારો સગાંસ્નેહીઓના વિયોગ થયા છે, હજારોના રાગ

કુદરતે ભુલાવ્યા છે. પાછો જીવ જ્યાં જન્મે છે ત્યાં પોતાપણું માની બેસે છે. પરંતુ તે સગાંસ્નેહીઓ પણ છૂટ્યાં છે ને પાછા બીજા કર્યાં છે. એવી ઘટમાળ આ સંસારચક્રમાં ચાલ્યા જ કરે છે.

ત્યાં, પરદ્રવ્યમાં શરણ ને વિશ્રામ મનાય છે તે યથાર્થ નથી. પરદ્રવ્યનો સંબંધ તોડવાને માટે, પૂર્ણ વીતરાગ સત્સ્વરૂપ પ્રાપ્ત કરવાને માટે, સત્ કેમ મળે તે તરફની રુચિ જે કરે છે તથા સત્પુરુષનું શરણ જે અંતરંગથી સ્વીકારે છે તે આત્મવિશ્રામને પામે છે.

બનેલા પ્રસંગથી વૃત્તિને જેમ બને તેમ ઉપાડી, તેને આત્મહિતની જિજ્ઞાસાપૂર્વક વાંચન-વિચાર વગેરેમાં જોડવી તે ઈચ્છવા યોગ્ય છે.

ત્યાં સર્વે 'શ્રીમદ્' વાંચો છો તે સારું છે; વાંચવા જેવું છે.

જગતમાં સર્વના કરતાં આત્મકલ્યાણનો તથા સત્પુરુષનો પ્રેમ હોય તે જ લાભને આપે છે.

લિ. બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન
-શ્રી સત્પુરુષોને નમસ્કાર



## પત્રાંક – ૩૧

સોનગઢ, વિ.સં. ૧૯૯૩,
ચૈત્ર સુદ-૧૦ મંગળવાર,
ઈ.સ. ૧૯૩૭

પૂજ્ય બહેન, બનેવી તથા ચંદુ વગેરે !

તમે લખ્યું કે સોનગઢ વારંવાર યાદ આવે છે તથા પૂજ્ય કૃપાળુ સાહેબનાં વ્યાખ્યાન બહુ યાદ આવે છે અને તે પ્રમાણે વર્તીએ છીએ, એમ લખ્યું તે જાણ્યું. તો તે પ્રકારનું વર્તન વિશેષ વિશેષ રાખવા જેવું છે.

જેમ બને તેમ, સત્પુરુષનાં કહેલાં વાક્યો, તેમનાં વ્યાખ્યાન, તે વસતા હોય તે પવિત્ર ધામ, સત્સંગમંડળ, રૂડાં સદ્-વાંચન, રૂડા સદ્-વિચાર, તે સર્વની વાતચીત-એમાં મન સ્થિર થાય તે લાભરૂપ અને કલ્યાણરૂપ છે.

બાકી જે બનવાનું છે તે બન્યા જ કરે છે. બનેલો પ્રસંગ તાજો થાય તેવા આસપાસના પ્રસંગો, વ્યવહારુ લોકોની આવ-જા વગેરે પ્રસંગો, ત્યાં બનવા સંભવ છે. પરંતુ હૃદયમાં વધારે ખેદ રાખવો તે નુકશાનનું કારણ છે અને આત્માને અહિતનું કારણ છે- એમ વિચારી, હવે આવા મોંઘા મનુષ્યજીવનમાં આત્મહિત કેમ થાય તે જ વિચારવા જેવું છે. આયુષ્યસ્થિતિ ક્ષણભંગુર છે. જીવનમાં કાંઈક કર્યું હશે તે જ છેવટે શરણરૂપ છે. સુખ બીજા પદાર્થોમાં- સગાં-સ્નેહીઓ ને પુત્ર-પુત્રીઓમાં નથી, પણ આત્મામાં છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ મનાય છે તે જ દુઃખનું કારણ છે.

ખરું શું છે? સત્ શું છે? હિતરૂપ ને કલ્યાણરૂપ શું છે? -તે સમજવા જેવું છે.

જેને આત્મા સમજાતો નથી, સત્ તત્ત્વ સમજાતું નથી, તેણે જે 'સત્' પામ્યા છે એવા સત્પુરુષોની ભક્તિ હૃદયમાંથી વીસરવા જેવી નથી. તેમના કહ્યા પ્રમાણે વાંચન, વિચાર, વાતચીત પણ તે જ, જેમ બને તેમ રહે તે લાભરૂપ છે.

શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક, આત્માનુશાસન-તે બધાંએ વાંચવા જેવાં છે. અહીંયાં શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક કઈ રીતે વંચાતું હતું તે લક્ષમાં રાખવાથી કાંઈક સમજાશે. શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક સમજાય તો ઘણું સારું છે.

સારા પરિણામ સહિત જપતપરૂપ સારી ક્રિયાથી ઊંચી ગતિ ને અશુભ પરિણામ સહિત અશુભ ક્રિયાથી નીચી ગતિ. મોક્ષસ્વરૂપ આત્માનો મોક્ષમાર્ગ જુદો છે તે વાત ભૂલવા જેવી નથી.

મન-વચન-કાયાની શુભ-અશુભ ક્રિયાથી આત્મા સાક્ષાત્ જુદો છે તે જ્ઞાનીઓની અનુભવસિદ્ધ વાત છે.

સર્વ જીવ આત્મલાભ પામો એમ ભાવના હોવાથી આ બધું લખાયું છે. ત્યાં બધાનું જેમ બને તેમ, યથાશક્તિ ને યથાપ્રકારે આત્મલાભ તરફ જોડાણ થાય તે ભાવના છે.

પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે.

-શ્રી સત્પુરુષને નમસ્કાર
-બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન

## ગુરુદેવ-સ્તુતિ

(ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના અંતરમાંથી વહેલી ભાવભીની ભક્તિ)

વિદેહવાસી કહાનગુરુ ભરતે પધાર્યા રે,
સુવર્ણપુરીમાં નિત્યે ચૈતન્યરસ વરસ્યા રે;
ઉજમબાને દ્વાર અતિ આનંદ છવાયા રે.
આવો પધારો મારા સદ્‌ગુરુદેવા;
શી શી કરું તુજ ચરણોની સેવા.

વિધવિધ રત્નોના થાળ ભરાવું રે,
વિધવિધ ભક્તિથી ગુરુને વધાવું રે.....વિદેહ૦ ૧.

દિવ્ય અચરજકારી ગુરુ અહો! જાગ્યા;
પ્રભાવશાળી સંત અજોડ પધાર્યા.
વાણીની બંસરીથી બ્રહ્માંડ ડોલે રે,
ગુરુ–ગુણગીતો ગગનમાંહી ગાજે રે.....વિદેહ૦ ૨.

શ્રુતાવતારી અહો! ગુરુજી અમારા;
અગણિત જીવોનાં અંતર ઉજાળ્યાં.
સત્ય ધરમના આંબા રૂડા રોપ્યા રે,
સાતિશય ગુણધારી ગુરુ ગુણવંતા રે.....વિદેહ૦ ૩.

કામધેનુ કલ્પવૃક્ષ અહો! ફળિયાં;
ભાવિ તણા ભગવંત મુજ મળિયા.
અનુપમ ધર્મધોરી ગુરુ ભગવંતા રે,
નિશદિન હોજો તુજ ચરણોની સેવા રે.....વિદેહ૦ ૪.

નિશદિન ગુરુજીની વાટ અમે જોતા;
અમ અંતરિયામાં દર્શનની આશા.
સુવર્ણે પધારો પુનઃ કૃપાળુદેવા રે,
અનુભવવાણી ને દર્શન દેવા રે;
ભવભવ હોજો ગુરુચરણોની સેવા રે.....વિદેહ૦ ૫.



## પત્રાંક — ૩૨

(સોનગઢ,
વિ.સં. ૧૯૯૪,
આસો સુદ ૧૦)
ઈ.સ. ૧૯૩૮

ભાઈ શ્રી હિંમતભાઈ,

તમે એકાદ અઠવાડિયું વાંકાનેર જવાનું લખ્યું, તો ભલે, પણ ત્યાંથી એકાદ અઠવાડિયામાં પુરુષાર્થ કરીને તરત અહીં આવવાનું રાખશો; કારણ કે આત્માને હજાું સત્સંગની જરૂર છે. ગયે વખતે વૈશાખ મહિનામાં પણ તમે તરત આવી શકત નહિ, પણ ઓચ્છવને કારણે આવી શક્યા હતા. પાંચ-છ મહિના સુરતમાં રહેવું, બાકીનો ઝાઝો ટાઈમ મોટા ભાઈના (વજુભાઈના) ભાવને કારણે વાંકાનેરમાં રહેવું, એટલે સત્સંગનો ટાઈમ તદ્દન ઓછો રાખવો ! પણ આત્માને હજાુ સત્સંગની જરૂર છે. માટે જરૂર પુરુષાર્થ કરીને આવવાનું રાખશો.

લિ.
બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન



**પત્રાંક – ૩૩**

(સોનગઢ, વિ.સં. ૧૯૯૪,
શ્રાવણ સુદ ૧૦)
ઈ.સ. ૧૯૩૮

પૂજ્ય વડીલશ્રી બહેન વગેરે,

તમો બધા દેશમાં આવો ત્યારે અહીં સોનગઢ પૂજ્ય મહારાજ સાહેબનો લાભ લેવા આવવાનું રાખશો. આવા પંચમકાળમાં આવા સત્પુરુષ દૃષ્ટિએ પડવા પણ દુર્લભ છે, તો પછી એમની વાણી, એમનું અદ્‌ભુત ને અપૂર્વ જ્ઞાન, સત્‌નું સમજવું, દુર્લભ હોય એમાં નવાઈ નથી. કોઈ આત્માર્થી જીવ, જગત પ્રત્યે દૃષ્ટિ નહિ આપતાં એવા સત્પુરુષોનો સત્સંગ કરી આત્મલાભ મેળવે છે.

મહા કિંમતી મનુષ્યજીવનમાં કાંઈક પણ સાર્થકતા થાય તોપણ સારું છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યા થકા પણ આત્મલાભ મેળવી શકાય છે.

લિ.
બહેન ચંપાનાં વંદન



## પત્રાંક — ૩૪

પૂજ્ય વડીલ બહેનની સેવામાં,

.....સત્ તરફનું વલણ, આત્મધર્મનું વલણ, તે તરફનો વિશેષ રંગ રખાય તે લાભરૂપ છે...

લિ. બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન

## પત્રાંક — ૩૫

(સોનગઢ, વિ.સં. ૧૯૯૪, (ઈ.સ. ૧૯૩૮)
શ્રાવણ સુદ ૧૨, રવિવાર)

પૂજ્ય વડીલ બહેન તથા બનેવી,

પરમ પૂજ્ય કૃપાળુ સાહેબ સુખશાન્તિમાં બિરાજે છે.

ત્યાં તમે સર્વે વાંચન, ભક્તિ વગેરે કરતા હશો.

આ વખતે (તમારે) સોનગઢમાં વધારે રહેવાનું થયું તેથી વસ્તુસ્વરૂપના યથાર્થ દાતા એવા પૂજ્ય સાહેબનાં વ્યાખ્યાન વગેરેનો સારો લાભ મળ્યો.

અહીં થયેલ સમયસારજીનો મહોત્સવ, ભક્તિ, પૂજ્ય સાહેબનો અદ્ભુત ઉપદેશ વગેરેનું સ્મરણ કરશો તોપણ લાભનું કારણ થશે.

કંચન તથા શારદા આનંદમાં હશે. 'આત્મસિદ્ધિ' શીખવા જેવી છે, વિચારવા જેવી છે, સમજવા જેવી છે.

લિ. બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન



## પત્રાંક – ૩૬

પૂજ્ય વડીલ બહેન તથા બનેવી,

બહેન ચંદુનો પત્ર મળ્યો હતો.

પરમ પૂજ્ય કૃપાળુ ગુરુસાહેબ સુખશાન્તિમાં બિરાજે છે. ગિરનારની યાત્રા કોઈ અપૂર્વ થઈ હતી. કૃપાળુ સાહેબ રાજકોટથી વિહાર કરી–ગોંડલ, જેતપુર, અમરેલી, લાઠી વગેરે ઘણાં ગામોમાં વિહાર કરી, ઘણાં જીવોને અપૂર્વ લાભ આપી–અત્રે સોનગઢમાં બિરાજી રહ્યા છે, અદ્‌ભુત લાભ આપી રહ્યા છે.

બહેન ચંદ્રમણિનો કાગળ હતો, લખ્યું હતું કે બહેન કંચનને ભક્તિનો રંગ સારો છે. તો તે રંગ ને રુચિ વધારવા જેવાં છે.

મનુષ્યજીવનમાં કરવા જેવું તો ખરું આત્માનું જ છે.

શારદાને પણ તેવા સંસ્કાર પડે તો સારું છે.

અહીં આ શરીરે સારું છે. ત્યાં સર્વેની તબિયત સારી હશે. મગનલાલના શરીરે વા આવ્યો છે, તો અશાતાના ઉદય વખતે શાન્તિ રાખવી.

લિ.

બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન



## પત્રાંક — ૩૭

પૂજ્ય વડીલ બહેન તથા બનેવી વગેરે,

સંસાર અસાર છે. સારભૂત આત્મપદાર્થ છે. સદ્‌ગુરુ અને સત્સંગનાં સાધનો આદરણીય છે.

પરમ પૂજ્ય સાહેબ સુખશાન્તિમાં બિરાજે છે.

કંચન તથા શારદા આનંદમાં હશે, 'આત્મસિદ્ધિ' શીખતાં હશે.

લિ.
બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન



## પત્રાંક — ૩૮

(વિ.સં. ૧૯૯૫, સોનગઢ)
ઈ.સ. ૧૯૩૯

ભાઈશ્રી હિંમતભાઈ,

તમારો પહેલાંનો લખેલો પત્ર મળ્યો હતો તથા સમયસારની નોટ તથા કાગળ વગેરે સર્વ, કાલે સાંજે પહોંચ્યું. સમયસારની નોટ

તરત પરમ કૃપાળુ સાહેબને પહોંચાડી દીધી છે તથા બન્ને કાગળો પણ વાંચવા માટે પહોંચાડ્યા છે. મુ. રામજીભાઈ અહીં હતા તેથી તેમણે પણ ભાષાંતર વાંચ્યું છે. પરમ કૃપાળુ સાહેબે તથા રામજીભાઈએ ભાષાંતર વખાણ્યું છે—એમ સાંભળ્યું છે. સમયસાર વિષે તમે કાગળમાં લખેલ વિસ્તાર તે સર્વ મેળવીને તથા આખી નોટ મેળવીને કૃપાળુ સાહેબ શું કહે છે તે પછી જણાવશું.

પોષ વદ દશમે અહીંથી પરમ કૃપાળુ સાહેબ સાથે સર્વ ભાઈ-બહેનો સંઘ કાઢીને પાલિતાણા જવાનાં છે. બહેનોને પણ સાથે ચાલવાની છૂટ છે. ત્યાંથી આવ્યા પછી કૃપાળુ સાહેબ રાજકોટ તરફ વિહાર કરવાના છે. ચોમાસું અહીં કરશે તેમ અત્યારે જણાય છે.

પરમ પૂજ્ય કૃપાળુ સાહેબનો અભિપ્રાય એમ છે કે—જે પ્રકારે આવડે તે પ્રકારે 'અનંત વ્યક્તિ'નો ખુલાસો, છેવટે કૌંસમાં પણ સ્પષ્ટ થવો જોઈએ. કૃપાળુ સાહેબના પ્રભાવના-ઉદયને તમે જાણો છો કે બીજાને સમજાવવાનો એમને કેટલો ઉદય વર્તે છે!

સંસ્કૃત અઘરા શબ્દો આવે તેનો, છેવટે કૌંસમાં પણ, જે પ્રકારે આવડે તે પ્રકારે ખુલાસો કરવો, ન આવડે તો ના લખવી કે મને આવડતું નથી; સદ્‌ગુરુના ઉદય પ્રમાણે કરવું. કૌંસ વધે તો વધવા દેવા. જેમ થવાનું હશે તેમ થશે.

લિ.
બહેન ચંપાનાં યથાયોગ્ય



## પત્રાંક — ૩૯

(સોનગઢ, વિ.સં. ૧૯૯૫)
ઈ.સ. ૧૯૩૯

ભાઈશ્રી હિંમતભાઈ,

આ સાથે સમયસારની—ભાષાંતરની—નોટ તથા તેમાં ભાઈ અમૃતલાલે લખેલો સુધારવાની સૂચનાવાળો પત્ર છે. તે વાંચી જોશો; તે વાંચીને વિચારપૂર્વક તમને જે ઠીક લાગે તે પ્રમાણે સુધારશો. તે આખો કાગળ પૂજ્ય સાહેબે વાંચેલો નથી. કૃપાળુ સાહેબે થોડું ભાષાંતર જોઈને બીજું ભાષાંતર ભાઈ અમૃતલાલને જોવા સોંપી દીધું હતું. ભાઈ અમૃતલાલના પત્રમાં કેટલુંક પૂજ્ય સાહેબનાં અભિપ્રાય પ્રમાણે લખેલું છે, કેટલુંક ભાઈ અમૃતલાલનું સ્વતંત્ર લખેલું છે.

તમારું ભાષાંતર સારું છે. કૃપાળુ સાહેબે તથા રામજીભાઈએ ભાષાની રચના વગેરે વખાણ્યું હતું; ભાવ પણ સારા છે, કોઈ ઠેકાણે અર્થનો સુધારો પણ સારો કર્યો છે. કૃપાળુ સાહેબ કહેતા હતા કે 'હિંમતભાઈએ જે કર્યું હશે તે વિચારીને કર્યું હશે';—વગેરે કહેતા હતા. પરંતુ કૃપાળુ સાહેબનો અભિપ્રાય આ પ્રમાણે ખાસ રહે છે કે હિન્દી ભાષાંતરમાં સંસ્કૃત ટીકાના શબ્દો જે રહી ગયા હોય તે, તથા હિન્દી ભાષાંતરમાં જે વિરોધવાળો અર્થ હોય તેને યથાર્થ રીતે લખવો. બાકી વગર પ્રયોજને, ભાવ ન ફરતો હોય તો, વાક્યરચના ફેરવવી નહિ, કોઈ લીટીઓ મૂકી દેવી નહિ, તેમ વગર કારણે ઉમેરવી નહીં. સદ્‌ગુરુ કૃપાળુ સાહેબની ઈચ્છા હોય તે પ્રમાણે ભાષાંતર કરવું.

'શિવ-ભૂપ' કરતાં 'સહુ-ભૂપ' અર્થ વધારે સારો લાગે છે. સવૈયા વિષે તમને જેમ ઠીક પડે તેમ કરશો—એમ કૃપાળુ સાહેબે કહ્યું છે.

આ વખતે આ પહેલી નોટ હતી તેથી ખૂબ જોયું છે. આ નોટ સુધારીને આવ્યા પછી તરત હવે છાપવા આપી દેવાશે; હવે સુધારો-વધારો નહિ થાય. હવે પછીથી બીજી નોટ આવે તે સહેજસાજ જોઈને છાપવા આપી દેવી—એમ પૂજ્ય સાહેબ હાલમાં કહેતા હતા. એજ.

—શ્રી વીતરાગને નમસ્કાર



## પત્રાંક — ૪૦

(વિ.સં. ૧૯૯૬, સોનગઢ)

ચિદાનંદ. ઈ.સ. ૧૯૪૦

પૂજ્ય વડીલ બહેન તથા બનેવી,

પરમ પૂજ્ય કૃપાળુ સાહેબ, રાજકોટથી વિહાર કર્યા બાદ ગામોગામ ફરતા, ઘણા જીવોને અપૂર્વ લાભ આપતા, લગભગ અઠવાડિયું થયા સોનગઢ પહોંચી ગયા છે.

અમે પણ સોનગઢ ક્ષેત્રે છીએ. બહેન ચંદુ હાલ કરાંચી છે એમ સાંભળ્યું છે. અહીં આ શરીરની તબિયત સારી છે.

મનુષ્ય જીવનમાં આત્માર્થિતા પ્રગટે તો મનુષ્યજન્મ કંઈક અંશે સફળ ગણાય....



## પત્રાંક – ૪૧

(સોનગઢ, વિ.સં. ૧૯૯૭, (ઈ.સ. ૧૯૪૧)
માગશર સુદ ૧, શનિવાર)

પૂજ્ય વડીલ બહેન તથા બનેવી વગેરે,

શ્રી સમયસારજી શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ સંપૂર્ણ થવાથી કારતકી પૂનમે ઉત્સવપૂર્વક બહાર પડ્યો છે. થોડા પુસ્તકો બંધાયાં છે, બીજા પુસ્તકો બંધાય છે. તમે મોકલેલ પૈસામાંથી વીસ પુસ્તક થશે. એક પુસ્તકની અઢી રૂપિયા કિંમત થઈ છે. તમારે કેટલાં પુસ્તકની જરૂરિયાત છે તે જણાવશો, કારણ કે આવું મહાશાસ્ત્ર ખાસ યોગ્ય જીવોને આપવું. જ્યાં ત્યાં આ પુસ્તક મફત આપવાથી ઊલટું ગેર-ઉપયોગનું કારણ થાય ને ઊલટું અશાતનાનું કારણ થાય. માટે આ પુસ્તક ખાસ યોગ્ય હોય તેને, બહુમાનવાળું હોય તેને, આપવું; જ્યાં ત્યાં મફત આપવાનું નથી. માટે તમારે કેટલાં પુસ્તકોની જરૂરિયાત છે તે જણાવશો, બાકીના પુસ્તકો સ્વાધ્યાયમંદિરમાં મૂકવાનો ખ્યાલ આવે.

સમયસાર પુસ્તક ખૂબ વિચારપૂર્વક, આત્માર્થિતાપૂર્વક ને બહુ ભક્તિભાવપૂર્વક વાંચવા જેવું છે. ગુજરાતી હરિગીતવાળી ગાથા પણ તેમાં આવશે. ત્યાં સર્વેએ વાંચન, વિચાર ને ભક્તિ કરવા યોગ્ય છે.

લિ. બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન



## પત્રાંક — ૪૨

(સોનગઢ,
વિ.સં. ૧૯૯૭)
ઈ.સ. ૧૯૪૧

બહેન ચંદ્રમણિ,

પ્રભાબેન સાથે મોકલેલ પત્ર મળ્યો હતો.

સમયસાર પુસ્તક છપાઈને બહાર પડી ગયાં છે. શ્રી જગજીવનદાસ અહીં સોનગઢ આવ્યા હતા. સમયસાર પુસ્તક અહીંથી ખરીદી ગયા છે. ભાવ ઠીક હતા. બીજી વિશેષ કાંઈ વાતચીત થઈ નથી.

તમારે, ત્યાં સત્સંગ છે એમ ધારી શાન્તિ રાખવી. છૂટવાની ઉતાવળ થતી હોય તો વિચારવું. જગજીવનદાસ અને તે બધા લોકો તને છોડશે કે કેમ ?-કારણ કે બોલે ખરા પણ છૂટવાના ટાઈમે છોડવું મહા મુશ્કેલ છે. સંસારી માણસોને આબરૂ બહુ આડી આવશે. માટે બધું વિચારવા જેવું છે.

શાન્તિ રાખવી, ભાવના ભાવવી; અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોને સમભાવે સહી લેવા; આત્મભાવના વધારવી; જેટલો સત્સંગ મળે છે તેટલા સત્સંગમાં શાન્તિ રાખી આગળ વધવું; કોઈના મહેલ દેખીને પોતાના ઝૂંપડાને બાળી ન મૂકાય.

બહેન વગેરે કરાંચીથી દેશમાં ક્યારે આવવાનાં છે તેની કાંઈ

ખબર નથી. બહેન કંચન લખતી હતી કે 'દેરાસરનો પાયો નખાયો હશે', તે ઉપરથી જણાય છે કે દેશમાં આવવાનો કદાચ વિચાર હોય.

ભાવના ભાવવી. દર્શન કરવાનો યોગ કોઈ વાર બની આવશે; એટલે હૃદયમાં કાંઈક શાન્તિ થશે.

પૂજ્ય કૃપાળુ સાહેબના હસ્તાક્ષરની તથા તેઓશ્રીના ફોટાની છૂટી કોપી અહીં મળે છે. એ જ.

—સર્વજ્ઞ વીતરાગ આદિ સત્પુરુષોને નમસ્કાર



## પત્રાંક — ૪૩

(સોનગઢ, વિ.સં. ૧૯૯૯)
ઈ.સ. ૧૯૪૩

ભાઈ હિંમતભાઈ,

તમારો કાગળ સાંજે મળ્યો; સવારે પૂજ્ય ગુરુદેવ વિહાર કરવાના હતા. તેથી રામજીભાઈ વગેરેને કાંઈ વાત ખાસ કરી શકાણી નથી.

પૂજ્ય ગુરુસાહેબે ફાગણ સુદ પાંચમ ને ગુરુવારે સવારે, પ્રભાવના-ઉદયનો વિકલ્પ આવવાથી, સુવર્ણપુરીથી વિહાર કર્યો છે. હાલ ઉમરાળા ગામમાં બિરાજી રહ્યા છે.

આત્મસિદ્ધિ (ઉપરનાં પ્રવચન) ની પ્રસ્તાવનામાં પરમ ઉપકારી ગુરુસાહેબનું જીવનચરિત્ર નખાય તો સારું—એમ અમારા ભાવ છે. બીજા કોઈને-રામજીભાઈને-પૂછી શકાણું નથી, તોપણ લખીને મોકલો તો તેમાં વાંધો નહિ આવે. પહેલાંનું લખેલું જીવનચરિત્ર અહીં પડ્યું છે. તે આ સાથે મોકલ્યું છે. તેમાં કેટલુંક વજુભાઈનું લીધેલું છે. તે જીવનચરિત્ર બે-ત્રણ વર્ષ પહેલાનું છે. તેથી અધૂરું છે. માટે પહેલેથી અત્યાર સુધીનું જીવનચરિત્ર લખાય એમ કરશો. આ જીવનચરિત્ર મોકલ્યું છે તેમાં તમને ઠીક લાગે તે લેશો.

શ્રી પ્રવચનસારની ટીકા (-અનુવાદ) વિષે પરમ કૃપાળુ ગુરુસાહેબ વારંવાર કહે છે કે ‘શ્રી પ્રવચસારની ટીકા કરે તો હિંમતભાઈ, બીજું કોઈ નહિ’. શ્રી પ્રવચસારની ટીકા કરવા વિષે એક કોઈ પંડિતનો કાગળ આવેલ હતો. પૂજ્ય સાહેબ કહે કે ‘કરે તો હિંમતભાઈ, બીજું કોઈ નહીં’. વળી કેટલાકને પૂજ્ય સાહેબ કહ્યા કરે છે કે ‘પ્રવચનસારનો અનુવાદ થવાનો છે’. કેટલાક એમ સમજી જાય છે કે ‘પ્રવચનસારનો અનુવાદ થઈ રહ્યો છે’, તેથી છાપામાં એમ આવ્યું હતું કે ‘શ્રી પ્રવચનસારનો અનુવાદ થઈ રહ્યો છે’. માટે આ વિષે લક્ષ ઉત્સાહભાવે ખેંચવા જેવું છે.

તમે સુરત આવવા વિષે લખ્યું, પરંતુ હાલ અહીં સોનગઢમાં રહેવા વિચાર છે. પૂજ્ય સાહેબ જ્યાં બિરાજતા હશે ત્યાં કોઈ કોઈ વાર દર્શન કરવા જઈશું ને અહીં રહીશું તેમ વિચાર છે.

લિ.
બહેન ચંપાનાં યથાયોગ્ય



## પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ (સ્વહસ્તાક્ષરે લખી) પૂછેલા

## પાંચ તાત્ત્વિક પ્રશ્નો

ૐ

સહજ ચિદાનંદ

અગુરુ લઘુની વ્યાખ્યા શી રીતે કરી
શકો છો;

જ્ઞાન સવિકલ્પ છે તો અનુભવ વખતે
સવિકલ્પ કઈ રીતે છે તેની ઘટના કઈ રીતે છે?

સર્વજ્ઞની વ્યાખ્યા તમારી ભાષાથી
કેવી રીતે થઈ શકાય છે.

બાલ વેદાંતાદિ કરતાં જૈનનું જુદાપણું
મુખ્ય મુદ્દા સહીત શું માનવામાં છે.

આત્મ આનંદ અને નિર્વિકલ્પતામાં
ભેદ અથવા કાળનું આંતરૂ શું છે,

તે પ્રશ્ન વાંચી તરત જવાબ આવે તે
લખવા,
સર્વજ્ઞ પણ તમારી ભાષાથી કઈ
રીતે કરો છો,
બન્ને એ જુદ જુદ લખવું.

પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવ (કાનજી મહારાજશ્રી
ના પરમ પવિત્ર હસ્તાક્ષરો
શ્રી ગુરુદેવના પૂછેલા સુંદર પ્રશ્નો

## પ્રશમમૂર્તિ બહેનશ્રી ચંપાબેને લખી મોકલેલા

## પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ પૂછેલ

# તાત્ત્વિક પ્રશ્નોના ઉત્તર

આ વિભાગમાં, પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ વિ.સં. ૧૯૯૩માં પૂછેલ પાંચ તાત્ત્વિક પ્રશ્નોના બહેનશ્રી ચંપાબેને લખી મોકલેલા ઉત્તર આપવામાં આવ્યા છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને વિ.સં. ૧૯૮૯(ઈ.સ. ૧૯૩૩)માં સમ્યગ્દર્શન તેમજ આત્માનુભૂતિ પ્રગટ થયા પછી, પરમ પૂજ્ય ગુરુદેવ તત્ત્વજ્ઞાન અને આત્માનુભૂતિ વગેરે સંબંધી મૌખિક પ્રશ્નો કોઈ કોઈ વાર પૂછતા હતા; અને બહેનશ્રી તેમના મૌખિક ઉત્તર આપતા હતા, જે સાંભળી પૂજ્ય ગુરુદેવને પૂરો સંતોષ તેમજ પ્રમોદ થતો હતો. અત્રે પ્રસ્તુત કરવામાં આવેલા આ પાંચ પ્રશ્નો તો પૂજ્ય સદ્ગુરુદેવે ખાસ સ્વહસ્તે લખીને મોકલ્યા હતા અને તેમના ઉત્તર પણ લેખિત માગ્યા હતા. જ્યારે બહુ શાસ્ત્રો વાંચ્યા પણ નહોતા એવી નાની વયમાં પોતાના તત્ત્વવિચાર તથા અનુભવના બળે બહેનશ્રી ચંપાબેને આપેલા તે ઉત્તર

(પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વ-હસ્તાક્ષરમાં લખાયેલા પ્રશ્નો સહિત) મુમુક્ષુજીવોને લાભનું કારણ જાણી અત્રે સંકલિત કરવામાં આવ્યા છે. તે પ્રશ્નો તથા ઉત્તરો વાંચી આત્માર્થી જીવો અવશ્ય લાભાન્વિત થશે.

## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લખી મોકલેલા પાંચ તાત્ત્વિક પ્રશ્નોના

## પ્રશમમૂર્તિ બહેનશ્રી ચંપાબેને લખી મોકલેલા

# ઉત્તર

(પ્રશ્નો વાંચીને તરત જ ગુરુદેવની આજ્ઞા પ્રમાણે
સૌથી પ્રથમ આ પ્રશ્નનો જવાબ લખાયો છે.)

(પૂજ્ય ગુરુદેવે 'આત્મ-આનંદ અને નિર્વિકલ્પતામાં ભેદ અથવા કાળનું આંતરું' વિષે પૂછેલ)

**પ્રશ્ન—૫. આત્મ-આનંદ અને નિર્વિકલ્પતામાં ભેદ અથવા કાળનો આંતરો શો છે ?**

ઉત્તર— નિર્વિકલ્પતા નિર્વિકલ્પસ્વભાવે વેદાય છે અને આત્મ-આનંદ આનંદસ્વભાવે વેદાય છે; માટે બંનેમાં ભેદ છે. આત્મા એકરૂપ અભેદ છે. જે ક્ષણે નિર્વિકલ્પતા પ્રગટે છે તે જ ક્ષણે આત્મ-આનંદ પ્રગટે છે. માટે બંનેમાં કાળનું અંતર નથી; બંને એકરૂપ અભેદ છે માટે.

(પૂજ્ય ગુરુદેવે 'અગુરુલઘુ' વિષે પૂછેલ)

**પ્રશ્ન—૧. અગુરુલઘુની વ્યાખ્યા શી રીતે કરી શકો છો ?**

ઉત્તર— શુદ્ધ પરિણામે પરિણમેલા દ્રવ્યના અગુરુલઘુસ્વભાવ વિષે એમ સમજાય છે કે પોતાના સ્વભાવથી બહાર નહિ જતાં-સ્વરૂપમાં રહીને-દ્રવ્યના અનંત સ્વભાવોમાં, કોઈ સ્વભાવમાં બીજા સ્વભાવ કરતાં (તારતમ્યતારૂપે) તથા એક સ્વભાવના

એક અંશમાં સહજ સ્વભાવે તારતમ્યતારૂપે સહજ પરિણમવાને કારણે કોઈ ગુણની વિશેષતા, કોઈની હીનતા તથા ગુણના કોઈ અંશની હીનતા, કોઈની વિશેષતાપણે દ્રવ્ય પરિણમતું હોવાથી પરિણમન વધી જવાને કારણે ગુણ વધી ગયો દેખાય છે, અંશો વધી ગયા દેખાય છે; પરિણમન ઘટી જવાને કારણે અંશો ઘટી ગયા દેખાય છે. પરિણમનસ્વભાવ કોઈ અદ્‌ભુત છે. ગુણ પર્યાય સર્વ અભેદ છે. હીનાધિકતાએ પરિણમવું તે દ્રવ્યનો સહજ સ્વભાવ છે. વિભાવપરિણામી દ્રવ્યના પરિણમનની હીનાધિકતા પરનિમિત્તને કારણે થાય છે, ઉપાદાનપણે પોતે સ્વતંત્ર પરિણમે છે.

અગુરુલઘુસ્વભાવ ન્યાય-રીતે પૂરો આવતો નથી, સ્પષ્ટપણે આવતો નથી, છતાં જે પ્રકારે યથાશક્તિ આવ્યો તે પ્રકારે લખ્યું છે.

(પૂજ્ય ગુરુદેવે ‘અનુભવ વખતે જ્ઞાનની સવિકલ્પતા’ વિષે પૂછેલ)

પ્રશ્ન—૨. જ્ઞાન સવિકલ્પ છે, તો અનુભવ વખતે સવિકલ્પ કઈ રીતે છે ? તેની ઘટના કઈ રીતે છે ?

ઉત્તર—નિર્વિકલ્પતા વખતે ચૈતન્યદ્રવ્યના ભિન્ન ભિન્ન સ્વભાવોના અદ્‌ભુત-કેલીસ્વરૂપે-તરંગો ઊછળી રહ્યાં છે; તેનું વેદન, તેને જાણવું, તે જ્ઞાનની સવિકલ્પતા છે.

અનુભવ વખતે દ્રવ્યનું જુદા જુદા સ્વભાવે ક્રિયાત્મકપણું

તથા જુદા જુદા પ્રકારે ક્રિયાત્મકપણું, તે પરિણમનનું જ્ઞાનમાં સહજ નિર્વિકલ્પપણે વેદન તે જ્ઞાનની સવિકલ્પતા સમજાય છે. એકરૂપ એકાકાર વેદન છતાં પણ અનેકતાનું વેદન તે જ્ઞાનની સવિકલ્પતા છે; તે અનેકતાનું વેદન જ્ઞાન દ્વારા જણાય છે તે જ્ઞાનનું સવિકલ્પપણું છે. ભેદરૂપ વિશેષ પર્યાયને જાણનાર જ્ઞાન છે. નિશ્ચયથી દ્રવ્યપિંડ અભેદસ્વરૂપે પરિણમે છે છતાં પણ ભેદ-અવસ્થાએ વ્યવહારથી પરિણમે છે.

(પૂજ્ય ગુરુદેવે 'સર્વજ્ઞની વ્યાખ્યા' વિષે પૂછેલ)

**પ્રશ્ન-૩ સર્વજ્ઞની વ્યાખ્યા, તમારી ભાષાથી, કેવી રીતે થઈ શકે છે ?**

ઉત્તર—સ્વપરપ્રકાશક સ્વભાવવાળું જ્ઞાન, પોતાની સંપૂર્ણ તરંગરૂપ પર્યાયમાં સહજ પરિણમીને, સ્વ-સ્વભાવમાં કુદરતી તથા કુદરત પ્રમાણે પરિણમે છે તેનું નામ સર્વજ્ઞતા.

બાહ્યથી પરજ્ઞેયોને જાણવા છતાં અભ્યંતરમાં પોતાની જ જ્ઞાનતરંગરૂપ પર્યાયમાં પરિણમે છે. કુદરતી જ્ઞાતા પોતે કુદરત પ્રમાણે પરિણમે છે. બાહ્ય કુદરત બીજા દ્રવ્યો; અભ્યંતર કુદરત પોતે સંપૂર્ણ પર્યાયમાં પ્રગટ પરિણમે છે, જ્યાં કોઈ અંશ અધૂરો નથી, જ્યાં સ્વલક્ષ પૂર્ણ થઈ ગયું છે. સ્વલક્ષ (સ્વ-ઉપયોગ) પૂર્ણ પરિણમીને જ્ઞાનનું સ્વપર-જ્ઞાયકપણે પૂર્ણ પરિણમવું તેનું નામ સર્વજ્ઞતા.

(પૂજ્ય ગુરુદેવે 'વેદાંત કરતાં જિનનું જુદાપણું' વિષે પૂછેલ)

**પ્રશ્ન—૪ બીજા વેદાંતાદિ કરતાં માન્યતામાં, મુખ્ય મુદ્દા સહિત, જિનનું જુદાપણું શું છે ?**

ઉત્તર—વેદાંત એકલી શુદ્ધતા અને અભેદતાને માન્ય રાખે છે; તેથી અખંડ સ્વભાવોનું ગ્રહણ થતું નથી, વિભાવ-પરિણામીપણું સર્વથા નહિ સ્વીકારતાં સ્વભાવમાં આવવાનો પ્રયત્ન રહેતો નથી.

વેદાંતી એકાંત શુદ્ધતાને માનતા હોવાથી રત્નત્રય-પરિણતિને સ્વીકારતા નથી; અંતરની સાધકદશા તેને પ્રગટ થતી નથી. એકાંત શુદ્ધતા સ્વીકારતા હોવાથી બીજા પડખાંની અશુદ્ધ પરિણતિને સર્વથા સ્વીકારતા નથી.

**વેદાંત અને જૈનનો મુખ્ય ભેદ :—**

વેદાંત એકાંતે અભેદતા તથા શુદ્ધતા માન્ય રાખે છે તે યથાર્થ નથી. જૈન કોઈ અપેક્ષાએ, ભેદ તથા અશુદ્ધતાની માન્યતાની અપેક્ષા સહિત, અભેદ દૃષ્ટિ તથા શુદ્ધ-દ્રવ્યદૃષ્ટિને સ્વીકારે છે. તેમાં શુદ્ધ દૃષ્ટિની મુખ્યતા તે યથાર્થ છે; તેથી યથાર્થ સ્વાનુભૂતિ થાય છે, ચૈતન્યનું અનુપમ સ્વરૂપ પ્રગટ થાય છે.

વેદાંતની માનેલી એકાંત શુદ્ધતા તે યથાર્થ નથી. તેની માનેલી એકાંત અભેદતા તે યથાર્થ નથી. સ્વ અને પર એમ બે દ્રવ્યો હોવા છતાં 'જગતમાં બીજા દ્રવ્યો જ નથી' એમ તેની માન્યતા છે. પર્યાયરૂપ ભેદદૃષ્ટિને તે સ્વીકારતા નથી, અથવા

દ્રવ્યનો પરિણમન સ્વભાવ હોવા છતાં તે સ્વીકારતા નથી.

યથાર્થ જ્ઞાન હોય તો જ ભેદજ્ઞાન અને શુદ્ધ પરિણતિ પ્રગટે છે.

પર્યાયને (વેદાંત) નહીં સ્વીકારતાં દ્રવ્યના અખંડ સ્વભાવનું ગ્રહણ થતું નથી, દ્રવ્ય અને પર્યાય-બંને પડખાંનું ગ્રહણ થતું નથી; તેથી એની માનેલી એકાંત શુદ્ધતા પણ સત્ય ઠરતી નથી.

ચૈતન્યની વેદનપરિણતિની અપેક્ષાએ લઈએ તો, વેદાંત ચૈતન્યની જ્ઞાનરૂપ વેદનપરિણતિમાં દ્વૈતપણું તથા અશુદ્ધતા ઊભી હોવા છતાં તે નહિ સ્વીકારતાં, એકલી શુદ્ધતા તથા અદ્વૈતપણું સ્વીકારે છે.

જૈનમાં અને વેદાંતમાં દ્વૈતપણું-અદ્વૈતપણું અને શુદ્ધતા-અશુદ્ધતા વગેરેમાં મુખ્ય ભેદ પડે છે. વસ્તુસ્થિતિ જેમ છે તેમ છે. યથાર્થ દૃષ્ટિ થયા વગર અનુભૂતિ પણ યથાર્થ થઈ શકતી નથી.

વેદાંત પરદ્રવ્યમાં વ્યાપકપણું માને છે; જૈન પરદ્રવ્યનું જ્ઞાન પોતાનું માને છે પણ પરદ્રવ્યમાં વ્યાપકપણું માનતા નથી. બંને દ્રવ્યદૃષ્ટિએ એક જેવા દેખાય છે એમ કહેવાય, વ્યવહાર-દૃષ્ટિએ જુદા પડે છે. વેદાંત વ્યવહાર-પડખાનો સર્વથા નિષેધ કરે છે તેથી સર્વ પડખાંનો નિષેધ થાય છે, સાધકસ્થિતિ-સાધ્ય, દ્રવ્ય-પર્યાય, જ્ઞાન-જ્ઞેય, નિમિત્ત-નૈમિત્તિક, શુદ્ધતા-અશુદ્ધતા વગેરે સર્વનો નિષેધ થાય છે.

યથાર્થ સાધનામાં શુદ્ધદ્રવ્યદૃષ્ટિની મુખ્યતાપૂર્વક પર્યાયનું જ્ઞાન સાથે રહે છે, અને તેથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે.

જ્ઞાન અતિગંભીર છે; યથાશક્તિ લખાયું છે.

દ્રવ્યે ને ભાવે સંપૂર્ણ સહજ સ્થિતિ જ જોઈએ છે. એ જ ભાવના છે. સહજમાં સહજ પૂર્ણ પરિણમી જાય એ જ ભાવના છે.

વીતરાગ સ્વરૂપને નમસ્કાર.

શ્રી સત્પુરુષોને નમસ્કાર.

પરમ-ઉપકારી જ્ઞાનનિધિ કહાન-ગુરુદેવના ચરણોમાં નમસ્કાર.



## વિશેષ — ૮

બહેનશ્રી ચંપાબેને
પૂજ્ય ગુરુદેવને જણાવેલ

## પોતાની અંતરંગદશા

(લગભગ વિ.સં. ૧૯૯૨)
ઈ.સ. ૧૯૩૬

પરમકૃપાળુ પ્રભુશ્રી,

મારી અંતરંગ-દશા વિષે આપને જણાવવાના ભાવ થવાથી લખાઈ જાય છે, આપ મારી અંતરંગ-દશા જાણો તેમાં આ આત્માને વિશેષ લાભ રહેલો છે તેથી લખાઈ જાય છે.

એક તરફથી જોતાં, વિચારતાં, એમ થાય છે કે, આ અંતરંગદશા બીજા કોઈ જાણે તે મને જરા પણ ગમતું નથી; અને બીજી તરફથી વિચારતાં એમ થાય કે આપ ગુરુદેવ જાણો તેમાં આ આત્માને વિશેષ લાભ રહેલો છે, તેથી લખાઈ જાય છે. આ અંતરંગદશામાં આપનો પ્રતાપ છે, આપનો ઉપકાર છે.

ગુરુદેવ ! જ્ઞાતાધારાની ઉગ્રતા વર્ત્યા કરે છે. વાંચન વગેરે તરફ ઉપયોગ જાય તે પ્રમાણે તે કાર્ય યથાશક્તિ થયા કરે છે, અને જ્ઞાતા તરફનું ધ્યાન અને જ્ઞાતા તરફની ઉગ્રતા રહ્યા કરે એવી પરિણતિ વર્ત્યા કરે છે.

પ્રભુ ! શ્રાવણ વદ અમાસથી આ આત્માની કોઈ સહજ એકધારી દશા પ્રગટ થઈ છે, કોઈ અદ્‌ભુત દશા પ્રગટ થઈ છે. અંતરંગમાં બહુ ઉલ્લાસ આવે છે તથા અંતર આત્માની નિર્વિકલ્પ દશા, આનંદ-દશા, વિશેષ સહજપણાને અને વિશેષતાને પામી છે. તે આપનો પ્રતાપ છે. માત્ર જણાવવા માટે લખ્યું છે. અંતરંગમાં બહુ ઉલ્લાસ આવવાથી લખાઈ જાય છે. ચારિત્રની સાધના હજુ બાકી છે તોપણ લખાઈ જાય છે.

ગુરુદેવથી દૂર રહેવાય છે તેનો ખેદ રહે છે. જો કે જ્ઞાતા પ્રભુ ચૈતન્યમાં ખેદ નથી. જે થાય છે તે જોવાય છે છતાં ઉદયરૂપ ખેદ આવી જાય છે. ઘણા દિવસ થયા કહેવાના ભાવ આવતા હતા. આજે ભાવના વધી જવાથી લખવાના ભાવ થઈ જાય છે.

ગુરુદેવને જણાવવામાં આ આત્માને લાભ રહેલો છે તેથી જણાવાઈ જાય છે.

આ આત્માની દશામાં આપનો પરમ પ્રતાપ છે, પરમ ઉપકાર છે.

અંતરંગદશાને લગતા અને શાસ્ત્રને લગતા આપના પ્રશ્નો આ આત્માને લાભદાયક છે.



વિશેષ — ૯

## પૂજ્ય બહેનશ્રીની અંગત નોંધ

વિ.સં. ૧૯૯૨ (ઈ.સ. ૧૯૩૬)


શ્રી સદ્ગુરુદેવને નમસ્કાર

કેવળજ્ઞાન થયા પછી-આત્મસ્વભાવના પૂર્ણ પરિણમન પછી-કેવળી અધર આકાશમાં ચાલે તેનું કારણ એમ સમજાય છે કે આત્મદ્રવ્યનું પરિણમન કુદરત સાથે પૂર્ણ પરિણમી રહ્યું હોવાથી તેની કૃત્રિમતા છૂટી જાય છે. દ્રવ્ય પોતે સ્વાધારરૂપે પરિણમી રહ્યું હોવાથી તેને બાહ્યથી પણ પરાવલંબન છૂટી જાય છે. સહજ સ્વભાવ જે આકાશદ્રવ્ય સાથેનો નિમિત્તનૈમિત્તિક સંબંધ તે રહી જાય છે. જમીન આશ્રય તે સહજ નથી પણ કૃત્રિમ છે.

## પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો તથા તેમની સાતિશય વાણીનો

# ઉપકાર અને મહિમા

(પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સ્વહસ્તાક્ષરમાં)



### હસ્તાક્ષર-૧

પરમ કૃપાળુ કહાનગુરુદેવ-
નો આ પંચમકાળમાં અહોભાગ્યે
અવતાર છે. જેમના દર્શન અને
અમૃતમય વાણી ભગવાનના
વિરહને ભૂલાવે એવા છે, જેમની
વાણીની અનુપમ ધારા ચૈતન્ય-
ને પલટાવે એવી અદ્ભુત છે,
અહો! એવા પરમ ઉપકારી
કહાન ગુરુદેવનો શું મહિમા
થાય?

પરમ કૃપાળુ ગુરુદેવના
ચરણોમાં પરમ ભક્તિ-
થી નમસ્કાર.

## હસ્તાક્ષર-૨

અપૂર્વ ગુણધારી પૂ. ગુરુદેવના ચરણો-
માં વારંવાર નમસ્કાર: પરમાગમ શાસ્ત્રો
ના પ્રકાશનાર અનુપમ શ્રુતધારી, જેમની
વાણી સુણતાં ચૈતન્ય શ્રુત ખુલે,
એવા ગુરુદેવના શું મહીમા થાય!
જેમણે સમયસાર, પ્રવચનસાર, પંચા-
સ્તિકાય, નીયમસાર, અષ્ટપાહુડ વગેરે
શાસ્ત્રો તથા ધવલ, જયધવલ, મહા-
ધવલ વગેરે શાસ્ત્રોની મહીમા પ્રકા-
શી ~~નાર~~ તે શાસ્ત્રોની સુક્ષ્મતાને પ્રકાશ-
નાર, કેવળજ્ઞાન સ્વભાવની સુક્ષ્મતા-
નુ જ્ઞાન કરાવનાર, જ્ઞાયક દ્રવ્યની
મહીમા પ્રકાશનાર, તેનુ ગહન સ્વરૂપ
બતાવનાર, મુક્તિમાર્ગને બતાવનાર,
એવા કહાન ગુરુદેવના ગુણોનું શું
વર્ણન થાય!
સમયસાર, પ્રવચનસાર વગેરે સર્વ શાસ્ત્રોનું ગહન રહસ્ય પ્રકાશક,
ઉંડા અર્થો ઉકેલનાર; ચૈતન્ય દ્રવ્યના
અનુપમ મહીમાનું ભાન કરાવનાર

સમ્યક્‌માર્ગે દોરનાર, જેમના મુખ
કમળથી અમૃતધારા વરસે છે, જેમના
ચૈતન્યના પ્રદેશે પ્રદેશે શ્રુતજ્ઞાનના
દીપક પ્રકાશી રહ્યા છે, શ્રુતના પદો
પ્રગટી રહ્યા છે, જેઓ શ્રુતરસમાં
તરબોળ છે, એવા જ્ઞાનાવતારી મહિ-
માવંત દિવ્યમૂર્તિ કહાન ગુરુદેવ આ
ભારતમાં અજોડ છે. તે દિવ્યમૂર્તિના
દર્શનથી, જેમની શ્રુતધારાના દર્શન-
થી શ્રવણથી ચૈતન્યમાં સુખાદિ નિધિ
પ્રગટે, એવા ગુરુદેવના ચરણ કમળમાં
હૃદય વારંવાર નમી પડે છે, અંતર
ઉલ્લસી પડે છે.

પરમ કૃપાળુ ગુરુદેવના ચરણ-
કમળમાં વારંવાર પરમ ભક્તિથી
વંદન હો.

## હસ્તાક્ષર-૩

પરમ ઉપકારી, ભરતક્ષેત્રમાં અપૂર્વ કૃપાધારા વરસાવનાર, મંગળમૂર્તિ ગુરુદેવને પરમ ભક્તિભાવે નમસ્કાર.

શ્રી કહાનગુરુદેવના પાવનકારી આહારદાનના પ્રસંગો તેમજ ગુરુદેવના તીર્થયાત્રાનો અવસરો, જિનબિંબ પ્રતિષ્ઠાઓના કલ્યાણક અવસરો વગેરે જીવિત પ્રસંગો તે બધા હૃદયોદરે જાગે છે. તે પ્રસંગો યાદ કરતાં ઉલ્લાસ આવે છે.

શ્રી ગુરુદેવના અંતરમાં પ્રગટેલા ઝળહળતાં શ્રુતજ્ઞાન સૂર્ય દ્વારા અનુપમ રહસ્યો ઝરતી અમૃત વાણી નિરંતર સુણવાનો અપૂર્વયોગ પ્રાપ્ત થયો છે તે મહાભાગ્ય છે.

ગુરુદેવની નિરંતર વાણી તેમના આહારદાન વગેરેના પાવન પ્રસંગો જે પંચમકાળે મળ્યા છે તે અહોભાગ્ય છે.

અનંતકાળના પરિભ્રમણનું દુઃખ અને વિભાવનું દુઃખ સર્વ પરદ્રવ્ય પરભાવોને ભેદભાવોથી ન્યારા શુદ્ધાત્મ તત્વને બતાવનારી ગુરુદેવના વાણીથી સહજે ટળે છે.

શ્રી ગુરુદેવે શુદ્ધાત્મ તત્વને પ્રગટ કરવાનો માર્ગ બતાવ્યો

પંચમકાળમાં અનેક જીવોના દુઃખ ટાળ્યા છે, સુખધામ, આનંદધામ આત્માને પ્રગટ કરવાનો માર્ગ સુગમ કર્યો છે.

પરમ પરમ ઉપકારી ગુરુદેવના ચરણકમળોમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.

## હસ્તાક્ષર-૪

અહો! શ્રી સદ્‌ગુરુદેવ! મારા જેવા પામર
ઉપર આપે અપાર કરુણા વરસાવી છે. આપની
શું સેવા ભક્તિ કરીએ? જે કરીએ તે બધું ઓછું છે.
મન વચન કાયાએ કરી નિરંતર સમાચરણે
આપની ચરણસેવા હોજો એ હૃદયની ઊંડી
ભાવના છે. આ કાળે આ ભરતક્ષેત્રમાં આપે
આપની જાતે ભૂલાયેલો મોક્ષમાર્ગ શોધીને ભવ્યો-
ને તે માર્ગ સમજાવવા અપૂર્વ ઉપકાર કર્યો છે.
અહો! ગહન અને ઊંડું વસ્તુનું સ્વરૂપ સૂક્ષ્મ ને
તીક્ષ્ણ શ્રુત શૈલીથી સમજાવી જ્ઞાનના રહસ્યો
ખોલીને અમારા જેવા પામર ઉપર અનંત
અનંત ઉપકાર કર્યો છે. અહો! પ્રભુ! અમે આપ-
ના ભક્તિ. સેવા સિવાય બીજું શું કરી શકીએ!
આપના ચરણકમળમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર નમસ્કાર.

# કલ્યાણકારી અમૃતવચન

## ઘણાં વર્ષ પહેલાં સ્વાનુભૂતિપરિણત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેને તેમનાં ભાભી સુશીલાબેનને ઉદ્‌બોધિત અમૃતવચન

(પોતાના હસ્તાક્ષરમાં)

### હસ્તાક્ષર-૫

આત્મા ચૈતન્યમુર્તિ જ્ઞાયકરૂપ છે શરીર, વાણી, મન, બાહ્ય પરદ્રવ્ય બધું આત્માથી જુદું છે, શુભાશુભ પરિણામ પણ આત્માથી જુદા છે.

વેદના થાય તે શરીરમાં થાય છે જ્ઞાયક આત્મા વેદનાથી જુદો છે.

પરદ્રવ્ય અને પરભાવોથી જુદો સત્તસ્વરૂપ આત્મા અનંતજ્ઞાન, અનંત આનંદ આદી અનંતગુણોથી ભરપુર અખંડ છે પરમ મહીમાવંત, અનુપમ ગુણવાળા આત્માની ભાવના, મહીમા, પરિણતી તે સુખનું કારણ છે

અનંતકાળથી આ આત્મા અનંતા ભવો કરતો આવ્યો છે જે ભવમાં આત્માની કાંઈ સાફલ્યતા થાય તે જીવન સફળ છે

શ્રી જિનેંદ્રદેવ, શ્રી ગુરુદેવ, શ્રી શાસ્ત્રજી તે સર્વની અપૂર્વ મહીમા અને ચૈતન્યદેવના અપૂર્વ મહીમા તેનું રટણ વગેરે કરવા યોગ્ય છે

અનુપમ આત્માનો અપૂર્વ મુક્તિમાર્ગ બતાવ્યો એવા ગુરુદેવ અને તેમની વાણીનું સંતવન કરવા યોગ્ય છે.

જીવનની સફલ્યતા થાય તેમ કરવા યોગ્ય છે.

હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન દર્શનમય ખરે
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે

(શ્રી સમયસાર)

સુખધામ અનંત સુસંત ચહી
દીનરાત રહે તદ ધ્યાનમહી
પ્રશાંતી અનંત સુધામય જે
પ્રણમું પદ તે વરતે જયતે

(શ્રીમદ્ રાજચંદ્ર)



## પત્રાંક — ૪૪

વાંકાનેર,
વિ.સં. ૧૯૯૧,
ચૈત્ર સુદ-૬
ઈ.સ. ૧૯૩૫

.....!

હે શ્રી વીતરાગ ! હવે તો તમારાં ચરણકમળ સેવવાની બહુ ભાવના થઈ જાય છે.

સ્વરૂપ સિવાય કાર્મણ કોથળીના નિમિત્તે પ્રગટ થતો સમસ્ત શુભાશુભ પરભાવ તે બોજારૂપ ને ઉપાધિરૂપ છે. તેના પ્રત્યે કેટલીક વાર સહજપણે વિશેષ ઉદાસીનતા આવી જાય છે, ને તે પ્રત્યે થાક લાગી-તે પ્રવૃત્તિથી અને તે પરિણતિથી થાક લાગી-ચૈતન્યપ્રભુ તેનાથી વિશેષ ઉદાસીન થઈ સ્વસ્વરૂપમાં સહજપણે વિશેષ સ્થિત થાય છે.

અંતરંગ સ્થિતિ આવી હોવાના કારણે કેટલીક વાર બાહ્ય સંગ-પ્રસંગ પ્રત્યે પણ ઉદાસીનતા આવી જાય છે, અને તે બાહ્ય સંગપ્રસંગ ઉપાધિરૂપ અને બોજારૂપ લાગે છે. તેમાં પણ અપ્રશસ્ત પરિચય વિશેષે કરી અરુચિકર લાગે છે; કારણ કે તેને પોતાની આત્મસ્થિતિ સાથે મેળ નથી.

પ્રશસ્ત પરિચયમાં કેટલાક સંગપ્રસંગો પ્રવૃત્તિરૂપ લાગવાથી તે પણ ઉપાધિરૂપ અને બોજારૂપ લાગે છે. અધૂરાશને લઈને તે પ્રસંગોમાં ઊભું રહેવાય છે, પરંતુ ઉપયોગ ત્યાંથી પાછો વળે છે.

જે કાળે અસંગદશાએ એકાંતવાસમાં મુનિવરો વિચરતા હશે તે કાળને ધન્ય છે.

આ કાળે, આ ક્ષેત્રે આપણાં જન્મ તે કેટલાંક સાધનોની દુર્લભતા બતાવે છે; તોપણ અસીમ ઉપકારી, અપૂર્વવાણી પ્રકાશક, અપૂર્વ એવા કહાનગુરુદેવ આ કાળે મળ્યા છે તે મહાભાગ્ય છે. તેમને કારણે આત્મસાધનાની સુલભતા છે.

જ્યારે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ સ્વરૂપસાધક આત્માઓનો સમાગમ થવારૂપ પરિણમશે ત્યારે તે પ્રાપ્તિ થવારૂપ યોગ બનશે.

જ્યાં પૂર્ણતા નથી ત્યાં દેવ, ગુરુ અને તેમની વાણી તરફનો પ્રશસ્તભાવ આવ્યા વગર રહે નહિ. એ જ.

લિ.

શ્રી પરમ ઉપકારી ગુરુદેવની તથા વીતરાગ
દેવની કલ્પદ્રુમ સરીખી છાયા ઈચ્છનાર

**હે ગુરુદેવ! આપનાથી દૂર રહેવાનો વિરહ સહન થતો નથી.**



## પત્રાંક — ૪૫

સોનગઢ,
વિ.સં. ૧૯૯૨,
(ઈ.સ. ૧૯૩૬)
ચૈત્ર વદ ૧૨, શનિવાર

.....!

જગદુદ્ધારક અદ્ભુત ગુરુદેવને વારંવાર નમસ્કાર.

હમણાં મોક્ષમાર્ગપ્રકાશક વાંચું છું; ઠીક વંચાય છે. બપોરે પૂજ્ય કૃપાળુ ગુરુદેવની વાંચણીમાં પરમાત્મપ્રકાશ પૂરું થઈ ગયું છે. હમણાં બે-ત્રણ દિવસ શ્રીમદ્‌ના પત્રો વંચાશે. ત્યાર પછી રાજકોટનું વ્યાખ્યાન વંચાશે તેમ જણાય છે. ગુરુદેવની તબિયત સારી છે.

મારો ટાઈમ કાલે મુખ્યપણે વાંચન, વિચાર તથા સ્વરૂપસ્થિરતામાં ગયો હતો.

જડ ને ચૈતન્ય બન્ને સ્વભાવપરિણામી દ્રવ્યો સ્વતંત્ર પરિણમ્યા કરે છે.

લિ.
આત્મસ્વરૂપની પૂર્ણતાનો ઈચ્છુક




**પત્રાંક – ૪૬**

સોનગઢ, વિ.સં. ૧૯૯૨
(ઈ.સ. ૧૯૩૬)

.....!

પરમ પરમ ઉપકારી ગુરુદેવને નમસ્કાર.

....જે સર્વ સંયોગોનો સાક્ષી છે તેને આવા સાધારણ પ્રસંગ શા હિસાબમાં છે? તો પણ સાક્ષીપણાની પૂર્ણતા નહિ હોવાથી, અપૂર્ણતા હોવાથી કોઈ કોઈ વાર વિભાવરૂપ રાગદ્વેષની પરિણતિમાં ઉપાધિનો બોજો લાગી આવે છે.

લિ.
- સર્વથા સર્વ પ્રકારે તીવ્રતાએ નિવૃત્ત સ્વરૂપને ઈચ્છનાર
(સર્વથા સર્વ પ્રકારે તીવ્રતાએ સમાધિસ્વરૂપને ઈચ્છનાર)



## પત્રાંક — ૪૭

સોનગઢ, વિ.સં. ૧૯૯૩,
(ઈ.સ. ૧૯૩૭)
કારતક સુદ, મંગળવાર

.....!

જગદુદ્ધારક શ્રી સદ્ગુરુદેવને નમસ્કાર.

પરમ પૂજ્ય ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે. ગુરુદેવની તબિયત સારી છે.

વાંચન, વિચાર તથા સ્વરૂપસ્થિતિ અંતરંગ આત્મવીર્ય ઊપડે છે તે પ્રકારે થયા કરે છે.

સાધકોની દશા જગતથી નિરાળી હોય છે. કોઈ કોઈ વાર સ્વરૂપમાં સહજપણે-નિર્વિકલ્પપણે ઠરી જાય છે; અને વળી બહાર આવે છે ત્યારે પણ ભેદજ્ઞાનની-જ્ઞાતાધારાની-સહજ સમાધિ પરિણમતી હોય છે. સ્વરૂપમાં લીન થાય છે ત્યારે આત્માના અચિંત્ય અનંત ગુણપરિણમનના તરંગોને વેદે છે. એમ થતાં થતાં, સાધકધારા વધતાં વધતાં મુનિપણાની દશા પ્રગટતાં, મુનિપણું આવે છે, અને ક્રમે કરી શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટાવે છે, સ્વપરપ્રકાશક-સ્વભાવવાળું જ્ઞાન પૂર્ણપણે પરિણમે છે, આનંદ આદિ અનંત ગુણ પૂર્ણપણે પરિણમે છે. તે દશાને ધન્ય છે, વારંવાર ધન્ય છે.

સુખ અને આનંદ સ્વરૂપમાં છે, વિભાવ બધો દુઃખરૂપ ને ઉપાધિરૂપ છે.

ગુરુદેવના વ્યાખ્યાનમાં બપોરે સમયસાર-નાટકમાં હજુ બંધ અધિકાર વંચાય છે. ૪૨ પદ સુધી વંચાયું છે. એ જ.

-શ્રી વીતરાગ આદિ સત્પુરુષોને નમસ્કાર



**પત્રાંક — ૪૮**

સોનગઢ,
વિ.સં. ૧૯૯૩,
(ઈ.સ. ૧૯૩૬)
કારતક શુક્રવાર

.....! સૂક્ષ્મ અને તીક્ષ્ણ શ્રુતશૈલીથી, ચારે પડખેથી દિવ્ય અમૃતધોધ વરસાવનાર અદ્ભુત ગુરુદેવનાં ચરણકમળમાં નમસ્કાર હો.

પરમ પૂજ્ય જ્ઞાનનિધિ કૃપાળુ સાહેબ સુખશાંતિમાં બિરાજે છે. તબિયત તદ્દન સારી છે.

પૂજ્ય ગુરુદેવે સમયસાર અદ્ભુત ને અપૂર્વ રીતે સમજાવ્યું છે. એમ થઈ જાય છે કે—વાહ! ગુરુદેવ વાહ! મન-વચન-કાયા આપની ચરણસેવામાં અર્પણ કરીએ તો પણ ઓછું છે એમ આજે ભાવના થઈ જતી હતી. અહા! સમયસારમાં કોઈ અદ્ભુત રહસ્ય ભર્યું છે. પણ જ્ઞાન ક્રમપૂર્વક ને અધૂરું હોવાથી એકસાથે પૂરા ને પ્રગટ ઉપયોગાત્મકપણે બધાં રહસ્યો જાણી શકાતાં નથી. તેથી એવી ભાવના થઈ જાય છે કે હે પ્રભુ! કોઈ એવી શક્તિ કે પરિણમન પ્રગટો કે જેથી સર્વાંશે જ્ઞાનસ્વરૂપ પોતે જ, સહજ જ્ઞાનરૂપે, પ્રગટ ઉપયોગાત્મકરૂપે, પૂર્ણાંશે પરિણમી જાય.

દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્ય પરિપૂર્ણ છે; પર્યાયમાં અધૂરાશ છે.

પુરુષાર્થ દ્વારા-ચૈતન્યનો જે વીર્ય ગુણ છે તે દ્વારા-સાધકપણાની શ્રેણી વધે છે અને સાધ્ય પૂરું થાય છે. પર્યાયની પૂર્ણ નિર્મળતા થાય છે-તે ભેદ અપેક્ષાની વાત છે. અભેદદૃષ્ટિએ અખંડ ગુણના પિંડસ્વરૂપ પોતે જ પરિણમીને પૂરું થાય છે. ભેદ-અભેદ વસ્તુસ્વભાવ અદ્ભુત છે!

પૂર્ણ સહજ સ્થિતિ જ જોઈએ છે.

લિ.
શ્રી ગુરુદેવનો ચરણસેવક



## પત્રાંક — ૪૯

સોનગઢ, વિ.સં. ૧૯૯૩,
પોષ માસ, ગુરુવાર
(ઈ.સ. ૧૯૩૭)

.....!

જીવનાધાર, અજોડ-રત્ન ગુરુદેવના ચરણકમળમાં પરમ-ભક્તિભાવે વારંવાર નમસ્કાર.

પરમ-ઉપકારી કૃપાનિધિ પૂજ્ય ગુરુસાહેબ સુખશાન્તિમાં બિરાજે છે. ગુરુદેવના વ્યાખ્યાનમાં 'અનુભવપ્રકાશ' ગ્રંથ પૂરો થયા પછી 'શ્રીમદ્ રાજચંદ્ર' વંચાશે. ગુરુદેવની તબિયત સારી છે.

વિભાવપરિણતિના પ્રશસ્ત તરફના પ્રવૃત્તિયોગમાં વાંચન, વિચાર વગેરેનું પ્રવર્તન છે, અભ્યંતરમાં-નિવૃત્તિયોગમાં-સર્વ વિભાવથી જુદા એવા નિવૃત્ત સ્વરૂપમાં સહજસ્વરૂપે પરિણતિનું પ્રવર્તન છે.

બાહ્ય સંયોગોની, અસ્થિર પરિણતિમાં અસર અમુક અંશે સ્થિતિ પ્રમાણે થાય છે; જ્ઞાયકની પ્રતીતિરૂપ જુદી જ્ઞાયકપરિણતિમાં અસર નથી, હોવાયોગ્ય નથી. સ્થિરપરિણતિમાં અમુક અંશે સ્વરૂપસમાધિ હોવાયોગ્ય છે, ને તેમ જ છે. એ જ.

લિ.
આત્મસ્વરૂપની પૂર્ણતાનો ઈચ્છુક





## પત્રાંક — ૫૦

......!

....પંચાધ્યાયી વિષે શું કરવું તે જોવાય છે. અનુભવપ્રકાશના આખા પુસ્તકમાં 'અનુભવ જ' હોવાયોગ્ય છે. 'અનુભવ' વાંચતાં, સાંભળતાં પ્રશસ્ત ઉલ્લાસ આવી જવા યોગ્ય છે ને આત્મપરિણતિને લાભ થવા યોગ્ય છે. તે શ્રી ગુરુદેવનો પરમ પ્રતાપ છે. ગુરુદેવની વાણી અદ્‌ભુત, સૂક્ષ્મ ને ઊંડા રહસ્યોથી ભરેલી છે. ગુરુદેવ આ ભરતખંડમાં અદ્વિતીય રત્ન જાગ્યા છે-જેમના દિવ્ય ચૈતન્ય વડે અને જેમની દિવ્ય વાણી વડે આ ભરતક્ષેત્રમાં ઘણા ઘણા જીવોનો ઉદ્ધાર થયો છે. જેમણે, પોતે ઉગ્ર પુરુષાર્થ વડે અપૂર્વ તત્ત્વને સ્વયં જાતે પ્રગટ કરી, હિન્દુસ્તાનના ઊંઘતા જીવોને જાગ્રત કર્યા છે, હિન્દુસ્તાનમાં, છૂપાયેલા આત્મતત્ત્વને પોતે પ્રગટ કરી, અગણિત જીવોનો ઉદ્ધાર કર્યો છે એવા આપણા ગુરુદેવના ચરણકમળમાં વારંવાર ભક્તિથી નમસ્કાર, નમસ્કાર.

આંગણે બિરાજતા આવા આપણા ગુરુદેવની સમીપપણે મન-વચન-કાયાએ કરી ચરણસેવા નિરંતર હો, નિરંતર હો.

ચૈતન્યસ્વરૂપની વૃદ્ધિ કરાવનાર, જીવનની સફળતા કરાવનાર, પરમ ઉપકારી વહાલા ગુરુદેવની તદ્દન સમીપતા હો, હવે તો વિરહ સહન થતો નથી.

મહાભાગ્યે આવા ગુણસમૂહ જ્ઞાનમૂર્તિ, શાંતિદાતા ગુરુદેવ સાંપડ્યા છે. ધન્ય છે આ ક્ષેત્રને, ધન્ય છે આ દેશને !

લિ. દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા ઈચ્છનાર



## પત્રાંક — ૫૧

સોનગઢ, વિ.સં. ૧૯૯૪,
(ઈ.સ. ૧૯૩૮)
પોષ વદ ૧૨, સોમવાર

.....!

અજોડ-રત્ન ગુરુદેવની ચરણસેવા નિરંતર સમીપપણે હોજો- એ ભાવના છે.

પરમ ઉપકારી જ્ઞાનદાતા પૂજ્ય ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે; તબિયત સારી છે.

ગુરુદેવના વ્યાખ્યાનમાં 'અનુભવપ્રકાશ' ગ્રંથ પૂરો થઈ ગયો છે. બે દિવસ થયાં 'શ્રીમદ્ રાજચંદ્ર'-વર્ષ પચીશમું વંચાય છે. ઘણા વિસ્તારપૂર્વક ને સરસ ઢબે વંચાય છે. સાંભળતાં ઉદાસીન થઈ જવાય છે, અભ્યંતર ઠરી જવાય છે. તે શ્રી ગુરુદેવનો પરમ પ્રતાપ છે. ગુરુદેવની દિવ્ય વાણી એવી અદ્‌ભુત ને અપૂર્વ છે કે ઉલ્લાસ આવી જાય છે, પ્રમોદ આવી જાય છે.

બીજું શું લખવું? લખવાનું કાંઈ ખાસ યાદ આવતું નથી. વારંવાર પત્ર લખતાં પ્રવૃત્તિ બહુ લાગે છે.

પ્રશસ્ત કે અપ્રશસ્ત સર્વ પરિણતિ ઉપાધિસ્વરૂપ છે. સર્વના સાક્ષીરૂપ વેદનપરિણતિ તે સમાધિરૂપ છે તથા સ્વરૂપસ્થિરતા તે સમાધિરૂપ છે.

પ્રતીતિરૂપ એવી જ્ઞાતાની જ્ઞાતારૂપ વેદનપરિણતિમાં સ્થિરતાને વધારતો વધારતો સાધક સાધ્યરૂપે પૂરો થાય છે, પર્યાયની પૂર્ણ નિર્મળતા થાય છે. દ્રવ્ય તો અનાદિ-અનંત પરિપૂર્ણ શુદ્ધતાથી ભરપૂર છે. શુદ્ધાત્મામાં સ્વરૂપરમણતા વધતાં વધતાં આત્મ-ઉપયોગ પરલક્ષથી સર્વથા છૂટીને પોતાના કૃતકૃત્ય સ્વરૂપને વ્યક્ત કરે છે, સ્વરૂપમાં આવીને, તેની સાથે એકમેક થઈને, સર્વાંશે જોડાઈ જાય છે.

આવા અદ્‌ભુત સ્વરૂપને પ્રાપ્ત એવા શ્રી વીતરાગદેવને અને તે વીતરાગ સ્વરૂપને વારંવાર નમસ્કાર છે.

લિ.
શ્રી ગુરુદેવનો ચરણસેવક



## પત્રાંક – ૫૨

સોનગઢ,
વિ.સં. ૧૯૯૩,
(ઈ.સ. ૧૯૩૭)
મહા માસ, રવિવાર

......!

અદ્વિતીય કૃપાળુ ગુરુદેવની મન-વચન-કાયાએ કરી નિરંતર સમીપપણે ચરણસેવા હોજો એ ભાવના છે.

પરમ-ઉપકારી શ્રી સદ્‌ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે; તબિયત સારી છે.

સ્વરૂપપરિણતિમાં યથાશક્તિ સ્વરૂપસ્થિતિ થયા કરે છે. પ્રશસ્ત યોગમાં વાંચન-વિચાર યથાશક્તિ, જે પ્રકારે વીર્યપરિણતિ ઊપડે છે તે પ્રકારે, થયા કરે છે. જ્ઞાનપરિણતિમાં કેટલુંક નવું નવું સમજાતું હોય પણ તે બધું પત્રમાં કેમ લખાય? સાધારણ લખવું હોય તો લખાય, પણ લખવા તરફ લક્ષ આવતું નથી.

જ્ઞાનપર્યાય સંપૂર્ણ પ્રગટ થઈને, પુરુષાર્થ દ્વારા એકલી સ્વઆશ્રયરૂપે ને સાવ સહજ પરિણમશે ત્યારે ધન્ય થશે.

જ્ઞાયકની જ્ઞાતારૂપે 'અડોલ' પરિણતિ વધતાં વધતાં સર્વાંશે સૂક્ષ્મ અડોલતા પ્રાપ્ત થશે તે દિવસ ધન્ય થશે.

અહા! ધન્ય છે તે સંપૂર્ણ અડોલ પરિણતિને કે જ્યાં પરની અસર, સૂક્ષ્મ પણ, સર્વપ્રકારે સહજ છૂટી, એકલો સાક્ષીસ્વભાવ, વીતરાગસ્વભાવ, અચિંત્ય ને અદ્ભુત એવું આત્મદ્રવ્ય પોતાના સ્વભાવોને-તરંગોને વેદી રહ્યું છે, તેમાં પરિણમી રહ્યું છે, કોઈ અદ્ભુતતામાં ખેલી રહ્યું છે!

પૂજ્ય ગુરુદેવના વાંચનમાં હજુ પણ 'શ્રીમદ્' જ વંચાય છે. ગુરુદેવના અપૂર્વ ન્યાયો જુદી જાતના હોય છે.

આત્મ-આધાર પૂજ્ય ગુરુદેવની તબિયતમાં હવે તો જરા પણ કાંઈ ન થાય, તદ્દન સારી રહે-એમ ઝંખના છે.

-શ્રી આત્મસ્વરૂપને નમસ્કાર




## પત્રાંક — ૫૩

વાંકાનેર,
વિ.સં. ૧૯૯૩
(ઈ.સ. ૧૯૩૭)

.....!

પરમપૂજ્ય પરમ-ઉપકારી સ્વરૂપદાતા કૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવને મારા અત્યંત અત્યંત ભક્તિભાવે વારંવાર વંદન-નમસ્કાર પહોંચે.

પરમ કૃપાળુ ગુરુરાજ સુખશાન્તિમાં બિરાજતા હશે. તબિયત તદ્દન સારી હશે.

આત્માને ને સંસારને મેળ નથી.

સોનગઢ પ્રત્યે, એ પવિત્ર ભૂમિ પ્રત્યે બહુ મહિમા આવે છે. હવે તો વિરહ સહન થતો નથી. પૂજ્ય ગુરુદેવ વિષેનો વિરહકાળ ઝટ પૂરો થાય એમ ભાવના છે.

લિ.
શ્રી ગુરુદેવનો ચરણસેવક



## પત્રાંક – ૫૪

વાંકાનેર; વિ.સં. ૧૯૯૬
ઈ.સ. ૧૯૪૦

.....!

પરમ કૃપાળુ ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર.

અમે ત્યાંથી-કોઠારિયાથી-લગભગ પાંચ વાગ્યે નીકળ્યાં હતાં. ત્યાંથી રાજકોટ આવીને સાંજની ગાડીમાં અહીં વાંકાનેર સુખશાન્તિથી પહોંચી ગયાં છીએ. પરમ પૂજ્ય કૃપાળુદેવના વ્યાખ્યાનમાં લગભગ હજાર-બારસો જેટલું માણસ થયું હતું. બગીચામાં-લીલી ઝાડીમાં-વ્યાખ્યાન આપ્યું હતું. ઝાડ નીચે ઓટલો હતો, તેની ઉપર પાટ હતી. ત્યાં બેસીને પૂજ્ય ગુરુદેવ વ્યાખ્યાન આપતા હતા. ચારે બાજુ ફરતા માણસો બેઠા હતા. સમવસરણ જેવો દેખાવ લાગતો હતો. શ્રી પદ્મનંદીમાં 'શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને' એવા આશયની ગાથા આવે છે, તે ઉપર વ્યાખ્યાન હતું. 'હું કોણ છું ? ક્યાંથી થયો ?' વગેરે આવ્યું હતું.

રાજકોટમાં નાનાલાલભાઈના 'આનંદકુંજ'માં પૂજ્ય ગુરુદેવ બિરાજતા હતા ત્યારે આનંદમંગળ થઈ રહ્યાં હતાં. પૂજ્ય ગુરુદેવનો વિહાર થતાં 'આનંદકુંજ'નો દેખાવ સૂનકાર લાગતો હતો.

પરમ-ઉપકારી કૃપાળુ સાહેબ આજે ત્રીજે ગામડે પહોંચ્યા હશે. વિશેષ પછી.

—વીતરાગદેવને નમસ્કાર



## પત્રાંક — ૫૫

સોનગઢ, વિ.સં. ૨૦૦૩
(ઈ.સ. ૧૯૪૭)

......!

અપૂર્વ માર્ગ પ્રકાશક કૃપાળુ ગુરુદેવના ચરણકમળમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.

દ્રવ્યજીવન અને ભાવજીવનના આધાર, અપૂર્વ સર્વસ્વ ઉપકારી, પરમ-કૃપાળુ, અદ્‌ભુત ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે. શારીરિક પ્રકૃતિ સારી છે.

હવે તો વિભાવના બધા વિકલ્પોથી છૂટીને વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે! હજારો મુનિઓનાં ટોળાં જે કાળે વિચરતાં હશે તે પ્રસંગને ધન્ય છે! તેવા કાળે મુનિપણું લઈ ઘડીમાં અપ્રમત્ત, ઘડીમાં પ્રમત્ત-એવી દશાને સાધી વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે! અત્યારે પણ જેમ બને તેમ પુરુષાર્થ વધારી નિર્મળ પર્યાયને વિશેષ વિશેષ પ્રગટ કરવી તે જ શ્રેયરૂપ છે.

લિ.
નિરંતર શ્રી દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા ઈચ્છનાર
બહેન ચંપાનાં યથાયોગ્ય....
-શ્રી વીતરાગભાવને નમસ્કાર



વિશેષ — ૧૦



## બહેનશ્રીના હૃદયમાં વસેલો ગુરુમહિમા

ગુરુદેવ પંચમકાળે ભરતક્ષેત્રમાં પધાર્યા તે આપણાં મહાભાગ્ય છે. ગુરુદેવ ભારતના તારણહાર છે. ગુરુદેવે સ્વાનુભૂતિનો પંથ પ્રકાશ્યો છે, મુક્તિમાર્ગ ચારે પડખેથી સ્પષ્ટ કરીને પ્રકાશ્યો છે. ગુરુદેવે ભારતના જીવો પર અપૂર્વ ઉપકાર કર્યો છે; મુક્તિના પંથે વાળ્યા છે.

ગુરુદેવ અનેક ગુણોથી ભરપૂર મહિમાવંત છે. ગુરુદેવના આત્મામાં આશ્ચર્યકારી શ્રુતજ્ઞાનના દીપકો પ્રકાશી રહ્યા છે. ગુરુદેવની વાણી અનેક અતિશયતાથી ભરેલી ચમત્કારી છે, અંતર આત્મામાં અપૂર્વ શ્રુતની પરિણતિ પ્રગટાવનારી છે. ગુરુદેવની આત્મસ્પર્શી સ્વાનુભરસઝરતી વાણી સ્વરૂપ-પરિણતિ પ્રગટાવનાર, ભવસમુદ્રથી તારનારી મહિમાવંત છે.

ગુરુદેવ અનંત ગુણોથી શોભાયમાન દિવ્ય વિભૂતિ છે. દિવ્ય તેમનું જ્ઞાન છે, દિવ્ય તેમની વાણી છે. ગુરુદેવનું આત્મદ્રવ્ય અલૌકિક છે, મહિમાવંત છે.

આ આત્મા ઉપર—આ દાસ પર ગુરુદેવનો અનેકવિધ અનંત અનંત ઉપકાર છે. ગુરુદેવના ગુણોનું, તેમના ઉપકારોનું શું વર્ણન થાય ? તેમના ચરણોમાં વારંવાર પરમભક્તિથી નમસ્કાર.

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.

દ્રવ્ય સકળની સ્વતંત્રતા જગ માંહી ગજાવનહારા,
વીરકથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા,
—ગુરુજી જન્મ તમારો રે,
જગતને આનંદ કરનારો.

સ્વર્ણપુરે ધર્માયતનો સૌ ગુરુગુણકીર્તન ગાતાં,
સ્થળ-સ્થળમાં 'ભગવાન આત્મ'ના ભણકારા સંભળાતા;
—કણ કણ પુરુષારથ પ્રેરે,
ગુરુજી આતમ અજવાળે.

# मंगलकारी 'तेज' दुलारी

(राग : निरखी निरखी मनहर मूरत)

मंगलकारी *'तेज' दुलारी पावन मंगल मंगल है;
मंगल तव चरणोंसे मंडित अवनी आज सुमंगल है,...मंगलकारी०

श्रावण दूज सुमंगल उत्तम, ×वीरपुरी अति मंगल है,
मंगल मातपिता, कुल मंगल, मंगल धाम रु आंगन है;
मंगल जन्ममहोत्सवका यह अवसर अनुपम मंगल है,...मंगलकारी०

मंगल शिशुलीला अति उज्ज्वल, मीठे बोल सुमंगल हैं,
शिशुवयका वैराग्य सुमंगल, आतम-मंथन मंगल है;
आतमलक्ष लगाकर पाया अनुभव श्रेष्ठ सुमंगल है,...मंगलकारी०

सागर सम गंभीर मति-श्रुत ज्ञान सुनिर्मल मंगल है,
समवसरणमें कुंदप्रभुका दर्शन मनहर मंगल है;
सीमंधर-गणधर-जिनधुनिका स्मरण मधुरतम मंगल है,...मंगलकारी०

शशि-शीतल मुद्रा अति मंगल, निर्मल नैन सुमंगल हैं,
आसन-गमनादिक कुछ भी हो, शांत सुधीर सुमंगल है;
प्रवचन मंगल, भक्ति सुमंगल, ध्यानदशा अति मंगल है,...मंगलकारी०

दिनदिन वृद्धिमती निज परिणति वचनातीत सुमंगल है,
मंगलमूरति-मंगलपदमें मंगल-अर्थ सुवंदन हैं;
आशिष मंगल याचत बालक, मंगल अनुग्रहदृष्टि रहे,
तव गुणको आदर्श बनाकर हम सब मंगलमाल लहें...मंगलकारी०

* तेजबा = पूज्य बहिनश्री चंपाबेनकी मातुश्री

× वीरपुरी = पूज्य बहिनश्री चंपाबेनका जन्मस्थान वर्धमानपुरी (वढवाण शहेर)


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.